ભૂમિપુત્ર
माता भूमि : पुत्रो अहं पृथिव्या :

Vol. 073 Issue No. 01 Date : 16-09-2025

# અહિંસાની ખોજ વિશેષાંક

## આ અંકમાં


| | | |
|---|---|---|
| વિનોબા | ૦૧ | મનને જાણીએ (૨૦) |
| રજની દવે | ૦૪ | જગત ઝંખે છે અહિંસાની ખોજ |
| જયનારાયણ વ્યાસ | ૦૮ | ઇઝરાયલ-અમેરિકાએ જગતને ત્રીજા વિશ્વયુદ્ધના બારણે લાવી ઊભું કરી દીધું છે |
| પ્રશસ્ત પંડ્યા | ૧૧ | વૉર ઇકોનોમી : લોહીથી ખરડાયેલું અર્થતંત્ર |
| રજની દવે | ૧૨ | જિંદગી અને મૉત : ગાઝા અને યુક્રેનની વાત |
| લતીફ ફારૂક | ૧૪ | અમેરિકા, યુકે અને યુરોપના શાસકો માટે યુદ્ધ, મૃત્યુ અને વિનાશ એ નફો મેળવવાના વ્યવસાયો છે |
| અશોક સ્વેન | ૧૬ | યુદ્ધોમાં માત્ર રાજ્યસત્તાઓ જ નહીં, બહુરાષ્ટ્રીય કોર્પોરેશનો પણ સંડોવાયેલાં હોય છે |
| યજ્ઞેશ દવે | ૧૮ | અમેરિકામાં ગુલામોની વ્યથા કથા |
| વિનોદ ડી. ભટ્ટ | ૨૦ | શસ્ત્રભંડારમાં અણુશસ્ત્રો વધારવાની આંધળી દોડ |
| બ્રહ્મા ચેલાની | ૨૧ | ઇરાન પર અમેરિકા-ઇઝરાયલ હુમલો અને પરમાણુ બોમ્બ |
| સોનલ પરીખ | ૨૨ | યુદ્ધ અને સ્ત્રીઓની સ્થિતિ |
| અશ્વિનકુમાર કારીઆ | ૨૩ | ‘ધર્મ-નિરપેક્ષ’ શબ્દ બંધારણમાંથી દૂર કરી શકાય? |
| આશા વીરેન્દ્ર | ૨૪ | સંબંધોની ગૂંથણી |


યજ્ઞ પ્રકાશન

(આ પેજ મૂળ અંકનો ભાગ નથી.)

YAGNA PRAKASHAN SAMITI

https://www.bhoomiyagna.org

Published on 1st & 16th of Every Month
ભૂદાનમૂલક ગ્રામોદ્યોગપ્રધાન અહિંસક ક્રાંતિનું પાક્ષિક મુખપત્ર

BHOOMIPUTRA
Gujarati Fortnightly

ભૂમિપુત્ર

Price Rs.10, Annual Sub. Rs.200.
Vol.73 Issue No.01 1941 Date : 16-09-2025
Place of Publication : Bhoomiputra Karyalaya, Hujaratpaga, Vadodara - 390 001.
माता भूमि : पुत्रो अहं पृथिव्या :

# મનને જાણીએ (૨૦)

❍ વિનોબા ❍

(ગતાંકનું ચાલુ....)

## મન-પ્રાણ અને સ્વપ્નમાં મનની પરીક્ષા

માણસમાં રહેલા મનોવિકારોને અનુસાર તેની બુદ્ધિ બદલાતી – પલટાતી રહેતી હોય છે. અને માણસની માનસિક કલ્પનાઓના રંગ પણ એની બુદ્ધિ પર ચઢતા હોય છે. આ પ્રકારની રંગાયેલી બુદ્ધિ ક્યારે પણ અચૂક નિર્ણય કરવાનું કામ કરી શકતી નથી. જે બુદ્ધિ પર કોઈ પણ પ્રકારની માનસિક કલ્પનાઓનો, વિકારોનો, પસંદગી-નાપસંદગીનો, વૃત્તિઓનો રંગ ચઢતો નથી, જે કેવળ જ્ઞાનનું કાર્ય કરે છે તેવી બુદ્ધિ એ 'પ્રજ્ઞા' છે. પ્રજ્ઞા તટસ્થ હોય છે. એને પોતાનો કોઈ રંગ હોતો નથી. માણસની પ્રજ્ઞાના હાથમાં મન, મનના હાથમાં ઇંદ્રિયો રહે તો તેની જીવનનૌકા પાર પડી જશે. અને આનાથી વિપરીત, ઇંદ્રિયો જો સ્વૈરાચારી વર્તન કરવા લાગશે તો આ નાવડી ડૂબી જશે.

ભગવદ્ગીતા કહે છે કે કામરૂપ મહાઅગ્નિ છે, જે ઇંદ્રિયો, મન અને બુદ્ધિનો આશ્રય લઈને માણસને મોહિત કરે છે. ઇન્દ્રિયો, મન, બુદ્ધિ આ ત્રણ દુર્ગ (ગઢ) છે. કામ (ઇચ્છા)ને ઇંદ્રિયોથી દૂર કરીએ તો તે મનમાં જઈને બેસે છે. મનથી તેને હટાવીએ તો તે બુદ્ધિમાં જઈને બેસે છે. માટે કામવિજયની સાધનાના પ્રારંભે ઇંદ્રિયોનું દમન કરવું જ પડે છે. અન્યથા ઇંદ્રિયોની રાગ-દ્વેષની આંચ મન અને બુદ્ધિને લાગતાં સાધકની પ્રજ્ઞા-હાનિ થયા કરે છે. ગીતા આ સંદર્ભે કહે છે કે ઇંદ્રિયો શ્રેષ્ઠ છે, પણ મન તેનાથી પણ શ્રેષ્ઠ છે, અને બુદ્ધિ મનથી પણ શ્રેષ્ઠ; અને બુદ્ધિથી પણ વધુ શ્રેષ્ઠ પ્રભુ છે. ઇંદ્રિયોને જીતી લઈને ત્યાંથી કામને ખદેડી દેવો – આ એક મોટી વાત છે. પણ મનમાંથી કામનું નીકળી જવું એ બહુ મોટી વાત છે. અને બુદ્ધિમાં પણ એને જરીકે ય સ્થાન ન આપવું એ તો અંતિમ દુર્ગ જીતવા બરાબર છે. આટલું થયા બાદ તો બુદ્ધિથી પર એવા પરમેશ્વરને ઓળખી લીધા બાદ મનુષ્ય કૃતકાર્ય થઈ ગયો.

કામજયની બે પ્રક્રિયાઓ હોઈ શકે. (૧) યોગપ્રક્રિયામાં પ્રથમ તો ઇંદ્રિયોથી શરૂ કરીને ધીરે ધીરે મન-બુદ્ધિ દ્વારા કામને હટાવી દઈને પરમેશ્વરનાં દર્શન કરવાં. (૨) ભક્તિ પ્રક્રિયા – શરૂઆત ઈશ્વરથી કરવી. એ હાથમાં આવતાં બુદ્ધિ, મન, ઇંદ્રિયો વગેરે એક પછી એક માણસના હાથમાં આવતી જશે. બુદ્ધિમાં, મનમાં, ઇંદ્રિયોમાં કામવાસના ભરેલી હોય તેમ છતાં પણ ભક્તિ કરવામાં કોઈ વાંધો નથી આવતો. તુકારામ કહે છે, बसे तरी मनीं नसों । परी वाचे तरी वसो ।

દરેક માણસની અલગ અલગ વાસનાઓ હોય છે, એટલે મન વ્યક્તિગત હોય છે. પરંતુ બુદ્ધિ તો સામૂહિક હોય છે. કોઈ એક વસ્તુ કોઈની બુદ્ધિને ઠીક લાગે છે અને તે બરાબર છે, તો બીજાની બુદ્ધિને પણ યોગ્ય લાગે છે. એટલા માટે માણસે વ્યક્તિગત મનને સ્થાન ન આપવું, અને સમૂહની બુદ્ધિના નિર્ણયને પ્રમાણ માનવું જોઈએ. કોઈ પણ માણસ પોતાના વ્યક્તિગત મનના આગ્રહો છોડીને સામૂહિક બુદ્ધિનો આશ્રય લેશે, ત્યારે એક મનની બીજા મન સાથે અથડામણ નહીં થાય.

મારી દૃષ્ટિએ તો મનુષ્યમાં કેવળ બુદ્ધિ જ હોવી જોઈએ, મનનું ન હોવું જ સારું છે. માણસની બુદ્ધિ જે કહે, મન તેને અનુસરે. બુદ્ધિનું કામ નિર્ણય કરવાનું છે. બુદ્ધિના નિર્ણય પર ચાલનાર સંચાલક મન હોય. એણે બુદ્ધિના ક્ષેત્રમાં સહેજ પણ હસ્તક્ષેપ ન કરવો. જેનું જે કામ છે, એ જ તે કામ કરે. જીભનું કામ ફક્ત એ જ જોવાનું છે કે લાડુ મીઠો છે કે કડવો, તે ખાવાલાયક છે કે અયોગ્ય છે. પણ જીભનું કામ એ નક્કી કરવાનું નથી કે લાડુ કેટલા ખાવા ? આવી બાબતમાં જીભે વ્યર્થમાં પડવું જ ન જોઈએ.

આમ આપણો કાબૂ આપણી બધી ઇંદ્રિયો અને આપણા મન પર હોવો જોઈએ. આનો અર્થ હરગિજ એવો નથી થતો કે આપણે આપણી ઇંદ્રિયો અને મનને દબાવતા રહીએ. પણ આપણે તો ઉચિત દિશામાં ઇંદ્રિયો અને મનને લઈ જવાનાં છે. જો એમને દબાવવાના હેતુથી કામ કરાશે તો મનુષ્યનો વિકાસ થશે નહીં. આ તો નેગેટિવ વાત છે. એટલા માટે બધી ઇંદ્રિયોનો સમુચિત ઉપયોગ

**અહિંસાની ખોજ - વિશેષ સામગ્રી અંક**

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

થતો રહે, ઇંદ્રિયોનું ઉચિત નિયમન થતું રહે, તો એનાથી સાધકોને ઘણો લાભ થશે.

મનની ઇચ્છા મુજબ વર્તીશું તો આપણે ઇંદ્રિયનિગ્રહને સાધી શકીશું – આવી આશા રાખવી ઠગારી છે. માટલામાં નાનકડું અમથું છિદ્ર હશે, તો એમાં પાણી રહેશે નહીં. માટે જ જીવનની નાની નાની વાતોમાં પણ નિયમન આવશ્યક છે. આપણું ખાવું, પીવું, બોલવું-ચાલવું, ઊઠવું-બેસવું, ઊંઘવું વગેરે બધા વિષયોમાં નિયમન જરૂરી છે.

ભાગવત કહે છે – लोकात् लोकं प्रयाति – મૃત્યુ બાદ માણસ એક લોક છોડીને અન્ય લોકમાં પ્રયાણ કરે છે. જ્યારે કોઈ જીવ શરીર ધારણ કરે છે ત્યારે પંચેન્દ્રિયો અને મનને લઈને આવે છે, જ્યારે શરીર છોડે છે ત્યારે એને લઈને જાય છે. અને શરીરમાં રહે છે, ત્યારે એમના આધારે તે વિષય-સેવન કરે છે, ભોગ ભોગવે છે. પ્રયાણ વેળાએ એકલું મન નથી જતું, સાથેસાથે પોતાનાં કર્મ, અને પાંચેય ઇંદ્રિયોને લઈને જાય છે. કોઈ કહેશે કે મનની સાથે ઇંદ્રિયો નહીં જાય. કેમ કે એ તો શરીર સાથે જોડાયેલી હોય છે. એને શરીરની સાથેસાથે બાળવામાં આવે છે. પરંતુ આ બરાબર નથી. મર્યા પછી શરીરની સાથે આંખો તો રહેતી હોય છે. પણ એનામાં દર્શન કરવાની શક્તિ રહેતી નથી. દર્શન કરવાની ઇચ્છા પણ નથી રહેતી. મૃત્યુ બાદ માણસના કાન હોય છે, પરંતુ શ્રવણની ઇચ્છા રહેતી નથી. મનને લીધે વાસના હોય છે અને પ્રાણને લીધે કારણશક્તિ હોય છે. મન સાંભળવા અને જોવાની વાસનાને લઈને જાય છે.

## આ અંકમાં


| | | |
|---|---|---|
| વિનોબા | ૧ | મનને જાણીએ (૨૦) |
| રજની દવે | ૪ | જગત ઝંખે છે અહિંસાની ખોજ |
| જયનારાયણ વ્યાસ | ૮ | ઇઝરાયલ-અમેરિકાએ જગતને ત્રીજા વિશ્વયુદ્ધના બારણે લાવી ઊભું કરી દીધું છે |
| પ્રશસ્ત પંડ્યા | ૧૧ | વૉર ઇકોનોમી : લોહીથી ખરડાયેલું અર્થતંત્ર |
| રજની દવે | ૧૨ | જિંદગી અને મૉત : વાત ગાઝાની અને યુક્રેનની |
| લતીફ ફારૂક | ૧૪ | અમેરિકા યુકે... યુદ્ધ... એ નફો મેળવવાના વ્યવસાયો |
| અશોક સ્વેન | ૧૬ | યુદ્ધોમાં... બહુરાષ્ટ્રીય કોર્પોરેશનો પણ સંડોવાયેલાં હોય છે |
| યજ્ઞેશ દવે | ૧૮ | અમેરિકામાં ગુલામોની વ્યથા કથા |
| વિનોદ ડી. ભટ્ટ | ૨૦ | શસ્ત્રભંડારમાં અણુશસ્ત્રો વધારવાની આંધળી દોડ |
| બ્રહ્મા ચેલાની | ૨૧ | ઈરાન પર અમેરિકા-ઇઝરાયલ હુમલો અને પરમાણુ બોમ્બ |
| સોનલ પરીખ | ૨૨ | યુદ્ધ અને સ્ત્રીઓની સ્થિતિ |
| અશ્વિન કારીઆ | ૨૩ | 'ધર્મ નિરપેક્ષ' શબ્દ બંધારણમાંથી દૂર કરી શકાય ? |
| આશા વીરેન્દ્ર | ૨૪ | સંબંધોની ગૂંથણી |


ગીતાના ભક્તિયોગની મુખ્ય વિધિ એ છે કે ભક્તે ઈશ્વરને તેનું મન-બુદ્ધિ સમર્પિત કરી દેવું. ઈશ્વરને મનબુદ્ધિ અર્પણ કરવાનો અર્થ સતત ઈશ્વર-સ્મરણ કરતા રહેવું, તે છે. પરમેશ્વરને મનોબુદ્ધિ સમર્પણ કરવાં એટલે વિચાર અને ભાવના – આ બંને એમને સોંપી દેવાં અર્થાત્ સમગ્ર જીવન જ સમર્પિત કરી દેવું – જીવનનૌકા ભગવાનને અર્પિત કરી દેવી. મનના બધા જ વિકારો અને બધા વિચારો (બુદ્ધિ) ઈશ્વરને સમર્પિત કરી દેવા. વિકારો બધા ખરાબ જ નથી હોતા, સારા-ખરાબ બંને હોય છે. આ બધા વિકારો ઈશ્વરને સમર્પિત કરવાની વાત છે. એવી રીતે વિચારોને પણ સમર્પિત કરવાના છે. જે કામ જેવું પૂરું થાય કે તરત જ તે ભગવાનને અર્પણ કરી દેવું. એવી રીતે પ્રત્યક્ષ ક્રિયા પણ જેમ-જેમ થવા લાગે તેમ તેમ તે પ્રત્યક્ષ ક્રિયા પણ ભગવાનને અર્પણ કરીને મનની પુષ્ટિ મેળવતા રહેવી જોઈએ. મનમાં પેદા થનારી વાસનાઓ અને કામ-ક્રોધાદિ વિકારો પણ ભગવાનને અર્પણ કરીને તેમાંથી છુટ્ટી મેળવી લેવાની છે. તુકારામ કહે છે, काम-क्रोध आम्हीं वाहिले विठ्ठलीं – મેં મારા કામ-ક્રોધ પ્રભુના ચરણોમાં અર્પણ કરી દીધા છે. અહીં ન તો સંયમાગ્નિમાં બળવાનું છે, ન દાઝવાનું છે. ત્વરિત અર્પણ કરીને છૂટીએ. ન તો કોઈને દબાવવાનું છે, ન કોઈને મારવાનું.

ભગવદ્ ગીતાના આઠમા અધ્યાયમાં ભગવાન કહે છે – તું મારામાં જ તારું મન લગાવી દે અને મારામાં જ બુદ્ધિને લગાવી રાખ. मय्येव मन आधत्स्व, मयि बुद्धिं निवेशय । જો મન એક બાજુ રહે અને બુદ્ધિ બીજી બાજુ રહેશે તો દ્વંદ્વ થશે. માટે ચિત્ત દ્વારા એનું ચિંતન કરવું જોઈએ અને ભાવના દ્વારા તેનું ભાવન કરવું. સામાન્ય રીતે લોકો જે કાર્ય કરતા હોય છે, એને છોડીને કોઈ બીજી વસ્તુ એને એના મનોરંજન માટે કરવી હોય છે. આનો અર્થ એ થયો કે એનાં મન અને બુદ્ધિ એક જગ્યાએ નથી. આપણું તો કર્મક્ષેત્ર અને આનંદક્ષેત્ર એક જ હોવું જોઈએ. આપણું સેવાક્ષેત્ર, પૂજાક્ષેત્ર, વિચારક્ષેત્ર અને પ્રેમક્ષેત્ર – તમામે તમામ એક જ હોય – એટલા માટે મન અને બુદ્ધિને સાથે કરવાનાં છે. આપણે સેવાનું કોઈ પણ ક્ષેત્ર લઈ લઈએ અને એમાં આપણી મન અને બુદ્ધિને પરોવીને પૂર્ણ સેવા કરીએ.

ભગવદ્ગીતા કહે છે કે જે યોગી છે તે પોતાના દેહ-ઇંદ્રિય-મન-બુદ્ધિથી નિર્લિપ્ત થઈને અર્થાત્ આ બધાથી અલગ રહીને એમના દ્વારા આત્મશુદ્ધિ માટે કર્મ કરે છે. તે મુખ્યત્વે શરીર દ્વારા કેટલાંક કર્મ કરે છે જેમ કે શરીરપરિશ્રમ વગેરે. કેટલાંક કર્મ મન દ્વારા કરે છે જેમ કે પ્રેમ-વાત્સલ્ય વગેરે. કેટલાક કેવળ ઇંદ્રિયો દ્વારા – જેમ કે કલા-વ્યવસાયાદિ અને કેટલાક બુદ્ધિ દ્વારા જેમ કે અધ્યયન-ચિંતન વગેરે. મુખ્યત્વે તો યોગી આત્મશુદ્ધિની તરફ ધ્યાન રાખીને આ બધાં કર્મો યથાવશ્યક કરે છે.

આપણે જો પરનિંદા, મિથ્યા ભાષણ ન કરીએ – ન સાંભળીએ, આવા વ્યર્થના વિષયોમાં આપણા મનની શક્તિને ન ખર્ચતા હોઈએ, તો આપણાં મન, બુદ્ધિ અને ઇંદ્રિયો – આ ત્રણેયની શક્તિ વિકસતી રહે છે. અને આપણે આ વિકસિત સાધનોના આધારથી એ પરમાત્માનું દર્શન કરીએ, જે પરમાત્મા આપણામાં છે, બીજા લોકોમાં છે, જેનું



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

સર્વત્ર દર્શન પ્રાપ્ત થાય છે. આ દર્શન સૂક્ષ્મ હોવાથી તે દેખાતું નથી. એના બહારના રૂપને અલગ પાડ્યા વગર આ દર્શન થઈ શકતું નથી. એટલા માટે આપણે આપણા ચિત્તને કેળવવું પડશે કે તે પોતાને બહારના રૂપથી અલગ સમજે. જ્યાં સુધી આપણી અંદર બહારની દુનિયાનું રૂપ, શબ્દ અને વિષયો માટેનું આકર્ષણ રહેશે, ત્યાં સુધી ન તો અંદરથી ધ્યાન લાગી શકે, કે ન તો ભીતર ડૂબકી લગાવી શકાય, અને ન તો અંદરનું રૂપ જોવા મળે; તો પછી આપણે ઊંડાણમાં છુપાયેલ વસ્તુને કેવી રીતે મેળવી શકીશું ? નારિયેળનાં ઉપરનાં છોતરાં કાઢીએ, ત્યારે અંદરની વસ્તુ મળે છે. એવી રીતે માણસના હૃદયની ઉપર પણ જે એક પછી એક પડો રહ્યાં છે, એને પાર કરીને એની ભીતર સુધી પહોંચવાથી જ પરમાત્મદર્શન થઈ શકે છે. જ્યાં સુધી નજર બહાર છે, ત્યાં સુધી તે ભીતર જઈ શકતી નથી. નજરને અંદર સુધી લઈ જવાની આદત પાડવાથી જ તે દર્શન કરી શકે છે.

ઉપનિષદોમાં ઉત્તરોત્તર પાંચ બ્રહ્મની વાત કરી છે. એમાં પહેલા બ્રહ્મ એ અન્ન છે, બીજા બ્રહ્મ એ પ્રાણ (ઇંદ્રિયો) છે, ત્રીજા બ્રહ્મ એ મન છે, ચોથા બ્રહ્મ વિજ્ઞાન અને પાંચમા બ્રહ્મ એ આનંદ છે. સૌથી આખરમાં આનંદ બ્રહ્મ કહ્યું. આનંદ એ તો આપણું નિજરૂપ છે. આપણું સ્વરૂપ જ આનંદ છે. આપણે આનંદથી એકદમ વીંટળાયેલા (પરિવેષ્ટિત) છીએ. આપણી ચારે ય બાજુ, આગળ-પાછળ, ઉપર-નીચે, અંદર અને બહાર બધે જ સર્વત્ર આનંદ જ આનંદ છે. આપણે વધુ ને વધુ ઊંડે સુધી ખોદતા રહેવું જોઈએ. જેમ કે, ''હું આ શરીર નથી, હું તો ઇંદ્રિયરૂપ છું.'' તો એ ખાડો પાંચ ફૂટ સુધી ઊંડો થઈ ગયો. ''હું ઇંદ્રિયરૂપ નથી, પણ મનરૂપ છું.'' તો તે ખોડો દસ ફૂટ સુધી ઊંડો થઈ ગયો. ''હું મનરૂપ નથી, પણ બુદ્ધિરૂપ છું.'' તો આ ખાડો પચાસ ફૂટ ઊંડો થઈ ગયો. ''હું બુદ્ધિરૂપ નહીં, પણ આનંદ સ્વરૂપ આત્મા છું.'' - આ ખાડો એકસો ફૂટ ઊંડો થઈ ગયો. અને હવે તો ઝરણાઓ પણ વહેવા લાગ્યાં. આ જ છે જ્ઞાનની પ્રક્રિયા.

આપણા આધ્યાત્મિક સાહિત્યમાં કર્મયોગ, જ્ઞાનયોગ, ધ્યાનયોગ વગેરે શબ્દો મળે છે. શ્વેતાશ્વતર ઉપનિષદમાં એક નવો શબ્દ મળે છે - મનોધિ-યોગ: । આનો અર્થ એ થાય છે કે મન એક વાત કહેતું હોય, તો બુદ્ધિ બીજી વાત કહેતી હોય. આને પાશ્ચાત્ય માનસશાસ્ત્રમાં 'હાયર એન્ડ લોઅર માઇન્ડ' કહે છે. જો મન અને બુદ્ધિ વચ્ચે ટક્કર થાય તો સામાન્ય રીતે કહેવાય છે કે 'બુદ્ધિનું સાંભળવું જોઈએ, મનનું નહીં.' - આ સૂચના તો સાધક માટે એકદમ પ્રાથમિક સૂચના છે.

આમ, માણસ પાસે ઇંદ્રિય, મન, બુદ્ધિ - આ ત્રણ ઉપકરણો છે. એમાંથી ઇંદ્રિયોને મનમાં સમેટી લઈએ તો મન અને બુદ્ધિ એમ બે ઉપકરણ બચે છે. પરંતુ મન અને બુદ્ધિનો ભેદ જ સાવ મટી જાય એટલે કે મન બુદ્ધિમાં લીન થઈ જાય. બુદ્ધિ જેને સારું માને છે, એ જ મનને પણ સારું લાગવા લાગે, ઇંદ્રિયોને પણ એ જ વસ્તુ પસંદ આવે, તો પછી આનંદ જ આનંદ છે. ગીતા કહે છે, समत्वं योग उच्यते । જ્ઞાનેશ્વર મહારાજ મન અને બુદ્ધિની એકતાને સમત્વ કહે છે.

મનોધિ-યોગ: - નો બીજો અર્થ છે, મન અને બુદ્ધિને ઈશ્વરની સાથે જોડવાં. આ બંને ઈશ્વરમાં લીન થઈ જાય. સારાંશ - (૧) મન અને બુદ્ધિના સંઘર્ષમાં બુદ્ધિને પ્રમાણ માનવું. (૨) આ બંને એક થઈ જાય, એવા પ્રયત્નો કરતા રહેવા. (૩) આ બંનેનો ઈશ્વરમાં યોગ થઈ જાય, આ બંનેને ઈશ્વરમાં લીન કરી દઈએ.

## મન-પ્રાણ

આપણને મન-પ્રાણની શુદ્ધિ અને નિગ્રહ વગર આત્માની અવ્યક્ત અને મહાન શક્તિ પ્રાપ્ત થઈ શકતી નથી. યમ, નિયમ, આસન, પ્રાણાયમ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન, સમાધિ - આ યોગનાં આઠ અંગ છે. અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ પાંચ યમ છે. આને મહાવ્રત પણ કહે છે. આ પાંચ મહાવ્રતોનું નિરપવાદ પાલન કરવાથી મનશુદ્ધિ થાય છે અને આસન-પ્રાણાયાય વગેરેથી પ્રાણશુદ્ધિ થાય છે. ધ્યાન દ્વારા મનનું નિયમન થાય છે. અને પ્રાણાયામ દ્વારા પ્રાણનું નિયમન થાય છે. વીજળી છે, પણ સ્વીચ (બટન) દબાવતાં જ જેમ શક્તિનું ભાન થાય છે, એવી રીતે યમોનું નિરપવાદ પાલન કરવાથી મન દ્વારા આત્માની અવ્યક્ત શક્તિ પ્રકટ થાય છે.

અતિપ્રાચીન કાળથી ભારતવર્ષમાં યોગશાસ્ત્રનું જ્ઞાન હતું. આનો ઉલ્લેખ આપણા વેદ-ઉપનિષદમાં આવે છે. હઠયોગ એ યોગશાસ્ત્રની અર્વાચીન શાખા છે. હઠયોગ અનુસાર પ્રાણનિરોધક દ્વારા મનોનિરોધ કરી શકાય. જે હઠયોગી છે તે કેવળ શરીરશોધન કરવા માટે અથવા તો સિદ્ધિ મેળવવા માટે યોગનો ઉપયોગ કરે છે. જ્યારે પાતંજલ-યોગનો ઉદ્દેશ્ય ચિત્તશોધન દ્વારા આત્મપ્રાપ્તિ કરવાનો છે.

મન અને ઇંદ્રિયોના વ્યાપારની જેમ શ્વસનક્રિયા પર પણ નિયંત્રણ હોય, તે જીવનના સમત્વયુક્ત સંચાલન માટે આવશ્યક છે. પ્રાણાયામ સમાન રહે તો ચિત્તને પણ સમત્વયુક્ત રાખી શકીએ છીએ.

પ્રાણાયામ - પ્રાણ પર અંકુશ રાખવો, પ્રાણને અંદર ખેંચી લેવો.

પ્રત્યાહાર - મનને અંદર ખેંચી લેવું.

બે સંકલ્પોની વચ્ચેના સમયમાં અથવા તો બે શ્વાસોની વચ્ચેના સમયમાં પોતાના શુદ્ધ સ્વરૂપનો અનુભવ થાય છે. બે શ્વાસ વચ્ચેની અનુભૂતિ પ્રાણમાં થાય છે. અને બે સંકલ્પોની વચ્ચે જે અનુભૂતિ થાય છે, તે ચિત્તમાં થાય છે. આમાં ચિત્તની અનુભૂતિ મહત્ત્વપૂર્ણ છે.

પ્રાણ અને મન, ક્રિયા અને ચિંતન બંને અસીમમાં જવાં જોઈએ. મન વ્યાપક બને અને તદનુસાર ક્રિયા પણ વ્યાપક ફેલાવી જોઈએ. આપણે કેવળ આપણા પરિવાર માટે ન જીવતાં, આપણા ગામ માટે જીવીએ તો એટલો આપણો પ્રાણવિકાસ થશે. એવી રીતે આપણાં પ્રાણ અને મન બંનેનો વિકાસ થાય અને એ બંને જ્યાં છે ત્યાંથી વધુ ને વધુ ફેલાતાં રહેશે તો ચોક્કસ જ અસીમમાં પહોંચી જશે. આપણો જેટલો જેટલો અસીમમાં પ્રવેશ થશે, એટલું એટલું મૃત્યુ હટવા લાગશે, દુઃખ મટશે અને વિચ્છેદ પણ કપાશે.

## સ્વપ્નમાં મનની પરીક્ષા

માણસને સપનાં આવતા હોય છે, તે ન આવવાં જોઈએ. પણ

(જુઓ પાન નં. ૧૯)



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# જગત ઝંખે છે અહિંસાની ખોજ



■ **વિનોબાજી કહે છે -**

અહિંસાની ખોજ કરવી એ મારું જીવનકાર્ય રહ્યું છે. મારી આદરેલી પ્રત્યેક કૃતિ, હાથમાં લીધેલાં મારાં સઘળાં કામ આ જ એક પ્રયોગ ખાતર થતાં રહ્યાં છે અને થઈ રહ્યાં છે.

દેહ, સંસ્થા, અને પૈસાથી અલગ રહીને કામ કરવાની મારી વૃત્તિ રહી, આ જ ખોજમાં કે અહિંસાની સામાજિક જીવનમાં પ્રતિષ્ઠા કેવી રીતે સ્થપાય.

૧૧ સપ્ટેમ્બર ૧૮૯૫ના રોજ વિનોબાજીનો જન્મ થયો હતો. સપ્ટેમ્બર માસમાં તેમને યાદ કરીને વિશ્વમાં હિંસા-અહિંસા અંગેની ગતિવિધિ તરફ વિશેષ સ્વરૂપે નજર નાંખીએ. વિશ્વની વર્તમાન સ્થિતિ આપણને અકળાવનારી છે. પૃથ્વીના પટ પર પડેલા માનવરક્તના ડાઘ આપણે ધોવાના છે. આધુનિક યુગનું આ કર્તવ્ય છે.

■ **થોડોક ઇતિહાસ, થોડીક વિગતો**

છેલ્લાં ૫૫૦૦ વર્ષમાં માત્ર ૨૯૨ વર્ષ એવાં હતાં જેમાં વિશ્વમાં શાંતિ રહી હતી. બાકીનાં વર્ષોમાં ૧૫૦૦૦ યુદ્ધો લડાયાં હતાં. તેમાંથી અડધાં તો યુરોપમાં લડાયાં હતાં. ૧૭મી સદીમાં યુરોપના યુદ્ધમાં ૩૩ લાખ લોકો મૃત્યુ પામ્યા હતા. ૧૮મી સદીમાં ૫૪ લાખ અને ૧૯મી સદીમાં ૫૭ લાખ લોકો યુદ્ધમાં મર્યા હતા.

પ્રથમ વિશ્વયુદ્ધમાં, ૪ વર્ષમાં ૩ કરોડ લોકો અને બીજા વિશ્વ-યુદ્ધમાં ૫ કરોડ લોકો મરણ પામ્યા તા. બીજા વિશ્વયુદ્ધ પછીના આંતર-વિગ્રહમાં ૧.૫ કરોડથી વધુ લોકો હોમાયા હતા. વર્ષ ૧૯૧૯થી ૧૯૯૭ સુધીમાં વિશ્વમાં ૫૦૦ ગેરિલા યુદ્ધ થયાં હતાં. Al Jazeera ચેનલના કહેવા પ્રમાણે વિશ્વમાં ૭૫૦ મિલિટરી બેઝ કેમ્પ - અડ્ડા - અમેરિકાના ૮૦ દેશોમાં છે. (૧૦ સપ્ટે.-૨૦૨૧) ૧૫૯ દેશોમાં આશરે ૧ લાખ, ૭૩૦૦૦ ટ્રૂપસ (troops) વસાવેલી છે.

અન્ય દેશોએ પણ વિવિધ દેશોમાં મિલિટરી બેઝ કેમ્પસ સ્થાપેલા છે. વર્ષ ૧૯૪૫થી વર્ષ ૨૦૦૪ સુધીમાં અમેરિકાએ એશિયાની ધરતી પર કરેલી સૈન્ય કારવાઈ દરમ્યાન ઘણા લોકોને મોતને ઘાટ ઉતાર્યા છે.

○ વિયેટનામમાં વર્ષ ૧૯૪૫-૧૯૭૭ સુધીમાં ૩૮ લાખ. ○ કોરિયામાં વર્ષ ૧૯૫૦-૫૩ દરમ્યાન ૩ લાખ. ○ ઇરાનમાં વર્ષ ૧૯૫૩માં ૧૦ હજાર ○ કંબોડિયામાં વર્ષ ૧૯૫૫-૭૩ના ગાળામાં ૧૪ લાખ. ○ લાઓસમાં વર્ષ ૧૯૫૭-૧૯૭૩ સુધીમાં ૩ લાખ ૫૦ હજાર. ○ ઇન્ડોનેશિયામાં વર્ષ ૧૯૬૫, ૧૦ લાખ લોકો મર્યા હતા. તેમ પણ મનાય છે કે ૨૦ થી ૩૦ લાખ પણ મર્યા હોય. (સંદર્ભ Indonesia's Killing Fields) ○ અફઘાનિસ્તાનમાં વર્ષ ૨૦૦૧ થી ૨૦૨૧ આશરે ૧ લાખ, ૭૬ હજાર ૨૦૬ તેમજ વર્ષ ૧૯૭૯ થી ૧૯૯૨ સુધીમાં ૧૫ લાખ લોકો મર્યા હતા. ○ ફિલીપાઇન્સમાં વર્ષ ૧૯૭૦ થી ૧૯૯૦ના સમયગાળામાં ૧ લાખ, ૭૫ હજાર, ઈરાકમાં વર્ષ ૧૯૯૦થી ૨૦૦૪ દરમ્યાન ૧૬ લાખ, ૭૮ હજાર લોકો મર્યા હતા.

■ **હિટલરને કેમ ભુલાય !**

પ્રથમ વિશ્વયુદ્ધ ૧૯૧૪ થી ૧૯૧૯ અને બીજું વિશ્વયુદ્ધ ૧૯૩૯ થી ૧૯૪૫ સુધી ચાલ્યું હતું. ૧૯૪૫માં હિટલરની આખરી હાર થઈ ત્યાં સુધીમાં જર્મનોએ ૬૦ લાખ જેટલાં યહૂદી પુરુષ-સ્ત્રી અને બાળકોને મોતને ઘાટ ઉતાર્યાં હતાં. આ ઘટના 'Holocaust' તરીકે ઓળખાય છે.

નાઝીઓએ યહૂદી સિવાય પણ ઘણાને મારી નાંખ્યા છે. ○ વર્ષ ૧૯૩૩ થી ૧૯૪૫ના ગાળામાં રશિયામાં ૩૩ લાખ કેદીઓને ○ Non Jewish (Ethnic) Poles ૧૮ લાખ લોકોને, ○ જીપસીસ ૨.૫ થી ૫ લાખ લોકોને મારી નાંખ્યા હતા.

■ **તાનાશાહોની હિંસા**

તાનાશાહી સરકારોએ પણ ખૂબ મોટા પાયે હિંસા આચરી છે. આ અંગેના ચોક્કસ આંકડા મેળવવા મુશ્કેલ હોય છે.

○ વર્ષ ૧૯૯૩માં જીમ્મિ કાર્ટરના સલાહકાર Zbigniew લખે છે : ૨૦મી સદીમાં કોમ્યુનિઝમ સ્થાપવા માટે ૬ કરોડ લોકોને મારી નાંખવામાં આવ્યા હતા. ○ સ્ટાલીને ૨ થી ૩ કરોડ લોકોને ○ પોલ પોટે (કંબોડિયા) ૨૦ લાખ લોકોને ○ માઓ (ચીન)એ ૪ કરોડ ૫૦ લાખ લોકોને ○ નોર્થ કોરીઆના Kim II Sung એ લાખો લોકોને વિવિધ રીતે હેરાન કરીને મારી નાંખ્યા હતા. ○ મુશોલીનીએ (ઈટાલી) હજારો લોકોને. ○ ઇદી અમીને ૧ થી ૫ લાખ લોકોને ○ પીનોચેટે (ચીલી) હજારો લોકોને ○ સદ્દામહુસેને હજારો લોકોને મારી નાંખ્યા હતા.

■ **ગુલામો પર અત્યાચાર**

વિશ્વમાં ૪૦૦ વર્ષ સુધી ગુલામોનો વ્યાપાર ચાલ્યો હતો. લોકોને તેમના દેશમાંથી બળજબરીથી પકડીને તેમને સ્ટીમરોમાં ખીચોખીચ ભરીને, ટેક્ષટાઈલ ક્ષેત્રે મજૂરી કરવા, તેમજ કપાસનાં ખેતરોમાં કામ કરવા માટે લઈ જવામાં આવતા હતા. માલિકો તેમને આસાનીથી મારી નાંખી શકતા હતા. ઘણા તો સ્ટીમરોમાં લઈ જતી વખતે જ મરી જતા હતા. બ્રાઝીલમાં ખાંડ ઉદ્યોગને વધારવા માટે ગુલામોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત ખાણ ઉદ્યોગમાં પણ તેમનો ઉપયોગ કરવામાં આવતો હતો. માલિકના હુકમનો અનાદર કરવા માટે તેમને મારવામાં આવતા હતા. અમેરિકાની ૧૮૬૦ની વસ્તી ગણતરી પ્રમાણે ૪ લાખ માલિકો પાસે ૪૦ લાખ ગુલામો હતા. વિશ્વના અન્ય દેશોમાં નાના મોટા સ્વરૂપે ગુલામીની પ્રથા ચાલતી હતી. ગુલામોને ખરીદવા-વેચવાનો ધંધો પણ ચાલતો હતો.

બીજા વિશ્વયુદ્ધ દરમ્યાન નાઝી જર્મની પાસે ૧ કરોડ ૨૦ લાખ ગુલામો હતા. આ ગુલામોને મૃત્યુ પર્યંત મજૂરી કરવી પડતી હતી. રશિયામાં ૧૯૩૦થી ૧૯૬૦ના ગાળામાં ગુલામોના લેબર કેમ્પસ હતા; જેમાં લાખો લોકોનાં મોત થયાં હતાં.



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

## ■ અમેરિકામાં મૂળ વસતા લોકોને મૉતને ઘાટ ઉતારવામાં આવ્યા

જ્યારે યુરોપમાંથી લોકો અમેરિકામાં વસવાટ માટે આવ્યા ત્યારે મૂળ વતનીઓની સંખ્યા ૧ કરોડ જેટલી હતી પરંતુ વર્ષ ૧૯૦૦ સુધીમાં આ સંખ્યા ૩ લાખ જેટલી જ બચી હતી. મૂળ વતનીઓને મારી નાંખવા Smallpox - શીતળાના દર્દીઓના ધાબળા લોકોમાં વહેંચવામાં આવ્યા હતા. પૈસા આપીને લોકોને ખતમ કરાવવામાં આવતા હતા. વધુ વિગતો જાણવા Alex Alvarez નું પુસ્તક - Native America and the question of Genocide વાંચવું રહ્યું.

## ■ બ્રિટિશરોએ ઓસ્ટ્રેલિયાના મૂળ વતનીઓને ખતમ કર્યા

વર્ષ ૧૭૮૮માં બ્રિટિશરોએ ઓસ્ટ્રેલિયામાં પ્રથમ કોલોની સ્થાપી હતી. તે સમયે સ્થાનિક લોકોની વસ્તી ૧૦ લાખની આસપાસ હતી. ૬૦૦ ટ્રાઈબ્સમાં ૨૫૦ પ્રકારની ભાષાઓનું ચલણ હતું. વર્ષ ૧૯૦૧ સુધીમાં મૂળ વતનીઓની સંખ્યા માંડ ૯૦૦૦૦ બચી હતી. મૂળ વતનીઓનાં હજારો બાળકોને માબાપથી અલગ પાડી દેવામાં આવ્યાં હતાં. તે દ્વારા ભાષા, કલ્ચર, ધર્મ, સામાજિક માળખાંને ખતમ કરવામાં આવ્યાં હતાં. મૂળ વતનીઓને તેમની જમીન પરથી ખદેડી મૂકવા માટે મોટા પાયે હિંસાનો માર્ગ અપનાવ્યો હતો.

## ■ આફ્રિકાની પણ કરુણ કહાની છે

આફ્રિકામાં ઘણાં રાજ્યો છે. દરેક રાજ્યની અલગ અલગ કહાની છે. થોડાંક રજ્યો વિશે જાણીએ -

○ કોંગો - વર્ષ ૧૮૮૫થી ૧૯૦૮ દરમ્યાન ૧ કરોડ કોંગોવાસીઓને મારી નાંખીને બેલ્જીયમ કોલોનીની સ્થાપના કરવામાં આવી હતી.

○ નામીબીયામાં વર્ષ ૧૯૦૪થી ૧૯૧૫ દરમ્યાન ૮૦૦૦૦ લોકોને મારી નાંખીને જર્મન કોલોની સ્થાપવામાં આવી હતી.

○ આફ્રિકામાંથી ૧૫૫૦ થી ૧૮૫૦ દરમ્યાન વિવિધ દેશોમાં ૧૦ કરોડ લોકોને ગુલામ તરીકે બળજબરીથી લઈ જવામાં આવ્યા હતા. કહેવાય છે કે તેમાંથી માત્ર ૩૦ ટકા લોકો જ લઈ જવાના સ્થળ સુધી જીવતા પહોંચતા હતા.

વિશ્વના આવા કરુણ, દુ:ખદાયક ઇતિહાસ પર નજર નાંખ્યા પછી હવે આપણે ૨૦મી તેમજ ૨૧મી સદીની હિંસક ઘટનાઓ તથા તેની આસપાસના પ્રવાહો પર નજર નાંખીશું.

## ■ ૨૦મી સદીનાં કેટલાંક યુદ્ધો

લેખના આગળના ભાગમાં આપણે વિશ્વયુદ્ધ-૧ (૧૯૧૪ થી ૧૯૧૮) અને વિશ્વયુદ્ધ-૨ (૧૯૩૯ થી ૧૯૪૫)ની નોંધ લીધી. અન્ય કેટલાંક યુદ્ધોની ઓછી નોંધ લેવાય છે તેના પર નજર નાંખીએ.

○ રશિયન સિવિલ વોર (૧૯૧૭-૧૯૨૨) જેમાં ૧ કરોડ, ૩૨ લાખ જેટલાં મૉત થયાં હતાં.

○ કોરીયન વોર (૧૯૫૦-૧૯૫૩) - નોર્થ અને સાઉથ કોરીયા વચ્ચેના યુદ્ધમાં પાછલા બારણે તો ચીન અને અમેરિકા વચ્ચેનું યુદ્ધ હતું.

○ વિએટનામ વોર (૧૯૫૫-૧૯૭૫) નોર્થ અને સાઉથ વિએટનામ વચ્ચેનું યુદ્ધ.

○ આરબ ઇઝરાયલ વોર (૧૯૪૮-૧૯૬૭-૧૯૭૩

○ યુગોસ્લાવ વોર (૧૯૯૧-૨૦૦૧)

○ ગલ્ફ વોર (૧૯૯૦ - ૧૯૯૧) - કુવૈતના પ્રશ્ને ઇરાક-અમેરિકા અને મિત્ર રાજ્યો વચ્ચેનું યુદ્ધ. આ બધાં યુદ્ધોમાં આશરે ૩ કરોડ ૫૦ લાખ જેટલા સૈનિકોનાં મૉત થયાં હતાં.

## ■ ૨૧મી સદીનાં કેટલાંક યુદ્ધો

Michael Ray ના ૧૩ જૂન-૨૦૨૫ (Britannica) ના લેખ પ્રમાણે કેટલાંક યુદ્ધો અને આતંરવિગ્રહોની યાદી નીચે પ્રમાણે છે :

○ રવાંડા Congo જીનોસાઇડ વર્ષ ૧૯૯૮થી વર્ષ ૨૦૦૩ના ગાળામાં Hutu & Tutsi વચ્ચેના સંઘર્ષમાં ૩૦ લાખ લોકોનાં મૉત થયાં હતાં. જેમાં Tutsiમાં મોટા ભાગે પુરુષોને મોતને ઘાટ ઉતારવામાં આવ્યા હતા. ૨ લાખથી ૫ લાખ બહેનો બળાત્કારનો ભોગ બની હતી (વિકિપીડીઆ).

○ Syrian Civil War - ૨૦૧૧ આસપાસ

મૂળમાં ૧૭ ડિસે. ૨૦૧૦ના રોજથી શરૂ થયેલ Arab Springની અસર સીરીયા પર પડી હતી. આરબ સ્પ્રીંગે એક પરિવર્તનનું મોજું ફેલાવ્યું હતું. લોકશાહી સ્થાપવા માટેની લડત સાથે યુનિફાઈડ આરબ સ્ટેટ સ્થાપવા માટેનું આયોજન હતું. જે બહેરીન, સાઉદી અરેબિયા, ઇજીપ્ત, લિબિયા, ટ્યૂનીશીયા, યમન UAB માં ફેલાયેલું હતું જેમાં કુલ ૬૨૦૦૦ લોકોનાં મૉત થયાં હતાં.

સીરીયામાં આ આંદોલનને પ્રમુખ Bashar-al-Assad દ્વારા કચડી નાખવા પ્રયત્ન કર્યો. બેરલ બોમ્બ, કેમિકલ વેપન્સનો ઉપયોગ કરવામાં આવ્યો. ૪ લાખ, ૭૦૦૦૦ લોકોનાં મૉત થયાં હતાં.

○ Darfur (Sudan) Conflict - વર્ષ ૨૦૦૩

સુદાનના પ્રમુખ Omar Al Bashir સામે લોકોએ બળવો કર્યો હતો. સરકારે Arab Militias (સીધા સરકારના સૈનિક નહીં પણ મિલિટરી ટ્રેઇનીંગ પામેલા લોકો) જેને Janjaweed તરીકે પણ ઓળખવામાં આવે છે, તેને શસ્ત્રો આપ્યાં, જેને કારણે ૩ લાખ લોકોનાં મૉત થયાં હતાં અને ૩૦ લાખ લોકો પોતાના સ્થળેથી વિસ્થાપિત થયા હતા.

○ Iraq War - વર્ષ ૨૦૦૩

અમેરિકાના પ્રમુખ જ્યોર્જ બુશનો ઇરાદો ઇરાકના પ્રમુખ સદ્દામ-હુસેનને સત્તા પરથી દૂર કરવાનો હતો. તેમના પર આક્ષેપ મૂકવામાં આવ્યો કે ઇરાક પાસે 'વેપન્સ ઓફ માસ ડિસ્ટ્રક્શન' છે. ૨૦ માર્ચ, ૨૦૦૩ના રોજ અમેરિકાએ તેમજ મિત્ર દેશોએ ઇરાક પર હુમલો કર્યો. ઇરાકના ૮૫૦૦૦ નાગરિકોનાં મૉત થયાં.

અમેરિકાની મદદમાં યુ.કે., ઓસ્ટ્રેલિયા, પોલાન્ડ આવ્યા હતા. તેમની ૧ લાખ ૬૦૦૦૦ ટ્રુપસ યુદ્ધમાં ઉતારી હતી. સદ્દામહુસેનને ૩૦ ડિસે. ૨૦૦૬ના રોજ ફાંસી આપવામાં આવી હતી. ઈરાકમાં સઘન તપાસ



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

કરતાં કોઈ 'વેપન્સ ઓફ માસ ડિસ્ટ્રક્શન' નજરમાં આવ્યા ન હતા.

○ Afghanistan War -

અફઘાનિસ્તાનમાંથી રશિયાએ વર્ષ ૧૯૮૯માં પોતાનું લશ્કર ખેંચી લીધું તે પછીના ગાળામાં તાલિબાનોએ રાજ્ય પર કબજો જમાવ્યો હતો. અને તેઓ al-qaeda અને તેના ઓસામા બીન લાદેનને આશરો આપતા હતા.

અમેરિકાએ 'War on Terrorism' જાહેર કર્યું હતું. તાલિબાનો અફીણની ખેતી કરીને આવક મેળવીને તેમની લશ્કરી તાકાત વધારતા હતા. આધુનિક સાધનો પ્રાપ્ત કરતા હતા. અમેરિકાએ NATO ના લશ્કરને મોટા પાયે જંગમાં ઉતાર્યું હતું. વર્ષ ૨૦૦૧ થી ૨૦૧૬ના ગાળામાં ૩૦૦૦૦ અફગાન ટ્રુપ્સ અને પોલીસ, ૩૧૦૦૦ અફઘાન નાગરિકો અને NATO સંગઠનના ૩૫૦૦ ટ્રુપના સૈનિકો મૃત્યુ પામ્યા હતા.

○ The War Against BOKO Haram (Nigeria) -

BOKO Haram ગ્રુપ નાઇઝેરીઆમાં ઇસ્લામનો શરીયા કાયદો લાગુ કરવા માટે વર્ષ ૨૦૦૨માં સક્રિય થયું હતું. સરકારે તેના ૭૦૦ સભ્યોને મારી નાંખ્યા હતા. વર્ષ ૨૦૧૦ BOKO Haram એ પોલીસ ઑફિસરોને મારી નાંખ્યા, સ્કૂલમાં ભણતી ૩૦૦ છોકરીઓને વર્ષ ૨૦૧૪માં ઉપાડી ગયા. ૧૧૦૦૦ નાગરિકોને તેમણે મારી નાંખ્યા તેમજ ૨૦ લાખ લોકો પોતાનાં ઘર છોડીને ભાગી ગયા. વર્ષ ૨૦૧૬ પછી તે ગ્રુપ નબળું પડ્યું છે છતાં છમકલાં કરતું રહે છે.

○ Yemeni Civil War -

આ દેશ સાઉદી અરેબિયાની સરહદના દક્ષિણ ભાગમાં, Gulf of Adenના કિનારે આવેલો છે. આ દેશમાં ચાલેલા સિવિલ વોરનાં મૂળ આરબ સ્પ્રિંગમાં હતાં. Ali Abdullah Saleh ની સરકારને ઉથલાવવા સંઘર્ષ ચાલ્યો હતો. ૩ જૂન, ૨૦૧૧ના રોજ સાલેહ ઘાયલ અવસ્થામાં દાક્તરી સારવાર લેવા દેશ છોડીને ભાગી ગયો હતો. ત્યારબાદ સત્તા સંઘર્ષ ચાલતાં વર્ષ ૨૦૧૧ સુધીમાં ૩ લાખ, ૭૫ હજાર લોકો મૃત્યુ પામ્યા હતા, જેમાં અડધા લોકો તો ભૂખમરામાં તેમજ માંદગીમાં યોગ્ય સારવારના અભાવમાં મૃત્યુ પામ્યા હતા, તેમ યુ.એન.નો અભ્યાસ કહે છે.

આ યાદીમાં આપણે રશિયા - યુક્રેન વોરની વાત જોડી શકીએ તેમ છીએ તે અંગે અન્ય સ્થળે જરૂરી નોંધ લીધી છે.

જગતનો ઇતિહાસ કહે છે, ઘણા બધા મહાપુરુષો પોતાના કાળમાં ચાલતી હિંસાથી નારાજ થયા હતા. બુદ્ધ, મહાવીરનાં નામ સૌની જીભ પર તરત જ આવે. ત્યાર બાદ ગાંધી-વિનોબા યાદ આવે. યાદી લંબાવીએ તો માર્ટિન લ્યુથર કિંગ, નેલસન મંડેલા, Desmond Tutu, અબ્રાહમ લિંકન, હેન્રી ડેવિડ થોરો.

વર્ષ ૨૦૨૪ના ઑગસ્ટ મહિનામાં ઝેન ઓપસ - (અમદાવાદ) પ્રકાશકે એક ખૂબ જ સુંદર પુસ્તક 'પીડ પરાઈ' પ્રકાશિત કર્યું છે. પુસ્તકના લેખક યજ્ઞેશ દવે પ્રસ્તાવનામાં લખે છે -

○ ''માનવીની શિકારી અવસ્થાથી પડેલી હિંસા આજે પણ આપણામાં પડેલી છે. માનવનીતિનો ઇતિહાસ માણસના જ લોહી અને આંસુઓથી ખરડાયેલો રહ્યો છે. આપણા માટે વિચિત્ર અને દુઃખદ વાત તો તે છે કે યુદ્ધમાં થયેલી હિંસા અને હત્યાને આપણે ગુનો કે અત્યાચાર ગણતા જ નથી. એ યુદ્ધો સામ્રાજ્ય વિસ્તાર માટે હોય, સીમા સુરક્ષા માટે હોય, ધર્મના નામે ખેલાતાં ધર્મયુદ્ધો હોય કે કોઈ બીજા બહાને ખેલાતાં યુદ્ધો હોય.''

○ ''ધર્મના ઉદ્‌ભવ પછી અનેક ધર્મોના ઉપદેશો, ગ્રંથો, અવતારો, પયગંબરો, ફિરસ્તાઓ, સંતો-મહંતો, ચિંતકો અને અનેક આંતરરાષ્ટ્રિય સંસ્થાઓના પ્રયત્નો છતાં માણસમાં પડેલી હિંસા કેમ નાથી શકાઈ નહીં હોય ? સવાલ સદીઓ જૂનો છે પણ ઉત્તર હજુ મળ્યો નથી.''

પણ આપણે અટકી શકીએ તેમ નથી. આપણે માનવચેતનાની ઊર્ધ્વયાત્રા ભણીનો પંથ છોડવો ન જોઈએ. અહિંસક સમાજ સ્થાપવા માટે મથતા રહેવું પડે.

## ■ હિંસામુક્ત સમાજવ્યવસ્થા - ગાંધીની નજરે

આચાર્ય કૃપાલાનીએ વર્ષ ૧૯૫૦માં શાંતિનિકેતનમાં મળેલી વિશ્વ શાંતિવાદી સભામાં આપેલ પ્રવચનમાંનો કેટલોક અંશ જોઈશું.

''સાચો શાંતિવાદ શોષણ અને હિંસામુક્ત સમાજ-વ્યવસ્થામાં જિવાતા અહિંસક જીવનમાંથી પ્રગટવો જોઈએ. ગાંધીજી બધા જ પ્રકારના આર્થિક શોષણને હિંસા માનતા હતા. અહિંસક માણસે પોતાના જીવનમાં આવાં બધાં શોષણનો ત્યાગ કરવો રહ્યો. જેના ઉત્પાદનમાં માણસનું માણસ મારફતે શોષણ થતું હોય એવી વસ્તુઓનો ઉપયોગ પણ બંધ કરવો જોઈએ. તેણે આર્થિક શોષણમુક્ત સમાજવ્યવસ્થાની હિમાયત કરવી જોઈએ અને તે માટે પ્રયત્ન કરવો જોઈએ.''

''મને કહેતા દુઃખ થાય છે કે પશ્ચિમના શાંતિવાદની કલ્પના કેવળ સશસ્ત્ર આંતરરાષ્ટ્રીય ઝઘડાના કે યુદ્ધના વિરોધ રૂપે જ થયેલી છે. આખા જીવનની દૃષ્ટિએ એ નથી થયેલી. એટલે જ્યાં સુધી રાજકીય તંત્રો સત્તાના રાજકારણ રૂપે અને કેન્દ્રિત નોકરશાહીમય અને સરમુખત્યાર-શાહી કલ્પતાં હોય, અને ભૌતિક વપરાશી વસ્તુઓના ઉત્પાદન વિતરણ અને વિનિમયની આર્થિક પદ્ધતિઓ નફાની દૃષ્ટિએ રચાતી હોય અને તેનો અમલ ગંજાવર કેન્દ્રિત અને યંત્રસંચાલિત મિલો અને કારખાનાંઓ અને સંસ્થાઓ મારફતે થતો હોય અને જ્યાં સુધી માણસની ભૌતિક જરૂરિયાતો સારા જીવન માટે આવશ્યક એવી વાજબી મર્યાદા બહાર વધવા દેવામાં આવે અને તેને ઉત્તેજન અપાતું રહે, ત્યાં સુધી અહિંસા જીવનરીતિ બની ન શકે. એવા સંજોગોમાં સામાન્ય સ્ત્રી પુરુષો મનસા-વાચા-કર્મણા અહિંસક ન રહી શકે.''

''જો કોઈ માણસ બીજાની વસ્તુનો લોભ રાખતો હોય, જો તે એના પડોશીને મળી શકતી ન હોય એવી ભૌતિક સુવાંગ માલકી અને ઉપભોગ ઇચ્છતો હોય, જો તે એટલું ન સમજતો હોય કે તેનો સમાજ સાથેનો વ્યવહાર સેવાઓ અને વસ્તુઓના ન્યાયપૂર્ણ વિનિમયરૂપ હોવો જોઈએ, તો તે હિંસાના માનસિક દૃઢ પાયાનો નાશ ન કરી શકે.''

'હિંસાનાં માનસિક અને સામાજિક બંને પ્રકારનાં કારણો હોય છે, તેથી એનો છેદ તો જ ઉડાડી શકાય જો માણસ પોતાના જીવનમાં



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

અને સમાજ પોતાની બાહ્ય વ્યવસ્થામાં અન્યાય, અનૌચિત્ય અને અસમાનતાથી મુક્ત હોય. એનો અર્થ એ થયો કે આપણે અહિંસા જેવા નૈતિક સિદ્ધાંતને જીવનનો નિયમ બનાવીએ તે પહેલાં આપણે જીવન એક અને અખંડ છે એ વાત સ્વીકારવી રહી.''

''યુદ્ધ એ કોઈ છૂટીછવાઈ ઘટના નથી. એ આપણા વ્યક્તિગત અને સામાજિક જીવન સાથે ગાઢ રીતે સંકળાયેલી છે. જો આપણે એમાં માનસિક અને સામાજિક કારણોને અડીએ જ નહિ તો આપણે એને અટકાવી નહિ શકીએ. વિશ્વશાંતિ આપણા વિચારો, માન્યતાઓ અને વિચારવાની અને કામ કરવાની રીતોના પરિપક્વ ફળ રૂપે જ અવતરી શકે. જો આપણા જીવનમાં યોગ્ય એકીકરણ અને સંવાદ ન સધાયાં હોય તો લીગ ઓફ નેશન્સ કે યુનાઈટેડ નેશન્સ ઓર્ગેનિઝેશન જેવાં બાહ્ય સંગઠનો એકલાં શાંતિ નહિ લાવી શકે. જો સાચી સમજ અને સાચો સંકલ્પ નહિ હોય, અથવા સામાજિક તંત્ર જો ન્યાય અને સમાનતાના પાયા ઉપર ન રચાયું હોય તો શાંતિ માટેનું માત્ર બહારનું સંગઠન તો જેને 'સત્તાની સમતુલા' કહે છે તે જ સાધી શકે. સત્તાની સમતુલા એક એવી સમતુલા ઊભી કરે છે જે સંજોગો બદલાતાં કોઈ પણ ક્ષણે વિચલિત થઈ જાય છે. શાંતિ માટેની બાહ્ય વ્યવસ્થા તો જ સફળ થઈ શકે જો એ વ્યવસ્થા શાંતિ માટેની માનસિક અને સામાજિક ઇચ્છાના જવાબ રૂપે ઊભી થઈ હોય.''

## ■ વિનોબા : યુદ્ધ વિરોધી સત્યાગ્રહી

વર્ષ ૧૯૪૦માં ગાંધીજીએ વિનોબાજીની પસંદગી યુદ્ધનો વિરોધ કરનારા સત્યાગ્રહી તરીકે કર્યો હતો. તે સમય બીજા વિશ્વયુદ્ધનો હતો. જર્મન નાઝીવાદ સામે બ્રિટિશ સામ્રાજ્યવાદ લડી રહ્યું હતું. અંગ્રેજ સરકાર તે યુદ્ધમાં હિંદુસ્તાનનો સાથ માંગતી હતી. ગાંધીજી તેનો વિરોધ કરતા હતા. સત્યાગ્રહ દરમ્યાન તેમણે આપેલા પ્રવચનમાંના કેટલાક અંશો જોઈએ. જે 'વિનોબાવાણી' પુસ્તકમાં આપ્યા છે.

○ અહિંસા પર મારી પૂર્ણ શ્રદ્ધા છે. હું માનું છું કે માનવ સમાજના બધા પ્રશ્નોને હલ કરવાનું આ જ એક સાધન છે. આમ તો યુદ્ધ જ માનવીને શોભા નથી આપતું. એમાં પણ લડનારા અને ન લડનારા વચ્ચે ભેદ ન પાડનારું આજનું યાંત્રિક યુદ્ધ તો નિર્દયતાની હદ જ વટાવી ગયું છે. આ યુદ્ધ દ્વારા મનુષ્ય પશુની અવસ્થાએ પહોંચવાની ઇચ્છા દાખવી રહ્યો છે. એનાથી કોઈને પણ લાભ થવાનો નથી.

(બીજા વિશ્વયુદ્ધમાં ચાલતું) યુરોપનું યુદ્ધ શબ્દશઃ ભાઈ-ભાઈ વચ્ચેનું યુદ્ધ છે. અંગ્રેજ અને જર્મન ભાઈ ભાઈ જ છે. વાસ્તવમાં જે હિત અંગ્રેજોનું છે એ જ હિત જર્મનોનું છે અને જે જર્મનોનું છે એ જ અંગ્રેજોનું છે. પછી તેઓ શું કામ લડી રહ્યા છે ? એટલા માટે કે ઇંગ્લેંડની પાસે બહુ મોટું સામ્રાજ્ય છે. યુરોપનાં અન્ય રાષ્ટ્રોથી આ જોયું જતું નથી. જાપાન આજે ચીનની સાથે લડી રહ્યું છે. ઇંગ્લેંડ કયા મોઢે જાપાનને કહેશે કે ન લડો ! યુરોપમાં ઇંગ્લેંડ જ પહેલું રાષ્ટ્ર છે, જેણે બળજબરીથી હોંગકોંગ પર કબજો કર્યો હતો. અંગ્રેજો અભિમાન રાખે છે કે બ્રિટિશ સામ્રાજ્ય પર સૂર્યાસ્ત ક્યારેય થતો નથી. આનું નામ છે સામ્રાજ્યવાદ !

યુરોપનાં રાષ્ટ્રો એવા ઠાઠથી વર્તે છે જાણે આખી દુનિયાને યોગ્ય વ્યવસ્થામાં રાખવાનો ઠેકો તેમને મળ્યો હોય !... મનુષ્યમાં ભોગવિલાસની તૃષ્ણા છે, એના કારણે આ યુદ્ધો થતાં રહે છે. આનો ઇલાજ શો? સમજુ (વ્યવહારુ) લોકો કહે છે, યુદ્ધનો ઇલાજ યુદ્ધ ! આ લોકો કહે છે, એમનાં વીસ હજાર હવાઈ જહાજ (વિમાનો) છે તો આપણા પચીસ હજાર જોઈએ. કેમ ? તો કહે છે કે એમનાં હવાઈ જહાજ મકાનોનો નાશ કરે છે, બાળકો સ્ત્રીઓને ખતમ કરે છે, ભયાનક હાનિ કરે છે. તો તમારાં વિમાનો ત્યાં જઈને બીજું શું કરવાનાં છે ?

## ■ ગાંધીની મૂળ નિસ્બત : હિંસાનું ઉન્મૂલન

'હિંદ સ્વરાજ : એક અધ્યયન'માં કાન્તિભાઈ શાહ લખે છે- ''ગાંધીનું 'હિંદ સ્વરાજ'માંનું દર્શન માણસને હિંસાના સકંજામાંથી કાયમને માટે છોડાવવા માટેનું દર્શન છે, હિંસાને માનવ-જીવન ને સમાજ-જીવનમાંથી સર્વથા, સર્વત્ર, સર્વકાળે ત્યાજ્ય ને વર્જ્ય બનાવી દેવા માટેનું દર્શન છે, માણસને સર્વનાશને મારગેથી પાછો વાળીને સર્વોદયની દિશામાં લઈ જવા માટેનું દર્શન છે. આજની આધુનિક સભ્યતા અને તેની પાછળની ફિલસૂફી આનાથી બિલકુલ વિપરીત દિશાની છે, માણસને કાયમ હિંસાના દોજખમાં સબડાવી રાખનારી છે. તેને લીધે શાશ્વત સંઘર્ષ જ માણસને પલ્લે પડશે. ગાંધી આ સ્પષ્ટપણે જોઈ શકેલા. તેથી એમનું રોમરોમ તેની સામે વિદ્રોહ પોકારી ઊઠેલું. એમનું અંતર બોલી ઊઠેલું :

'તેની જડ ખરાબ છે, તેની જડમાં પાપ છે. હિંસા આ ફિલસૂફીમાં અંતર્નિહિત છે. અને આ સભ્યતાની રચના - વ્યવસ્થામાં હિંસાનાં તત્ત્વો અંતર્ગત (In Built) છે.'

''આરંભથી જ યુદ્ધ આ સભ્યતાનું એક અંગ બની ગયું છે! ઔદ્યાગિક રીતે સમૃદ્ધ બનતા જતા દેશો પ્રકૃતિને અને દુનિયાને લૂંટવા બહાર પડેલા હતા. એ લૂંટમાં સ્વાભાવિક રીતે જ પરસ્પરનો હિત-વિરોધ ઊભો થતો રહ્યો છે. સ્પર્ધા અને ગળાકાપ હરીફાઈનું સ્વાભાવિક પરિણામ આ દેશો વચ્ચે અંદરોઅંદરનાં ખૂનખાર યુદ્ધોમાં આવ્યું. ૧૯મી સદીમાં યુરોપના દેશો વચ્ચે આવાં યુદ્ધો થયાં તેમાં લગભગ એક કરોડ માણસો યુદ્ધના ખપ્પરમાં હોમાયા અને વીસમી સદીના પૂર્વાર્ધમાં બે વિશ્વયુદ્ધોએ ૬ કરોડ માણસોનો ભોગ લીધો. તેમાં અડધો અડધ નાગરિકો હતા.

''બીજું, વિશ્વયુદ્ધ પૂરું થયું ન થયું કે અણુ શસ્ત્રાસ્ત્રો પાછળની આંધળી દોટ શરૂ થઈ ગઈ. આખીયે માનવજાત તેમજ બધી જીવસૃષ્ટિ પૃથ્વીના પટ ઉપરથી ભૂંસાઈ જાય એવો ખતરો ઊભો થઈ ગયો છે.

''યુદ્ધ અને હિંસાને દુનિયામાંથી નેસ્તનાબૂદ કરવાની ગાંધીની વાતને આ વાસ્તવિકતાના સંદર્ભમાં વિચારીશું, તો જ તે યથાર્થપણે સમજાશે અને તેની ગંભીરતા ખ્યાલમાં આવશે. થોડાં વરસો પહેલાં દુનિયાના પચાસેક જેટલા નોબેલ પારિતોષિક વિજેતા વિજ્ઞાનીઓએ એકી સ્વરે કહેલું કે ગાંધીના મારગે ગયા વિના છૂટકો નથી, તે કાંઈ અમથું નહોતું કહ્યું.''

**– રજની દવે**



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# ઇઝરાયલ-અમેરિકાએ જગતને ત્રીજા વિશ્વયુદ્ધના બારણે લાવી ઊભું કરી દીધું છે

*જહાઁ બસતી થી ખુશિયાં, આજ હૈ માતમ વહાં*
*વક્ત લાયા થા બહારે, વક્ત લાયા હૈ ખિજાં*

કેટલું કડવું અને કઠોર સત્ય આ પંક્તિઓમાં છુપાયું છે ! ફિલિસ્થાનીઓનું વતન, એક સમયે અહીંયાં પણ ખુશીઓ આળોટતી હશે. એ વતનની દશા ૭ ઑક્ટોબર ૨૦૨૩ પછી પલટાઈ ગઈ. હમાસે ઇઝરાયલ પર હુમલો કર્યો, જેમાં ૧૦૦૦ કરતાં વધારે ઇઝરાયલી નાગરિકો માર્યા ગયા અને ૨૦૦ જેટલાં લોકોને બંધક બનાવી લઈ જવાયાં. આનો બદલો લેવા ઇઝરાયલે વળતા હુમલાઓ શરૂ કર્યા. કીડી ઉપર કટક વહેતું મૂક્યું. ગાઝાપટ્ટીનો કચ્ચરઘાણ કાઢી નાખ્યો. અધિકૃત રીતે ૭૦,૦૦૦ કરતાં વધુ લોકોએ જાન ગુમાવ્યા, જેમાં ૭૦ ટકા કરતાં વધુ સ્ત્રીઓ અને બાળકો હતાં, જેમણે કોઈનું કંઈ બગાડ્યું નહોતું.

હૉસ્પિટલમાં સારવાર લેતાં દર્દીઓ હતાં, જેમનો કોઈ જ વાંક નહોતો. સવા લાખ કરતાં વધુ લોકો ઘાયલ થયાં. આ બધા જાહેર કરાયેલા આંકડા છે. ખરેખર કેટલા માર્યા ગયા હશે અને કેટલા ઘાયલ થયા હશે એ આંકડો આનાથી ઘણો વધારે હોઈ શકે. આટલું જેમ પૂરતું ન હોય તેમ બચી ગયેલાં લોકોને અનાજ કે દવાઓનો પુરવઠો ન મળે એ માટે ઇઝરાયલે નાકાબંધી કરી. આ લોકો જીવતાં દોઝખમાં સબડે તેવી પરિસ્થિતિનું નિર્માણ કર્યું. રહેઠાણો, હૉસ્પિટલ કે સ્કૂલ પર હુમલા એ યુદ્ધ ગુનેગારી છે.

ઇઝરાયલ કોઈને ગાંઠતું નથી અને સંયુક્ત રાષ્ટ્રસંઘ એ માત્ર કાગળ પરનો વાઘ બનીને રહી ગયું છે. હિટલરે જેમ યહૂદીઓનો મોટા પાયે નરસંહાર કર્યો હતો અને બીજા વિશ્વયુદ્ધમાં લાખો માણસો માર્યા ગયા હતા એવી સ્થિતિ ફરીથી ન સર્જાય તે માટે બીજા વિશ્વયુદ્ધ પછી યુનાઈટેડ નેશન્સની રચના કરવામાં આવી હતી. આજે એની પાછળનો જે હેતુ હતો એ સંપૂર્ણપણે નિષ્ફળ જઈ રહ્યો હોય તેવું લાગે છે.

બીજી બાજુ ઈરાન ઉપર પણ ઇઝરાયલે ભયંકર હુમલાઓ કર્યા. ઇઝરાયલ પાસે અણુશસ્ત્રો નથી એવું દુનિયામાં કોઈ છાતી ઠોકીને કહી શકે તેમ નથી પણ ઈરાન અણુબૉમ્બ બનાવે તે અમારા માટે જોખમી છે, એ બહાના હેઠળ ઇઝરાયલે ઈરાન ઉપર આકાશમાંથી મૉત વરસાવ્યું. એની અણુઊર્જા સંશોધન તેમજ યુરેનિયમ એનરીચમેન્ટ ફેસિલિટીને નેસ્તનાબૂદ કરવાના મિશન સાથે હુમલા કર્યા. અમેરિકાએ પણ ઇઝરાયલની તરફેણમાં ખાંડા ખખડાવી ઈરાનને બિનશરતી શરણાગતિ સ્વીકારવા આખરી ચેતવણી આપી. જી-૭ની મિટિંગ અધવચ્ચેથી છોડી ટ્રમ્પ નીકળી ગયા. અમેરિકા પણ ઈરાન વિરુદ્ધના યુદ્ધમાં જોડાયું અને પછી સિઝફાયર પણ થયું. પણ જ્યાં સુધી ખોમૈની ઈરાનનું નેતૃત્વ કરે છે ત્યાં સુધી શાંતિ સ્થપાશે નહીં, એમ કહી ઈરાનમાં સત્તાપલટો કરાવવા અને ખોમૈનીની હત્યા કરવા માટે પણ ઇઝરાયલ તૈયાર થઈ રહ્યું છે.

અત્યારે યુદ્ધવિરામ થયો છે પણ સો વાતની એક વાત - બ્રિટન અને અમેરિકાની રાજનીતિના ભાગરૂપે જેનું સર્જન થયું એવો એક દેશ, યહૂદી પ્રજા, જેણે હિટલરનો ત્રાસ વેઠ્યો એણે તો જગતમાં કોઈ પણ જગ્યાએ આવો ત્રાસ થતો હોય તો એની સાથે ઊભા રહેવું જોઈએ. એના બદલે દુનિયામાં કોઈનું નહીં સાંભળવાની અને આખી દુનિયાને બાનમાં લેવાની ઇઝરાયલની આ દાદાગીરી જગતને ત્રીજા વિશ્વ-યુદ્ધને બારણે લાવી ઊભું રાખી દે અને આખી દુનિયા મૂંગીમંતર બની એ જોયા કરે એ ચાલી શકે ખરું?

અત્યારે દુનિયામાં શસ્ત્રોનો જે ખડકલો, ખાસ કરીને અણુશસ્ત્રોનો, ભેગો થયો છે અને આ પ્રકારનાં યુદ્ધોને કારણે આખી દુનિયાને વિનાશ તરફ દોરી જાય તેવી સ્થિતિનું નિર્માણ થયું છે ત્યારે ઇઝરાયલને એ માટે માફ કરી શકાય ખરું?

અમેરિકા એક એવી મહાસત્તા છે, જે ઇઝરાયલને રોકી શકે, એને બદલે એ ઇઝરાયલને ટેકો આપીને ઉશ્કેરવાનું કામ કરે છે. અમેરિકામાં ગમે તેટલાં સોનાનાં ભંડોળ ભર્યાં હોય પણ તે માનવતાહીન લોકોના હાથમાં રમી રહ્યું છે એ વાત પણ ભૂલી શકાય ખરી? જવાબ તમારા પર છોડું છું.

*

નેતન્યાહુ ક્યારે શું કરી શકે એની કલ્પના કરવી મુશ્કેલ છે. જો આ યુદ્ધ ચાલુ રહે તો 'વોર ટાઇમ પ્રાઇમ મિનિસ્ટર' તરીકે નેતન્યાહૂને કોઈ જ વાંધો આવે નહીં પણ જો આ યુદ્ધ પૂરું થાય તો નેતન્યાહૂએ પોતાનું પદ છોડવું પડે અને ત્યાર બાદ તેનું સ્થાન મહેલમાં નહીં પણ જેલમાં હોય. કદાચ ઇઝરાયલ દ્વારા યુદ્ધ લંબાવ્યે રાખવા પાછળનાં મુખ્ય કારણોમાં આ પણ હોઈ શકે.

ઉત્તર ગાઝામાં કાર્યરત ઉદ્દામવાદીઓને ઠેકાણે પાડવા માટે હવે તેમને વગર ખોરાકે ભૂખ્યા મરવું પડે તે પ્રકારનું આયોજન ઇઝરાયલ અમલમાં મૂકવાનું છે. આ યોજના હેઠળ ખોરાક અને પાણી વગર સેંકડો-હજારો લોકો જેમણે હજુ પોતાનાં ઘર ખાલી કરીને ઉચાળા નથી ભર્યા તેવા ગાઝાપટ્ટીના ઉત્તરીય ભાગમાં રહેતા પેલેસ્ટીનિયનો જો ત્યાં જ રહેવાનું ચાલુ રાખે તો ભૂખે-તરસે તરફડીને મરી જાય એવું ઇઝરાયલનું આયોજન છે. યહૂદી પ્રજા જેણે હિટલરના નાઝીવાદના પરિપાકરૂપે કરોડો સામૂહિક હત્યાઓ વેઠી છે તે હવે આ જ પ્રકારની ટેકનિક અપનાવી રહી છે. વૈશ્વિક મત તેમ જ યુનાઇટેડ નેશન્સ બંનેને અવગણીને ઇઝરાયલ હવે મરણિયો જંગ ખેલી રહ્યું હોય એવું લાગે છે. ઇઝરાયલ હવે યુદ્ધમોરચે ઉન્માદક બનીને ભૂરાયા આખલાની જેમ છાકોટા નાખી રહ્યું છે તેમ કહેવું જરાય અતિશયોક્તિ નથી.

માનવતાની રાહે ઉત્તર ગાઝામાં જે મદદ મોકલવામાં આવે છે તેને રોકી રાખીને હમાસના બળવાખોરોને ભૂખે-તરસે મારી નાખવાનો આ પ્લાન જો અમલમાં મૂકવામાં આવે તો ખોરાકપાણી વગર સેંકડો પેલેસ્ટીનિયનોને મારી નાખવાની ક્ષમતા ધરાવે છે. યુદ્ધના છેલ્લા એક વર્ષ દરમિયાન ઇઝરાયલે વારંવાર ઉત્તર ગાઝાના આ રહેવાસીઓને પોતાનાં



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

મકાનો ખાલી કરી સમલાત સ્થળે ખસી જવા કહ્યું છે. આમાંના ઘણા બધા જોકે સ્થળાંતર કરવા સક્ષમ નથી અથવા સ્થળાંતર નહીં કરવા માટે મક્કમ છે.

આ બધા ઉપર દબાણ ઊભું કરવા માટે કેટલાક નિવૃત્ત જનરલોએ નેતન્યાહૂ તેમ જ ઇઝરાયલની પાર્લામેન્ટ સમક્ષ જે યોજના રજૂ કરી છે તે મુજબ એક અઠવાડિયાની અંદર ઉત્તરમાં ગાઝા સિટીનો પણ સમાવેશ થાય છે, તે અને ત્યાર બાદ આ સમગ્ર ઝોનને ક્લોઝડ મિલિટરી ઝોન તરીકે જાહેર કરવામાં આવે. મુદત વીતી ગયા બાદ પણ જે લોકો ઉત્તર ગાઝામાંથી ન ખસે તો ઇઝરાયલ સામે લડવા માટે જાણી જોઈને ત્યાં રોકાઈ રહ્યા છે એમ ગણી મિલિટરી તેમને મળતાં ખોરાક, પાણી, દવાઓ અને બળતણ તેમના સુધી નહીં પહોંચવા દે એવો પ્લાન છે. ઇઝરાયલ એવું માને છે કે, હમાસની કમર ભાંગી નાંખવાનો આ એકમાત્ર ઉપાય છે.

ઉત્તરીય ગાઝાને ખાલી કરી ઇઝરાયલના કબજામાં રાખવાનો તેમ જ હમાસ સામેલ ન હોય એવું નવું વહીવટી તંત્ર ત્યાં સ્થાપવાનો અને એ રીતે ગાઝાપટ્ટીને બે ભાગમાં વહેંચી નાખવાનો ઇઝરાયલનો પ્લાન છે.

હકીકતે ૩૦ સપ્ટેમ્બર પછી ખોરાક, દવાઓ કે બીજી કોઈ મદદ લઈને એક પણ ટ્રક આ વિસ્તારમાં પ્રવેશ્યો નથી એવું યુનાઈટેડ નેશન્સ જણાવે છે. આમ, ઇઝરાયલ-હમાસ વચ્ચેનું યુદ્ધ બીજા વિશ્વયુદ્ધ વખતના નાઝી નરસંહારની યાદ અપાવે તે તબક્કે પહોંચી ગયું છે. ઇઝરાયલ હજુ આ આયોજનને ખાનગી ગણે છે અને તેની જાહેરમાં કોઈ ચર્ચા કરવા તૈયાર નથી. જોકે હમાસ સાથેના આ યુદ્ધમાં ઇઝરાયલને ટેકો આપી રહેલ અમેરિકાના સ્ટેટ ડિપાર્ટમેન્ટના પ્રવક્તાએ કહ્યું છે કે અમેરિકા આવા કોઈ પણ પ્લાનની તરફેણમાં નથી.

હજુ સુધી ખૂબ ઓછા લોકોએ આ વિસ્તાર છોડ્યો છે. અહીં રહેતા કેટલાક અતિ વૃદ્ધ છે અને પોતાનું ઘર છોડી બીજે ક્યાંય જઈ શકે તેમ નથી. કેટલાક બીમાર છે તો કેટલાકને બીજે ક્યાંય જાય તો સમલાતી નથી એવી બીક છે. તેઓ તેવું પણ માને છે કે એક વખતે જો અહીંથી સ્થળાંતર કરીશું તો પોતાના વતનમાં પાછા ફરવા માટેની તકો નહિવત્ હશે કેમ કે ઇઝરાયલે અગાઉ જે લોકોએ આ વિસ્તારમાંથી સ્થળાંતર કર્યું છે તેમને પાછા આવવા સામે પ્રતિબંધ ફરમાવ્યો છે.

દક્ષિણી ગાઝામાંથી સ્થળાંતર કરેલા લોકોને ખાસ કોઈ સવલત વગર તંબુઓમાં રાખવામાં આવે છે અને આ નિરાશ્રિત કેમ્પ ઉપર ગમે ત્યારે બોમ્બમારો થાય એ ભયે ઉત્તર ગાઝામાં રહેતા લોકો માને છે કે તેઓ સાથે પણ આવું થશે. હમાસ હજુ પણ અલગઅલગ જગ્યાએથી તેલ અવીવ પર રૉકેટમારો કરે છે. હમાસના સૈનિકો જે વિસ્તારોમાંથી ઇઝરાયલી સૈન્ય પાછુ ખેંચાય ત્યાં કદી પાછા ભેગા થઈને વસવાટ કરે છે. હમાસ સાથેના આ ઇઝરાયલી યુદ્ધને એક વર્ષ થયું. ગાઝાપટ્ટીમાં ઇઝરાયલી સૈન્યની હાજરી અગાઉ હતી તેના કરતાં ઘટતી ચાલી છે, કારણ કે ઇઝરાયલે બીજે છેડે હિઝબુલ્લા (લેબેનોન) પર આક્રમણ કર્યું છે અને દક્ષિણી લેબેનોનમાં એનાં સૈન્યો પ્રવેશ્યાં છે એટલે ગાઝા ઉપરની એની ભીંસ એટલા અંશે ઓછી થઈ છે.

ઇઝરાયલનું માનવું છે કે જો હમાસને અટકાવવું હોય અને એક વર્ષ કરતાં લાંબા સમયથી ચાલી રહેલ આ યુદ્ધને વિરામ તરફ લઈ જવું હોય તો ઉત્તરીય ગાઝામાં બહારથી મળતી કોઈ પણ પ્રકારની મદદને અટકાવવી પડે. એવું કહેવાય છે કે, જો આ પ્લાન એક જગ્યાએ સફળ થશે તો બીજે પણ એનો અમલ કરવામાં આવશે. જોકે અમેરિકા આ પ્રકારના આયોજનની વિરુદ્ધ છે. તે ઉપરાંત ગાઝાનો વિસ્તાર કોઈ પણ રીતે ઘટાડાય તે એને મંજૂર નથી. આ મતે આંતરરાષ્ટ્રીય કોમ્યુનિટી પણ અમેરિકાની વિચારસરણી સાથે છે.

યુનાઇટેડ નેશન્સના અધિકારીના કહેવા મુજબ હૉસ્પિટલો માટેના બળતણના એક નાનકડા શીપમેન્ટ સિવાય ૩૦ સપ્ટેમ્બર પછી ઉત્તર ગાઝામાં કશું જ પહોંચ્યું નથી. મૂળભૂત જરૂરિયાતોનો પુરવઠો લગભગ કપાઈ જતાં આ વિસ્તારમાં ભૂખમરો પ્રસરી રહ્યો છે. અધૂરામાં પૂરું ઇઝરાયલી લશ્કરે ગાઝા શહેર અને ઉત્તરીય વિસ્તારો વચ્ચેના રસ્તાઓ કાપી નાંખ્યા છે. આમ, ચારે તરફથી નાકાબંધી કરીને ખોરાક, દવાઓ, પાણી તેમ જ અન્ય જીવન જરૂરિયાતની વસ્તુઓ ઉત્તર ગાઝામાં નહીં પહોંચવા દઈને ઇઝરાયલે સંપૂર્ણ માનવતાહીન કૃત્ય કર્યું છે.

❇

ટ્રમ્પ માત્ર ધૂની નહીં જુઠ્ઠાડો છે, એ પણ એણે વારંવાર પુરવાર કરી બતાવ્યું છે. યુક્રેન યુદ્ધ એક દિવસમાં બંધ કરાવવાનો તેનો દાવો હોય કે ઇઝરાયલ-ગાઝા યુદ્ધ રોકાવી દેવાની ડંફાસ હોય, કોઈ પૂરી થઈ નથી, ઊલટાનું મિડલ-ઇસ્ટમાં ઇરાન સાથે યુદ્ધનો નવો મોરચો ટ્રમ્પે ખોલી લીધો છે. વિયેતનામ, ક્યુબા કે અફઘાનિસ્તાન, અમેરિકાએ એની લડાઈઓ પારકા દેશમાં જ લડી છે એટલે સીધેસીધો અમેરિકન નાગરિકોને યુદ્ધ અને તેની હાલાકી શું હોય તેનો અનુભવ નથી.

વિયેતાનમ યુદ્ધ ૧૯૫૫થી ૧૯૭૫ વચ્ચે ચાલ્યું. તેમાં ૫૮,૨૨૦ અમેરિકન સૈનિકો માર્યા ગયા. યુદ્ધને કારણે અમેરિકન સૈન્યની જે ખુવારી થઈ અને લોકમત અમેરિકન સરકાર સામે વિફર્યો તેને પરિણામે અમેરિકાએ વિયેતનામ છોડવું પડ્યું.

આ જ સ્થિતિ, ૨૦૦૧થી ૨૦૨૧ દરમિયાન અફઘાનિસ્તાનમાં જ્યાં યુદ્ધ ચાલ્યું તેમાં થઈ. યોગાનુયોગ વિયેતનામ યુદ્ધ અને તાલિબાનો સામેનું અફઘાનિસ્તાન યુદ્ધ બંને ૨૦ વર્ષ ચાલ્યાં. અમેરિકાના નાકે દમ આવી ગયો પણ અફઘાન યુદ્ધમાં નિર્ણાયક વિજય ના મેળવી શકાયો. આ યુદ્ધમાં ૧૯૨૨ સૈનિકો માર્યા ગયા. યુદ્ધ બાદ અથવા દરમિયાન જે લોકોએ માનસિક હતાશામાં આપઘાત કર્યા તેમજ યુદ્ધમાં નહીં સંડોવાયેલા લોકો માર્યા ગયા તે આંકડાઓ આમાં સમાવિષ્ટ નથી.

આમ, અમેરિકાએ પોતાના લશ્કર, બૉમ્બથી માંડી અણુશસ્ત્રો સિવાયના દરેક હથિયારનું અહીં ટેસ્ટીંગ કરી લીધું અને આમ છતાં જગતની આ મિલિટરી સત્તા કાંઈ ઉકાળી શકી નહીં. હા, એક વાત જરૂર કહી શકાય કે અમેરિકન ડિફેન્સ પ્રોડક્શન ઇન્ડસ્ટ્રીને આનાથી મોટો ફાયદો



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

થયો હશે અને ૨૦ વર્ષ અફઘાનિસ્તાન અને ૨૦ વર્ષ વિયેતનામ એમ બે યુદ્ધોમાં અમેરિકામાં મૉતના સામાનનું ઉત્પાદન કરતો સંરક્ષણ ઉદ્યોગ ધમધમતો રહ્યો ! અમેરિકાની પ્રજાને અમેરિકાની તળ જમીન પર કોઈ જ મુશ્કેલી કે જોખમ વેઠવું પડ્યું નહીં એટલે અમેરિકાને ઘર આંગણે યુદ્ધ કરવાનો અને માઠાં ફળ મેળવવાનો કોઈ જ પ્રસંગ સાંપડ્યો નથી.

સોવિયેત યુનિયન દ્વારા તેની મિસાઈલ ક્યૂબામાં મૂકવામાં આવી તેને કારણે ઑક્ટોબર ૧૬થી ૨૮, ૧૯૬૨ના માત્ર ૧૩ દિવસ દરમિયાન અમેરિકા અને સોવિયેત યુનિયન વચ્ચે ક્યુબામાં થયેલી અથડામણ, જેણે આખી દુનિયાને એક ભયાનક યુદ્ધને આરે લાવીને ઊભી કરી દીધી હતી તેનું વર્ણન અહીં કરી લેવું પણ ઉચિત લાગે છે.

આ ૧૩ દિવસનો ગાળો એવો ગણી શકાય કે જે દરમિયાન અમેરિકા-રશિયા વચ્ચે ચાલતું શીતયુદ્ધ વકરીને પૂરા સ્કેલની ન્યુક્લિયર અથડામણમાં પરિણમે અને પરમાણુ હથિયારોનો પ્રયોગ થાય તે સ્તરે આવીને ઊભું રહી ગયું હતું. આખી દુનિયાના શ્વાસ અદ્ધર થઈ ગયા હતા. આમ થવાનું કારણ એ હતું કે ૧૯૬૧માં અમેરિકાએ ક્યુબામાં કાર્યરત ફિડલ કાસ્ટ્રોની કોમ્યુનિસ્ટ સરકારને ઉથલાવી પાડવા બે ઓફ પીગ્સ પર જે આક્રમણને ટેકો આપ્યો હતો તે નિષ્ફળ ગયું અને કાસ્ટ્રોએ રશિયા પાસે મિલિટરી સપોર્ટ માગ્યો.

૧૯૬૨માં રશિયામાં નિકિતા ક્રિશ્ચેવનું શાસન હતું અને એણે છૂપી રીતે ક્યુબામાં અણુ મિસાઇલ જે મોટા ભાગના અમેરિકા ઉપર ત્રાટકી શકે તેવી રીતે ગોઠવી હતી. અમેરિકાએ તુર્કિયેમાં પોતાની મિસાઇલ્સ ગોઠવી હતી. આ મિસાઇલ્સ જ્યાં જ્યાં ઊભી કરવામાં આવી હતી તે સાઈટ્સના અમેરિકાના જાસૂસી વિમાને ૧૪ ઑક્ટોબરે ફોટા પાડી લીધા અને તત્કાલીન અમેરિકન પ્રમુખ જ્હોન એફ. કેનેડીને આ બાબત જાણ કરવામાં આવી. આના પગલે પગલે કેનેડીએ ક્યુબાની નાકાબંધી કરવાની જાહેરાત કરી અને રશિયાનાં યુદ્ધ જહાજો આ નાકાબંધી તોડવા માટે ધસી ગયાં પણ છેલ્લી ઘડીએ એ સીધેસીધી અથડામણ ટાળીને પાછાં વળી ગયાં.

૨૭ ઑક્ટોબર, ૧૯૬૨ના દિવસે તણાવ તેની ચરમ સીમાએ પહોંચ્યો, જ્યારે અમેરિકાનું યુદ્ધ વિમાન-૨ ક્યુબા ઉપર તોડી પાડવામાં આવ્યું. તેમાં એનો પાઈલટ માર્યો ગયો. દરમિયાનમાં છૂપી વાટાઘાટો થકી અમેરિકન એટર્ની જનરલ રોબર્ટ એફ. કેનેડીએ સોવિયેત રાજદૂત આનાતોલે ડોબ્રીનીન સાથે વાટાઘાટો કરી એવી સમજૂતી કરી કે રશિયા ક્યુબામાંથી પોતાની મિસાઇલ્સ હટાવી દે તે સામે અમેરિકા તુર્કિયેમાંથી પોતાના મિસાઇલ્સ હટાવી દેશે અને ૨૮ ઑક્ટોબરે નિકિતા ક્રિશ્ચેવ દ્વારા ક્યૂબામાંથી મિસાઇલ્સ હટાવી લેવાની જાહેરાત કરવામાં આવી.

આખા જગતને જાણે અણુયુદ્ધના બારણે લાવી મૂક્યું હતું તે કટોકટીનો આ રીતે અંત આવ્યો. જે.એફ. કેનેડીએ અમેરિકન પ્રમુખ તરીકે જે રીતે આખીય આ કટોકટી ટાળવામાં ભાગ ભજવ્યો તેની વિશ્વભરમાં પ્રશંસા થઈ. કેનેડી લાઈબ્રેરીની ડિઝિટલ આર્કાઇવ્સ પરથી આ અંગેની વિગતો મળી શકે છે.

આ પૂર્વભૂમિકાનો ઉલ્લેખ એટલા માટે કર્યો કે, ૧૯૬૨માં પણ ક્યુબામાં ફિડલ કાસ્ટ્રોના શાસનને ઉથલાવી નાખવાની વાત હતી. ઇરાન પર હુમલામાં પણ માત્ર યુરેનિયમ એનરીચમેન્ટ ફેસિલિટીને તોડી પાડી ઇરાનને અણુ બૉમ્બ બનાવતું રોકવાની વાત જ નથી. ત્યાં પણ સત્તાપલટો કરી ખોમૈનીને હટાવી પોતાની કઠપૂતળી સરકાર બેસાડવાનો અમેરિકાનો ઇરાદો સ્પષ્ટ દેખાય છે. ઇઝરાયલ માત્ર તેના ટેકાથી આ લક્ષ્ય તરફ આગળ વધવાનો પ્રયત્ન કરી રહ્યું છે.

આજની તારીખે ચીન-તાઇવાન-યુએસ વચ્ચે તાઇવાન સ્ટ્રેઇટ - આવું બીજું ફ્લેશપોઇન્ટ છે, જે અમેરિકા, જાપાન, ઓસ્ટ્રેલિયા અને નાટો દેશોને યુદ્ધમાં ઘસડીને ઇન્ડોપેસિફિક યુદ્ધ નોતરી શકે છે, જે દુનિયાભરમાં અર્થવ્યવસ્થાને તેમજ સેમીકન્ડક્ટર સપ્લાય ચેનને ખાડામાં નાખી શકે છે.

દક્ષિણી ચીની સમુદ્ર (સાઉથ ચાઈના સી) આવો બીજો ફ્લેશ-પોઇન્ટ છે, જ્યાં અમેરિકા, ચીન અથવા એશિયન દેશો તેમજ AUKUS આવા યુદ્ધને જન્મ આપી શકે છે. તાજેતરમાં ફિલિપિન્સ અને ચીન વચ્ચેના સ્કારબોરો શોલ અને સ્પ્રાટ્લિ સાથેનો બનાવ અને અમેરિકાનાં યુદ્ધ જહાજોની વધતી જતી પ્રવૃત્તિ આનો નિર્દેશ કરે છે.

ત્રીજો આવો ફ્લેશપોઇન્ટ પૂર્વ યુરોપમાં રશિયા-નાટો બોર્ડર છે. યુક્રેન અને રશિયા વચ્ચે યુદ્ધ ચાલી રહ્યું છે. ચોથું દક્ષિણ કોરિયા, જાપાન અને અમેરિકાની સામે ઉત્તર કોરિયાનો કીમ જોંગ આવો ભડકો કરવાનું નિમિત્ત બની શકે છે. તાજેતરની રશિયા અને ઉત્તર કોરિયાની નજદીકી પણ જોખમી છે. પાંચમું ઇરાન, ઇઝરાયલ, અમેરિકાની આપણે વાત કરી ગયા છીએ. છઠ્ઠું ભારત-પાકિસ્તાન અને કાશ્મીર બોર્ડર, સાતમું આર્કટિક રિજિયનમાં રશિયા પોતાનો બેઝ વિકસાવી રહ્યું છે અને નાટોની પ્રવૃત્તિ પણ વધી રહી છે. મૂળભૂત રીતે ત્યાં પડેલા ભૂગર્ભ રિસોર્સિસ (સંપત્તિ)ને કારણે છે.

આમ, આખી દુનિયામાં એક કરતાં વધારે જગ્યાએ મોટું યુદ્ધ થઈ શકે એવી અને આખી દુનિયાને વિશ્વયુદ્ધ તરફ ખેંચવા માટેની પરિસ્થિતિ જન્મ લઈ ચૂકી છે. વિશ્વ એવી નાજુક પરિસ્થિતિમાં પહોંચ્યું છે કે ક્યારે ભડકો થાય અને વિશ્વને ભરખી જાય તે કહેવું મુશ્કેલ છે.

(સાભાર - ગુ.મિત્ર + જન્મભૂમિ + દિવ્યભાસ્કર)

**- ડૉ. જયનારાયણ વ્યાસ**

## *એક ક્ષણ*

***એક ક્ષણ જો યુદ્ધ અટકાવી શકો...***
***ટેન્ક પર માથું મૂકી ઊંઘી લઉં...***
***— માધવ રામાનુજ***



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# વૉર ઇકોનોમી : લોહીથી ખરડાયેલું અર્થતંત્ર

**વિ**શ્વમાં જેમ જેમ યુદ્ધોની કટોકટીની સ્થિતિ જન્મે છે તેમ તેમ શસ્ત્ર સરંજામની ડિમાન્ડ વધે છે. હાલમાં યુક્રેન-રશિયા, ઇઝરાયલ-પેલેસ્ટાઈન વચ્ચે યુદ્ધ ચાલી રહ્યું છે. હવે અમેરિકા અને ઇઝરાયલના ટારગેટ પર ઇરાન આવ્યું છે. સામે ઇરાને પણ ઇઝરાયલ પર હુમલો કર્યો છે અને અમેરિકાને ચેતવણી આપી છે. ચીન અને રશિયા આ યુદ્ધમાં કૂદ્યા નથી, પરંતુ વાતાવરણમાં શસ્ત્રોની ખપત વધી રહી છે. આ શસ્ત્રો વધ્યાં છે, તો તેનો લાભ કોને થઈ રહ્યો છે ? અને દુનિયામાં કોઈ ને કોઈ ખૂણે યુદ્ધ નિરંતર ચાલુ રહે તો તેમાં રસ કોને છે ? કારણ કે રશિયા-યુક્રેન અને હાલમાં ઇરાન સાથેના સંઘર્ષમાં એવાં કોઈ ઠોસ કારણો નથી; જે કારણે વાત યુદ્ધ સુધી જાય. એટલે જ સંભવત્ 'વૉર ઇકોનોમી' શબ્દ કોઈન થયો છે. આ 'વૉર ઇકોનોમી' એટલે યુદ્ધના અર્થતંત્ર વિશે રાજકીય વિશ્લેષક ફિલિપ લે બિલોને કહ્યું છે કે, ''આ એક એવી વ્યવસ્થા છે, જેમાં શસ્ત્રોનું ઉત્પાદન કરવામાં આવે છે, તે શસ્ત્રો જે-તે સ્થળોએ પહોંચાડવામાં આવે છે - જેથી હિંસા ચાલુ રહે.'' 'વૉર ઇકોનોમી'ને ચલાવવા માટે અમેરિકા હંમેશાં તત્પર રહ્યું હોય તેમ દેખાય છે. અમેરિકાનો ભાગ્યે જ એવો કોઈ સમય રહ્યો હોય જ્યારે તે કોઈ અન્ય દેશ સાથે સંઘર્ષમાં ન ઊતર્યું હોય.

અમેરિકા 'વૉર ઇકોનોમી'થી પોતાનું અર્થતંત્ર મોટું કરતું રહ્યું છે, તેવા અનેક પુરાવા નિષ્ણાતો ટાંકે છે. જેમ કે, પ્રથમ વિશ્વ-યુદ્ધમાં અમેરિકાની સરકારે પોતાની સત્તાનું વર્તુળ એટલું વિસ્તાર્યું કે તેઓ સ્વતંત્ર રીતે 'વૉર ઇન્ડસ્ટ્રીઝ બોર્ડ' સ્થાપી શકે. આ 'વૉર ઇન્ડસ્ટ્રીઝ બોર્ડ'થી અમેરિકા વધુ ને વધુ શસ્ત્રો ઉત્પાદન કરવા ઇચ્છતું હતું. એટલું જ નહીં, અમેરિકામાં આ બધી બાબતોનું આયોજન એટલું ઝીણવટથી થયું કે પોતાના દેશમાં ગરીબોને અનાજ મળે તે માટે નહીં, પણ રાષ્ટ્ર માટે મરી ફીટવા 'ફૂડ એડમિનિસ્ટ્રેશન' લાવવામાં આવ્યું. આ પ્રોગ્રામ અંતર્ગત અનાજમાં અન્ય પર નિર્ભર રહેવાનું ટાળી શકાય. 'વૉર ઇકોનોમી' કંઈ એમ જ ન ચાલે, તે માટે વ્યાપક સ્તરે પ્રોપગન્ડા પણ સરકાર કરે છે. અમેરિકામાં પ્રોપગન્ડા એ રીતે ખૂબ ચાલ્યો. અમેરિકામાં પ્રથમ વિશ્વયુદ્ધ દરમિયાન 'ફોર મિનટ મેન' નામનો એક પ્રોપગન્ડા ચલાવવામાં આવ્યો હતા. આ પ્રોપગન્ડા હેઠળ અમેરિકાના રાષ્ટ્રપતિ વુડ્રો વિલ્સન દ્વારા પસંદ કરવામાં આવેલા સ્વયંસેવકો વક્તવ્ય આપતા હતા. આ વક્તવ્યના મુદ્દા અમેરિકી સરકારનું 'કમિટિ ઓન પબ્લિક ઇન્ફોર્મેશન' નામનું ખાતું આપતું હતું. આ રીતે તે વખતે ૫,૨૦૦ સ્વયંસેવકોએ ૭૫,૦૦૦ જેટલાં ભાષણો આપ્યાં. તે વખતે આ ભાષણોને સાંભળનારાનો આંકડો ચાળીસ કરોડ સુધી પહોંચ્યો હતો.

સત્તાધીશોની આ રમત કોઈ સમજી શકતું નથી અને દરેક યુગમાં યુવાન પ્રજાને તે યુગના સત્તાધીશો નવી નવી ગોળી પીવડાવીને પોતાના પ્રોપગન્ડાનો પ્રચાર કરે છે. હાલમાં અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ઇરાન-ઇઝરાયલ યુદ્ધમાં કૂદી પડવાની ઘટનાનો અમેરિકામાં જ વિરોધ થઈ રહ્યો છે, પરંતુ આ વિરોધ વચ્ચે પણ ડોનાલ્ડ ટ્રમ્પ ટસના મસ થઈ રહ્યા નથી. તેનું કારણ ડોનાલ્ડ ટ્રમ્પ અમેરિકાના એક મોટા વર્ગને આવા પ્રોપગન્ડામાં ફસાવી શકે છે.

અમેરિકામાં બીજા વિશ્વયુદ્ધ દરમિયાન પણ સત્તાધીશોએ લોકો પાસેથી વધુ કર ઉઘરાવ્યો હતો. શસ્ત્રોના ઉત્પાદનમાં ઉપયોગમાં લેવાય તેવી ઘણી બધી ચીજવસ્તુઓની અછત માર્કેટમાં સર્જાઈ હતી, તેમ છતાં આ ચીજવસ્તુઓ પ્રાથમિક ધોરણે શસ્ત્રો તૈયાર કરવા મોકલાતી હતી. અમેરિકા વિશે આવું ઠોસ રીતે કેમ કહી શકાય કે તે શસ્ત્રોની સ્પર્ધામાં સૌથી આગળ રહે છે ? કારણ દુનિયામાં જે કંઈ શસ્ત્રો પાછળ નાણાં ખચાર્ય છે તેનો ૩૭% ભાગ માત્ર અમેરિકા ખર્ચે છે. બીજા ક્રમે વિશ્વમાં શસ્ત્રોમાં નાણાં ખર્ચનાર દેશ ચીન છે. તેનો હિસ્સો વિશ્વના ૧૨% જેટલો છે. રશિયા મહાસત્તા છે તેમ છતાં તેનો હિસ્સો અમેરિકાના મુકાબલે પાંચમા ભાગનો છે. મતલબ કે વિશ્વના શસ્ત્ર પાછળના ખર્ચમાં તેનો હિસ્સો ૫.૫% છે. આપણા દેશનો હિસ્સો ૩.૨% છે.

અમેરિકામાં શસ્ત્રોનો વેપાર વધતો રહ્યો છે, તેનું કારણ અમેરિકામાં શસ્ત્રોનાં ઉત્પાદનમાં અનેક પબ્લિક કંપનીઓ પણ જોડાયેલી છે. અમેરિકાનું રક્ષામંત્રાલય અનેક શસ્ત્રકંપનીઓ સાથે કોન્ટ્રાક્ટ કરે છે અને તેમને મસમોટો વેપાર આપે છે. આ ખાનગી કંપનીઓનો એકમાત્ર ઉદ્દેશ નફો હોય છે અને નફા માટે શસ્ત્રોનો ઉપયોગ થાય તે જરૂરી છે. કારણ કે પ્રોડક્ટસની સાઈકલ તો જ આગળ વધી શકે. અમેરિકાની કેટલીક કંપનીઓનો પ્રોફાઈલ જોઈએ તો પણ તેનો ખ્યાલ આવી શકે. જેમ કે, અમેરિકામાં 'લોકહીડ માર્ટિન' નામની પબ્લિક કંપની છે. ૫૦ વર્ષ પહેલાં સ્થપાયેલી આ કંપનીને અમેરિકાનાં શસ્ત્રોનો ૧૦ ટકા ભાગ ઉત્પાદન માટેનો કોન્ટ્રાક્ટ મળે છે. આ કંપની ફાઇટલ પ્લેન, મિસાઇલ, ક્રૂઝ મિસાઇલ, ફાયર કન્ટ્રોલ સિસ્ટમ ઉપરાંત પણ અનેક નાનાં-મોટાં શસ્ત્રો બનાવે છે. યુદ્ધના મેદાને જોઈતાં હોય તેવાં કેટલાંક સાધનોનું પણ આ કંપની ઉત્પાદન કરે છે.

આ કંપની શેરબજારમાં લિસ્ટિંગ થયેલી છે. ૨૦૨૪માં આ કંપનીની કુલ રેવન્યુમાં ૭૪% માત્ર ને માત્ર સરકાર પાસેથી મળી હતી. એટલું જ નહીં, લોબિઇંગ માટે એટલે કે પોતાની તરફેણમાં બિઝનેસ લઈ આવવા માટે આ કંપની વર્ષે દહાડે મિલિયન ડોલર્સ ખર્ચે છે. અમેરિકામાં શસ્ત્ર ઉત્પાદનમાં આવી બીજી એક કંપની 'રેયથિઓન ટેકનોલોજીસ કોર્પોરેશન' છે. આ કંપની તો હજુ પાંચ વર્ષ પહેલાં જ સ્થપાઈ હોય તેવું દર્શાવાય છે, પરંતુ ખરેખર આ કંપનીનાં અનેક વખત નામ બદલાયાં છે અને તે અનેક દાયકાઓથી અલગ-અલગ નામે અસ્તિત્વમાં રહી છે. 'RTX' નામની ઓળખાતી આ પબ્લિક કંપનીના શેર અત્યારે ખૂબ આગળ વધી રહ્યા છે. ગાઈડેડ મિસાઇલ, એર ડિફેન્સ, સેટેલાઈટ્સ અને ડ્રોન્સ માટે આ કંપની ખ્યાતનામ છે. આ કંપનીઓ પોતપોતાની ખપત વધુ ને વધુ થાય તે માટે પ્રયત્નશીલ હોય છે.

(જુઓ પાન નં. ૧૫)



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# જિંદગી અને મૉત : ગાઝા અને યુક્રેનની વાત

■ **Life and death : Israel's War on Gaza - July 27 2025 - The Hindu**

○ બીજા વિશ્વયુદ્ધના કાળમાં હિટલરે ૬૦ લાખ યહૂદીઓને મૉતને ઘાટ ઉતાર્યા હતા. ત્યારબાદ સમગ્ર વિશ્વમાં અલગ અલગ સ્થળે વસતા યહૂદીઓએ સામૂહિક શક્તિથી ૧૯૪૮માં ઇઝરાયલનું સર્જન કર્યુ. એક નમૂનારૂપ વસાહતો બનાવી. ઘણાં બધાં ક્ષેત્રે પ્રગતિ પણ કરી.

○ પરંતુ પેલેસ્ટાઇનની ભૂમિ પર ધીરે ધીરે તેણે પોતાનો કબજો વિસ્તારવાનું ચાલુ કર્યું. તેના કારણે જોર્ડન, સીરીઆ, લેબેનોન, ઇરાક સાથે સંઘર્ષ છેડાયો. પરંતુ ઇઝરાયેલ નબળું ન પડ્યું. વર્ષ ૧૯૬૭માં ૬ દિવસ યુદ્ધ ચાલ્યું, તેમાં પણ ઇઝરાયેલ યુદ્ધ જીતી ગયું. આરબ-ઇઝરાયેલ વચ્ચે નાનાં મોટાં યુદ્ધ થતાં રહ્યાં, વચ્ચે વચ્ચે શાંતિના કરાર પણ થતા રહ્યા.

○ આરબોએ - પેલેસ્ટાઇન લિબરેશન ઓરગેનાઈઝેશન (PLO) એ ૧૯૮૮માં પોતાને સ્વતંત્ર દેશ તરીકે જાહેર કર્યો. ૧૪૭ દેશોએ તેને માન્યતા આપી. યુ.એન.નું ૧૯૩મું રાજ્ય બન્યું. પરંતુ ઇઝરાયલ તેની જમીનોનો કબજો કરતું રહ્યું છે. પેલેસ્ટાઇન પોતાની ૬૦૨૦ ચો.કિ.મી જમીન જાળવી રાખવા સતત સંઘર્ષ કરતું રહ્યું છે.

આ છે પેલેસ્ટાઈન - ઇઝરાયલનો સાદી ભાષામાં ઇતિહાસ.

○ આપણે વધુ વાત ગાઝા-ઇઝરાયલ વૉરની કરવી છે. ગાઝા કોઈ અલગ દેશ નથી. પેલેસ્ટાઇનમાં આવેલી એક જમીનની પટ્ટીને ગાઝા સ્ટ્રીપ તરીકે ઓળખવામાં આવે છે. જેમાં ગાઝા સીટી આવેલી છે. ઇઝરાયલ સામે પેલેસ્ટાઇનનું હમાસ ગ્રુપ મહદઅંશે લડી રહ્યું છે. આ ગ્રુપ ૧૯૮૭માં બન્યું હતું. તેની ઓળખાણ છે - Nationalist Sunni Islamist Political Organisation with a military wing, the Qassam Brigades.

■ **મહાયુદ્ધારંભ ૭ ઑક્ટોબર ૨૦૨૩**

આપણે ૭ ઑક્ટોબર ૨૦૨૩ના રોજ ઇઝરાયલ-ગાઝા યુદ્ધના કારણે સર્જાયેલી પરિસ્થિતિ પર નજર નાંખીશું. આંકડાકીય માહિતી The Hindu છાપામાંથી મેળવી છે.

ઇઝરાયલ 'હમાસ'ને ખતમ કરવા માંગતું હતું. તેમજ ૨૫૧ લોકોને હમાસ કે અન્ય ગ્રુપના લોકોએ બંધક બનાવી દીધા હતા તેની મુક્તિ ચાહતું હતું. જોકે ૨૧ મહિનાના અંતે ઇઝરાયલ તેના લક્ષને પામી શક્યું નથી. પરંતુ ૧૪૮ બંધકોને મુક્ત કરવામાં આવ્યા છે. ઇઝરાયલના લશ્કરે ૮ બંધકોને છોડાવ્યા છે. કહેવાય છે હજુ ૫૦ બંધકો મુક્ત થયા નથી.

આ સમગ્ર કાળમાં ગાઝાને ખેદાનમેદાન કરી નાંખ્યું છે. ૨૩ લાખ લોકો ચારે બાજુથી ઘેરાઈ ગયા છે. ગાઝાની સમગ્ર જન સંખ્યાના ૨.૫૭ ટકા લોકો એટલે કે ૫૯૦૦૦ લોકો મૃત્યુ પામ્યા છે, જેમાં ૧૭૦૦૦ બાળકો છે. હજારોની સંખ્યામાં લોકો લાપતા છે. ગાઝાના ૧ લાખ, ૪૦ હજાર લોકો ઘાયલ છે. લોકોને પોતાના આવાસના સ્થાનેથી ખદેડી મૂકવામાં આવ્યા છે. ઘણા બધા લોકો ભૂખથી ટળવળે છે. યુ.એન.ના સમાચાર પ્રમાણે કમસેકમ રાહત છાવણીમાં રહેતા ૧૦૦૦ લોકોને ગોળીબાર કરીને મારી નાંખ્યા છે. ઇઝરાયલ તેના પર થતા આક્ષેપોને નકારે છે. હમાસની માંગ છે, ઇઝરાયલ ગાઝા ખાલી કરે.

■ **બાળકોના મૃત્યુ વિષે**

○ ઑક્ટોબર ૨૦૨૩થી જૂન ૨૦૨૫ સુધીમાં બાળકોને મારી નાંખવાની સંખ્યા ૩૮૮૨થી વધીને ૧૭ હજાર ૧૨૧ સુધી પહોંચી હતી.

○ એમ કહી શકાય કે ૭ ઑક્ટોબર ૨૦૨૩થી પ્રતિ માસ સરેરાશ ૮૧૫ બાળકોને મારી નાંખવામાં આવ્યાં છે.

○ આ બાળકોમાં ૯૩૭ બાળકો એક વર્ષ કે તેથી નાની ઉંમરનાં હતાં.

○ ૪૫૧૭ બાળકો એકથી પાંચ વર્ષનાં હતાં.

○ ૬૩૨૫ બાળકો ૬ થી ૧૨ વર્ષનાં હતાં.

○ ૫૩૪૨ બાળકો ૧૩થી ૧૭ વર્ષનાં હતાં.

■ **ઘાયલોની સ્થિતિ વિષે**

ઘાયલોની સંખ્યા ઑક્ટોબર ૨૦૨૩થી જુલાઈ ૨૦૨૫ સુધીમાં ૨૨૨૪૦થી વધીને ૧ લાખ, ૪૨ હજાર થઈ હતી. ૭ ઑક્ટોબર ૨૦૨૩ પ્રતિમાસ ૬૪૦૦ લોકો ઘાયલ થતા રહ્યા હતા.

યુદ્ધ કે આક્રમણમાં ઘાયલ થતાં બાળકો જેમની સારવાર દરમ્યાન જિંદગી બચાવવા માટે હાથ કે પગ કાપી નાંખવામાં આવે છે, તેવાં બાળકોની સંખ્યા વિશ્વમાં સૌથી વધારે જોવામાં આવી છે, તેમ યુનિસેફનો અહેવાલ છે.

■ **ખેતીલાયક જમીનની સ્થિતિ**

ગાઝામાં ડિસેમ્બર ૨૦૨૩થી માર્ચ ૨૦૨૫ સુધીમાં ખેતીલાયક કુલ જમીનને બરબાદ કરવાનું




પ્રમાણ ૮ ટકાથી વધીને ૮૦.૮ ટકા જેટલું થયું હતું. માની લો કે યુદ્ધ અટકી જાય તો તે પછી પણ ગાઝાના લોકો માટે ટકવાનું મુશ્કેલ કરી દીધું છે.

■ **ખાદ્ય સામગ્રીની ખૂબ જ ખરાબ સ્થિતિ**

ગાઝાની પ્રજા પર એક બાજુ ગોળીઓ વરસતી હતી. આવાસો પર બોમ્બ ઝિંકાતા હતા. ભૂખી, તરસી પ્રજાને જે પ્રમાણમાં અનાજ પ્રાપ્ત થવું જોઈએ તે પ્રમાણમાં ઇઝરાયલ અનાજને આવવા દેતું ન હતું. યુ.એન.ની ગણતરી પ્રમાણે પ્રતિ દિવસ ૫૦૦ ટ્રક અનાજ વહેંચાવું જોઈતું હતું પણ ટ્રકોને ઇઝરાયલ આવવા દેતું ન હતું.

ઇઝરાયલ યુ.એન. દ્વારા આવતી મદદને વિવિધ જાહેરાતો કરીને લોકો સુધી પહોંચવા દેતું ન હતું. ઑક્ટોબર ૨૦૨૪માં ખૂબ જ ઓછું અનાજ પહોંચેલું. ૨૩ જુલાઈ ૨૦૨૫ના રોજ ૧૦૦ જેટલી સામાજિક સંસ્થાઓ અને માનવઅધિકારો માટે કાર્યરત સંસ્થાઓએ જાહેર કર્યું કે ગાઝામાં ભૂખમરાની સ્થિતિ ચાલી રહી છે. ૨૬ જુલાઈ ૨૦૨૫ની આસપાસ ૧૨૭ લોકો ખોરાકના અભાવમાં મૃત્યુ પામ્યા હતા, જેમાં ૮૫ બાળકો હતાં. મુશ્કેલ પળોમાં લોકોની મદદ માટે દોડી ગયેલા ૫૦૦ જેટલા કાર્યકરો (એઈડ વર્કર્સ) અને ૨૦૦ જેટલા પત્રકારોને પણ મારી નાંખવામાં આવ્યા છે.

■ **બાળકો કુપોષણનો ભોગ બન્યાં**

૬ મહિનાથી ૫ વર્ષની ઉંમરનાં બાળકોને પૂરતું ખાવાનું મળતું ન હતું. સપ્ટેમ્બર-ઑક્ટોબર ૨૦૨૪ના ગાળામાં ૧૨૦૦૮ બાળકો તીવ્ર કુપોષણના અને ૪૮૦૩૩ બાળકો કુપોષણના ભોગ બન્યાં હતાં. જ્યારે એપ્રિલ-મે ૨૦૨૫ના ગાળામાં આ સંખ્યા અનુક્રમે ૧૪૧૦૬ અને ૫૬૪૨૫ થઈ ગઈ હતી.

જ્યાં ફુડ પેકેટ કે અન્ય ખોરાકની ચીજોનું વહેંચાણ થતું હોય ત્યાં મા-બાપ લેવા જાય તો તેમના પર ગોળીબાર કરવામાં આવતો હતો. વર્ષ ૨૦૨૫માં મે ૨૭થી જુલાઈ ૨૦૨૩ સુધીમાં ૧૦૦૦ લોકો વહેંચાતી અન્ન સામગ્રી લેવા ગયા હતા તે દરમ્યાન ગોળીઓના શિકાર બન્યા હતા.

■ **આવાસો પર બોમ્બમારો**

ગાઝામાં ૪ એપ્રિલ ૨૦૨૫ના ગાળામાં મકાનો પર બોમ્બમારો થતાં ૧૬૪ કોમર્શિયલ મકાનો, ૩૭૫ ઔદ્યોગિક કારખાનાઓ, ૪૦૪ ધાર્મિક સ્થળો, ૯૩૨ શિક્ષણ કેન્દ્રો અને ૨૦૯ જેટલી હૉસ્પિટલોનો ઇઝરાયલે ખાતમો બોલાવી દીધો હતો.

■ **ગાઝા મૃત્યુઆંક વિષે**

૭ ઑક્ટોબર ૨૦૨૩થી ઇઝરાયલે કરેલા હુમલામાં ડિસેમ્બર ૨૦૨૩ સુધીમાં મૃત્યુ આંક ૫૬૦૦૦ પર પહોંચ્યો હતો. ૧૫ મહિના પછી ૧૫ જાન્યુ.૨૦૨૫ના રોજ યુદ્ધ વિરામની જાહેરાત કરવામાં આવેલી પરંતુ ગોળીબાર ચાલુ રહ્યો. ૨૬ જુલાઈ ૨૦૨૫ સુધીમાં મૃત્યુ આંક ૫૯૬૭૬ સુધી પહોંચ્યો.

અલ ઝઝીરાના ૫ ઑગસ્ટ ૨૦૨૫ના સમાચાર પ્રમાણે ગાઝાના ૧ લાખ ૫૦ હજાર લોકો ઘવાયેલા છે જેને સારવારની જરૂર છે. નેચર-૨૭ જૂન ૨૦૨૫ના સમાચાર પ્રમાણે ગાઝામાં ૮૦,૦૦૦ લોકો મૃત્યુ પામ્યા છે. સ્ટેનલી જ્હોની, વિગ્નેશ, સમ્બવી તેમજ સાથી મિત્રોએ 'ધ હિંદુ'ના ૨૭ જુલાઈ ૨૦૨૫ના છાપામાં સારી એવી મહેનત કરીને પ્રજા સમક્ષ ગાઝાની સ્થિતિ અંગે જાણકારી આપી છે. ધન્યવાદ...

■ **રશિયા - યુક્રેન યુદ્ધનો અંત દેખાતો નથી**

આજના માહિતીના યુગમાં યુદ્ધ અંગેના સાચા સમાચારો મેળવવા મુશ્કેલ છે. પત્રકારો જાનના જોખમે યુદ્ધભૂમિમાં પ્રવેશે છે અને ક્યારેક જાન પણ ગુમાવે છે. વિવિધ સ્રોતોના સમાચારોમાં આંકડાઓ ભિન્ન મળતા રહેવાના. આ સ્થિતિમાં આપણે રશિયાના યુક્રેન પરના હુમલા અંગેની થોડી વિગતો પર નજર નાંખીએ.

વર્ષ ૧૯૯૧માં સોવિયેત યુનિયનનું વિઘટન થતાં કેટલાંક રાજ્યો સ્વતંત્ર થયાં, જેમાં યુક્રેનનો પણ સમાવેશ થાય છે. યુક્રેન સ્વાયત્ત બન્યા પછી પશ્ચિમી દેશો સાથે તેનો ઘરોબો વધવા લાગ્યો. તેની પાસે કુદરતી સંપત્તિ પણ ભરપૂર છે. તે 'Bread Basket of Europe' તરીકે જાણીતું બન્યું છે. ઘઉં અને મકાઈની નિર્યાત પણ કરે છે. જોકે યુદ્ધના કારણે અન્ન ઉત્પાદન નિર્યાત વ્યવસ્થા ખોરવાઈ ગઈ છે.

યુક્રેનની ખનિજ-Minerals-સંપત્તિ પણ સારી એવી છે. અમેરિકા અને યુરોપમાં તેની સારી માંગ પણ છે. Green Energyની ટેક્નોલોજીના વિકાસમાં તેની જરૂર પડે છે. મુખ્ય ખનિજોમાં ૦ લિથિયમ ૦ ગ્રેફાઇટ ૦ મેંગેનિઝ ૦ ટીટેનિયમ ૦ યુરેનિયમ ૦ બેરીલીયમ તેમજ ૦ રેર અર્થ એલીમેન્ટસ છે.

યુક્રેન પોતાના સંરક્ષણ માટે અથવા રશિયાના આક્રમણથી બચવા માટે NATO - North Atlantic Treaty Organization માં જોડાવાની ઇચ્છા ધરાવતું થાય છે. NATO ૩૨ દેશોનું સંગઠન છે (૩૦ યુરોપના દેશો, નોર્થ અમેરિકાના બે દેશો). આ તેમજ અન્ય Historical, Political કારણોથી ફેબ્રુઆરી ૨૦૧૪થી રશિયા યુક્રેન પર નાનાં મોટાં આક્રમણો કરતું રહ્યું છે. પરંતુ ૨૪ ફેબ્રુ. ૨૦૨૨થી તેનું પ્રમાણ વધી ગયું છે.

યુક્રેનમાં રાજકીય ઊથલપાથલો પણ ચાલતી રહી છે. રશિયા તરફી, રશિયા વિરોધી પ્રમુખો સત્તા પર આવતા જતા રહ્યા છે. આ સ્થિતિમાં ૨૦ મે, ૨૦૧૯ના રોજ Zelensky - ઝેલેન્સકી સત્તા પર આવે છે.

હાલ ચાલતા રશિયા-યુક્રેનના યુદ્ધને પુતિન અને ઝેલેન્સકીય વચ્ચેના યુદ્ધ તરીકે પણ ઓળખી શકીએ છીએ. ખુવારી બંને પક્ષે થાય છે પર વિશાળકાય રશિયાને યુક્રેન હંફાવી રહ્યું છે.

■ **મૃત્યુ પામેલા - ઘાયલ થયેલાની વિગતો**

○ ૨૪ ફેબ્રુઆરી ૨૦૨૨થી ૩૦ જૂન ૨૦૨૫ સુધીમાં યુક્રેનના ૧૩૫૮૦ નાગરિકોનાં મૉત થયાં છે અને ૩૪૧૧૫ ઘાયલ થયા છે.

○ ૨૪ ફેબ્રુઆરી ૨૦૨૨થી ડિસે. ૨૦૨૪ દરમિયાન રશિયાના ૩૯૪ નાગરિકો મૃત્યુ પામ્યા છે.

○ ૨૪ ફેબ્રુઆરી ૨૦૨૨થી ૨૧ મે ૨૦૨૫ સુધીમાં યુક્રેનના ૭૦,૯૩૫ સૈનિકો મર્યા છે. ૬૪,૯૯૫ સૈનિકો લાપતા છે, ૬૦૮૭ને પકડી લેવામાં આવ્યા છે.

○ ૨૪ ફેબ્રુઆરી ૨૦૨૨થી ૧ ઑગસ્ટ ૨૦૨૫ સુધીમાં રશિયાના ૧ લાખ, ૨૧ હજાર, ૫૦૭ સૈનિકો મૃત્યુ પામ્યા છે.

■ **સામાન્ય લોકોના જનજીવન પર અસર**

○ ફેબ્રુઆરી ૨૦૨૫ સુધી ૩૭ લાખ લોકો પોતાના આવાસને છોડીને આઘાપાછા થઈ ગયા છે. જ્યારે ૬૯ લાખ લોકોએ અન્ય સ્થળોએ આશ્રય લીધો છે, રેફ્યુજી બની ગયા છે. તેઓએ ઝેક રિપબ્લિકમાં, તુર્કીમાં, બ્રિટનમાં આશરો લીધો છે. રશિયાના સૈનિકો ત્યાંના નાગરિકોને પણ મારી નાંખે છે અને સ્ત્રીઓ પર બળાત્કાર કરે છે. આરોગ્ય કેન્દ્રો પર હુમલો કરે છે. સાંસ્કૃતિક કેન્દ્રો પર, મ્યુઝિયમો, લાઈબ્રેરીઓને નુકસાન પહાંચાડ્યું છે.

■ **અમારાં શસ્ત્રો લો - ખનિજો આપો**

અમેરિકાએ યુક્રેન સાથે કરાર કર્યા છે, જેમાં ૫૦ જેટલાં ખનિજોના બદલામાં અમેરિકા મિલિટરી ક્ષેત્રે તેમજ અન્ય રીતે મદદ કરશે. અમેરિકા હાલ ચીન પાસેથી ખનિજ ખરીદે છે તેના સ્થાને યુક્રેન પાસેથી હવે ખરીદી કરશે. અમેરિકા યુક્રેનના ૫૦ ટકા ખનિજો ખરીદી લેવા માંગે છે.

આના કારણે યુક્રેન રશિયા સાથે બાથ ભીડી રહ્યું છે. બીજી બાજુ અમેરિકાની જેમ રશિયાની નજર પણ યુક્રેનનાં ખનિજો પર છે. પુતિનને ઝેલેન્સકીયમાં Neo Nazis દેખાય છે જે યુક્રેન રશિયા તરફી લોકોને ખતમ કરવા માંગે છે.

અમેરિકન પ્રમુખ ટ્રમ્પ માને છે કે પુતિન સાથે વાટાઘાટો કરીને યુક્રેન સાથેનું યુદ્ધ ખતમ કરશે. બીજી બાજુ અમેરિકા રશિયાના તેલના વ્યાપારમાં આડું આવે છે. વિશ્વના દેશો રશિયાનું તેલ ન ખરીદે તેવાં ફરમાનો જાહેર કરે છે.

**- રજની દવે**



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# અમેરિકા, યુકે અને યુરોપના શાસકો માટે યુદ્ધ, મૃત્યુ અને વિનાશ એ નફો મેળવવાના વ્યવસાયો છે

ઇઝરાયેલી વડાપ્રધાન બેન્જામિન નેતાન્યાહુના હાથ પેલેસ્ટીની લોહીથી રંગાયેલા છે અને તેઓ આજે પૃથ્વી પર સૌથી વધુ નફરત કરનારી વ્યક્તિ બની ગયા છે. ગાઝામાં પેલેસ્ટીનીઓ પર દાયકાઓથી કરવામાં આવેલ તેમની અનંત બર્બરતાને ધ્યાનમાં રાખીને કેટલાક લોકો તેમને યહૂદી હિટલર તરીકે વર્ણવે છે. ૮ ઑક્ટોબર ૨૦૨૩થી નેતાન્યાહુ ગાઝામાં બોમ્બમારો કરી રહ્યા છે અને પેલેસ્ટીનીઓની હત્યા કરી રહ્યા છે, જે એક સમયે માત્ર શરણાર્થી શિબિર હતી તે આજે કબ્રસ્તાન બની ગયું છે. છતાં તેમનો નરસંહાર અવિરત ચાલુ રહ્યો છે.

આઈરિશ સંસદસભ્ય, થોમસ ગોલ્ડે આઈરિશ સંસદમાં જણાવ્યું હતું કે નેતાન્યાહુ અને તેમની સરકારને નરકમાં મોકલવા પાત્ર છે. હેગ સ્થિત આંતરરાષ્ટ્રીય ફોજદારી અદાલત, આઈસીસીએ નેતાન્યાહુને યુદ્ધ-ગુનેગાર જાહેર કર્યા હતા અને તેમના યુદ્ધગુનાઓ માટે ધરપકડ અને કેસ ચલાવવા ઇચ્છે છે.

ઇઝરાયેલે આઈસીસીને વોરંટ પાછું ખેંચવા અથવા તેને અમાન્ય કરવા કહ્યું હતું. તેણે કોર્ટને પેલેસ્ટીનમાં થયેલા ગુનાઓની તપાસ સ્થગિત કરવા પણ હાકલ કરી હતી. ન્યાયાધીશોએ કહ્યું કે કોર્ટ પાસે આ આદેશ જારી કરવાનો કાનૂની અધિકાર છે. તેમણે ઇઝરાયેલના એવા દાવાને નકારી કાઢ્યો કે વોરંટ શંકાસ્પદોના માનવઅધિકારો અથવા આંતરરાષ્ટ્રીય કાયદાનું ઉલ્લંઘન કરે છે.

નેતાન્યાહુના ગુનાના ભાગીદાર અને પેલેસ્ટીની લોહીથી રંગાયેલા હોય તેવા રાષ્ટ્રપતિ ટ્રમ્પ, નેતાન્યાહુને યુદ્ધગુનેગાર ગણાવતા ચુકાદાને રદ કરવા માટે ICC - (International Crime Court) પર દબાણ કરી રહ્યા છે. જોકે, ICCએ તે નકારી કાઢ્યું છે.

આ યુદ્ધગુનેગાર નેતાન્યાહુનું આ મહિને વ્હાઈટ હાઉસમાં યુનાઈટેડ સ્ટેટ્સના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા સંપૂર્ણ સન્માન અને આદર સાથે સ્વાગત કરવામાં આવ્યું હતું. જે વિશ્વના એકમાત્ર સુપર પાવરના સૌથી શક્તિશાળી રાષ્ટ્રપતિ છે, જેને અમેરિકાના અબજોપતિ ઝાયોનિસ્ટ યહૂદીઓ દ્વારા ઇઝરાયેલી હિતોની સેવા કરવા માટે સત્તામાં સ્થાપિત કરવામાં આવ્યા છે.

ટ્રમ્પ તેમના પુરોગામી જો બાઈડનની જેમ પેલેસ્ટીનીઓ સામેના તેમના નરસંહારમાં ઇઝરાયેલ સામે સક્રિય ભાગીદાર રહ્યા છે. પશ્ચિમના દેશો દ્વારા પણ આ હત્યાઓ સ્વીકારવામાં આવી હતી. આરબ સરમુખત્યાર સહિત બાકીની દુનિયા ફક્ત મૂકપ્રેક્ષક બની રહી છે. યુએસ રાષ્ટ્રપતિ નેતાન્યાહુનું સન્માન કરે છે, કદાચ સંયુક્ત રીતે મધ્યપૂર્વને વધુ નાશ કરવાનું કાવતરું ઘડે છે, અને યુકે અને યુરોપ સાથે મળીને પેલેસ્ટીનીઓ સામે નેતાન્યાહુના યુદ્ધ ગુનાઓને ખુલ્લેઆમ સમર્થન આપે છે. અમેરિકાએ ગાઝામાં ઇઝરાયેલી નરસંહારનો અંત લાવવા માટે સંયુક્ત રાષ્ટ્રના અનેક ઠરાવોને પણ વીટો કર્યા અને ICC ને અપંગ બનાવતા યુ.એન.ને બિનઅસરકારક બનાવ્યું છે.

આ દરમિયાન, કબજા હેઠળના પેલેસ્ટીની પ્રદેશમાં માનવાધિકારની સ્થિતિ પર સંયુક્ત રાષ્ટ્રના વિશેષ સંવાદદાતા ફ્રાન્સેસ્કા આલ્બેનીઝે એવા દેશો પર પ્રહાર કર્યા જેમણે નેતાન્યાહુને યુનાઈટેડ સ્ટેટ્સ જતા સમયે તેમના હવાઈ ક્ષેત્રમાં ઉડાન ભરવાની મંજૂરી આપી હતી, અને તેમણે સૂચવ્યું કે તેઓએ આંતરરાષ્ટ્રીય કાયદા હેઠળની તેમની જવાબદારીઓનું ઉલ્લંઘન કર્યું છે.

આલ્બેનીઝે કહ્યું કે ઈટાલી, ફ્રાન્સ અને ગ્રીસની સરકારોએ એ સમજાવવાની જરૂર છે કે તેઓએ નેતાન્યાહુને ''સલામત માર્ગ'' કેમ પૂરો પાડ્યો છે, જેમને સૈદ્ધાંતિક રીતે આંતરરાષ્ટ્રીય સ્તરે વોન્ટેડ શંકાસ્પદ તરીકે ''ધરપકડ કરવા માટે જવાબદાર'' હતા જ્યારે તેઓ વાટાઘાટો માટે તેમના પ્રદેશમાંથી ઉડાન ભરી રહ્યા હતા. આ ત્રણેય દેશો રોમ કાયદા પર હસ્તાક્ષર કરનારા છે, જે સંધિએ ૨૦૦૨માં હેગ સ્થિત ICCની સ્થાપના કરી હતી.

૯ જુલાઈના રોજ યુએસ સરકારે ફ્રાન્સેસ્કા અલ્બેનીઝ પર પ્રતિબંધો લાદ્યા હતા. ૩૦ જૂનના રોજ તેમનો નિંદાત્મક અહેવાલ પ્રકાશિત થયો હતો, જેમાં તેમણે ૬૦થી વધુ કંપનીઓનાં નામ આપ્યાં હતાં, જેમાં ગૂગલ, એમેઝોન અને માઇક્રોસોફ્ટ જેવી મોટી યુએસ ટેકનોલોજી કંપનીઓનો સમાવેશ થાય છે, જેમાં તેમણે કહ્યું હતું કે આ કંપનીઓ ઇઝરાયેલના અર્થતંત્રને નરસંહારના અર્થતંત્રમાં રૂપાંતરિત કરવામાં સામેલ હતી.

અલ્બેનીઝે કહ્યું કે તે અમેરિકા દ્વારા લાદવામાં આવેલા પ્રતિબંધોથી અવિચલિત છે. એવું લાગે છે કે હું ખૂબ જ થાકી ગયો છું. મારી ચિંતા એ છે કે જ્યારે તમે અને હું બોલી રહ્યા છીએ ત્યારે ગાઝામાં લોકો મરી રહ્યા છે અને સંયુક્ત રાષ્ટ્ર દખલ કરવામાં સંપૂર્ણપણે અસમર્થ છે.

આ પગલાની નિંદા કરતા પ્રખ્યાત કટારલેખક ક્રિસ હેજેસે એમ કહ્યું હતું કે : ફ્રાન્સેસ્કા અલ્બેનીઝ પર ટ્રમ્પ વહીવટીતંત્ર દ્વારા પ્રતિબંધ, એ આંતરરાષ્ટ્રીય કાયદાના શાસનના અંતનો એક અપશુકનિયાળ સંકેત છે. જ્યારે ગાઝામાં નરસંહારનો ઇતિહાસ લખાશે ત્યારે ન્યાય અને આંતરરાષ્ટ્રીય કાયદાનું પાલન કરવા માટે સૌથી હિંમતવાન અને સ્પષ્ટવક્તા ફ્રાન્સેસ્કા આલ્બેનીઝ હશે, જેમના પર ટ્રમ્પ વહીવટીતંત્ર પ્રતિબંધ મૂકી રહ્યું છે.

આંતરરાષ્ટ્રીય ફોજદારી અદાલત દ્વારા ન્યાય મેળવવા માટે આલ્બેનીઝ પર પ્રતિબંધ મૂકવાનો યુએસ સરકારનો નિર્ણય વાસ્તવમાં યુએન નિષ્ણાતને તેનું કામ કરવા બદલ, પેલેસ્ટીનીઓ સામે ઇઝરાયેલી ઉલ્લંઘનો વિશે સત્ય બોલવા તેમજ સરકારો અને કોર્પોરેશનોને ભાગીદાર ન બનવા માટે હાકલ કરવા બદલ ચૂપ કરવાની સજા છે. અમેરિકા આવા ગંભીર



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

દુર્વ્યવહારમાંથી બચી ગયેલા લોકો જેના પર આધાર રાખે છે તે ધોરણો અને સંસ્થાઓને તોડી પાડવા માટે કામ કરી રહ્યું છે. યુએન અને આઈસીસીના સભ્ય દેશોએ વિશ્વના સૌથી ખરાબ ગુનાઓ માટે ન્યાય ન આપવા બદલ યુએસ સરકારના પ્રયાસોનો સખત વિરોધ કરવો જોઈએ અને અલ્બેનીઝ પરના ભયંકર પ્રતિબંધોની નિંદા કરવી જોઈએ.

યુએનના ઉચ્ચ માનવાધિકાર અધિકારીઓએ ફ્રાન્સેસ્કા અલ્બેનીઝને લક્ષ્ય બનાવીને અમેરિકા દ્વારા લાદવામાં આવેલા પ્રતિબંધો પર ગંભીર ચિંતા વ્યક્ત કરી છે. તેઓ આ નિર્ણયને રદ કરવાની હાકલ કરી રહ્યા છે, અને ચેતવણી આપી રહ્યા છે કે તે વ્યાપક આંતરરાષ્ટ્રીય માનવાધિકાર પ્રણાલીને નબળી પાડી શકે છે.

કટારલેખક એલોન્સો ગેરામેન્ડીએ કહ્યું કે ઇઝરાયેલ અમેરિકા યુએનના ઇતિહાસમાં આંતરરાષ્ટ્રીય જવાબદારી પદ્ધતિઓ પર સૌથી ભયંકર હુમલો કરી રહ્યા છે. આના પર પ્રતિક્રિયા આપતા, યુએનના પ્રવક્તા સ્ટેફન ડુજારિકે જણાવ્યું હતું કે સ્પેશિયલ રેપોર્ટર્સ પર પ્રતિબંધો લાદવાથી ''ખતરનાક મિસાલ'' સ્થાપિત થાય છે. સ્પેશિયલ રેપોર્ટર્સ અથવા અન્ય કોઈપણ યુએન નિષ્ણાત અથવા અધિકારી સામે એકપક્ષીય પ્રતિબંધોનો ઉપયોગ અસ્વીકાર્ય છે. યુએન માનવઅધિકારોના ઉચ્ચ કમિશ્નર વોલ્કર ટર્કે માનવ અધિકાર પરિષદ દ્વારા નિયુક્ત સ્પેશિયલ રેપોર્ટર સામેના પ્રતિબંધોને ''તાત્કાલિક રદ કરવા'' હાકલ કરી હતી. તેમણે કહ્યું કે, ''ઉગ્ર મતભેદ હોવા છતાં, યુએન સભ્ય દેશોએ દંડાત્મક પગલાં લેવાને બદલે નોંધપાત્ર અને રચનાત્મક રીતે જોડાવવું જોઈએ.''

યુએન માનવ અધિકાર પરિષદના પ્રમુખ જુર્ગ લૌબરે પણ યુએસ દ્વારા દંડાત્મક પગલાં પર ખેદ વ્યક્ત કર્યો હતો. એક નિવેદનમાં તેમણે ભાર મૂક્યો હતો કે કાઉન્સિલના આદેશને પૂર્ણ કરવામાં સ્પેશિયલ રેપોર્ટર્સ ''એક આવશ્યક સાધન છે'' અને તમામ રષ્ટ્રોને તેમની સાથે ''સંપૂર્ણ સહયોગ'' કરવા વિનંતી કરી હતી. તેમણે કહ્યું કે, હું તેમની સામે ધાકધમકી અથવા બદલો લેવાના કોઈ પણ કૃત્યથી દૂર રહેવા યુએનના તમામ સભ્ય દેશોને હાકલ કરું છું.

અમેરિકાએ અલ્બેનીઝ પર પ્રતિબંધ મૂકવાથી, તેમની રાજદ્વારી પ્રતિરક્ષાને કારણે આંતરરાષ્ટ્રીય ન્યાય અદાલત (ICJ)માં કાનૂની કાર્યવાહી કરવાની હાકલ કરવામાં આવી છે. માનવ અધિકાર દિગ્ગજ એમ્નેસ્ટી ઇન્ટરનેશનલના વડા અને ન્યાયિક યુએનના ભૂતપૂર્વ ખાસ સંવાદદાતા એગ્નેસ કેલામાર્ડે જણાવ્યું કે આ એક ખતરનાક ઉદાહરણ છે કારણ કે તે બધા ખાસ સંવાદદાતાઓ માટે એક ભયાનક અસર પેદા કરે છે. તે તેમની સ્વતંત્રતા અને કોઈ પણ પ્રકારના ભય અથવા દબાણ વિના તેમનું કાર્ય કરવાની તેમની પ્રતિબદ્ધતાને નબળી પાડે છે. આ એવું જોખમ છે કે અન્ય સરકારો જો ખાસ સંવાદદાતા અહેવાલથી નાખુશ અથવા અસંતુષ્ટ હોય તો તેઓ પણ આવા પ્રતિબંધો લાગુ કરવામાં સામેલ થઈ શકે છે.

યુએનના વિશેષ સંવાદદાતાઓ સ્વતંત્ર નિષ્ણાતો છે જેમને જીનીવા સ્થિત સંયુક્ત રાષ્ટ્ર માનવ અધિકાર પરિષદ (UNHRC) દ્વારા ચોક્કસ માનવ અધિકાર મુદ્દાઓ અથવા દેશની પરિસ્થિતિઓ પર દેખરેખ રાખવા, અહેવાલ આપવા અને સલાહ આપવા માટે નિયુક્ત કરવામાં આવે છે.

તેમ છતાં, રાજ્યો તરફથી રાજકીય ઇચ્છાશક્તિ અથવા સહકારના અભાવે તેમની અસરકારકતા મર્યાદિત થઈ શકે છે, ખાસ કરીને જ્યારે તેઓને એક્સેસ નકારવામાં આવે છે અથવા તેમની ભલામણોને અવગણવામાં આવે છે. ખાસ સંવાદદાતાઓને આંતરરાષ્ટ્રીય કાયદા હેઠળ રાજદ્વારી પ્રતિરક્ષા મળે છે, જેમાં પ્રતિબંધો જેવા કાનૂની પગલાથી રક્ષણનો સામવેશ થાય છે. જોકે, માનવઅધિકાર નીતિઓની તેમની ટીકાને કારણે, તેઓ ઘણી વાર રાજ્યો દ્વારા બદલો લેવાનો ભોગ બને છે. કેલામાર્ડ અને અલ્બેનીઝ સહિત કેટલાક અધિકારીઓને પર્સોના નોન ગ્રેટા જાહેર કરવામાં આવ્યા છે અથવા તેમને મુકદ્દમાની ધમકી આપવામાં આવી છે.

ગુજરાત ટૂડે, ૨૫-૭-૨૦૨૫ **– લતીફ ફારૂક**

(સૌ.ધ મુસ્લિમ મિરર.કોમ)

---

**વૉર ઈકોનોમી...** (પાન ૧૧નું ચાલુ)

૨૦૨૩ના નવેમ્બર મહિનામાં 'આરટીએક્સ' દ્વારા મોટા પ્રમાણમાં શસ્ત્રો ઇઝરાયલ જઈ રહ્યાં હતાં, ત્યારે અમેરિકામાં શાંતિ ઇચ્છતા લોકોએ કંપનીના દરવાજા પર જઈને વિરોધ પ્રદર્શન કર્યું હતું. એટલું જ નહીં, આ કંપનીએ પોતાના નફા માટે અમેરિકાના પ્રતિસ્પર્ધી ચીન સાથે પણ કેટલીક માહિતીની આપલે કરી હતી અને પ્રોડક્ટ પણ વેચી હતી. આ પૂરા મુદ્દાને લઈને 'RTX' ને બસો મિલિયન ડોલરનો દંડ કરવામાં આવ્યો હતો. આ રીતે વિશ્વમાં શસ્ત્રોના સૌથી મોટા કોન્ટ્રાક્ટ મેળવતી કંપનીઓમાં ટોપ ફાઇવ તો અમેરિકાની છે. તે પછી બ્રિટન, ફ્રાન્સ અને ચીનની કંપનીઓ છે. અને એટલે જ સૌથી વધુ શસ્ત્રો નિકાસ કરવામાં અમેરિકા પ્રથમ સ્થાને આવે છે. બીજા સ્થાને રશિયા છે, તે પછી બ્રિટન, ફ્રાન્સ સહિતના યુરોપના દેશો છે. ઉપરાંત ચીન પણ છે. શસ્ત્રોની ઇન્ડસ્ટ્રીઝને લઈને વિશ્વમાં જાણીતી સંસ્થા 'સ્ટોકહોમ ઇન્ટરનેશનલ પીસ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ' કાર્યરત છે. આ સંસ્થા મુજબ દુનિયામાં ૨૦૧૯થી ૨૦૨૩ સુધી જે શસ્ત્રો નિર્યાત થયાં તે મુખ્યત્વે અમેરિકા, ફ્રાન્સ, રશિયા, ચીન અને જર્મનીથી થયાં છે. આ દેશોનો નિર્યાતનો હિસ્સો ૭૫ ટકાની આસપાસ પહોંચે છે.

હવે યુદ્ધમાં પૂરું વિશ્વ હિસ્સો લે અને વિશ્વયુદ્ધ જેવી સ્થિતિ સર્જાય કે ન સર્જાય, પરંતુ શસ્ત્રોનો વેપાર અનેકગણો વધી રહ્યો છે. આ વેપારથી જ વિશ્વમાં સતત સંઘર્ષ ઊભો થાય છે. રાજકીય નેતાઓ જ્યારે કોઈ નિર્ણય લે છે – જેમ ડોનાલ્ડ ટ્રમ્પે ઇરાન પર હુમલો કરવાનો નિર્ણય લીધો – તેની પાછળ તેની દેશ પ્રત્યેની ભાવના હોય કે વિશ્વશાંતિની વાત હોય તે માત્ર કહેવા પૂરતી છે, બાકી તો શસ્ત્રોના મસમોટા વેપારીઓ યુદ્ધ માટેનું મેદાન તૈયાર કરે છે અને તેમાં સામાન્ય લોકો હોમાય છે. અમેરિકા જેવા દેશોને તો આ પૂરા ખેલમાં આંચ પણ નહીં આવે.

સાભાર : ગુજરાત સમાચાર **– પ્રશસ્ત પંડ્યા**



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# યુદ્ધોમાં માત્ર રાજ્યસત્તાઓ જ નહીં, બહુરાષ્ટ્રીય કોર્પોરેશનો પણ સંડોવાયેલાં હોય છે

ગાઝામાં ઇઝરાયેલનું લશ્કરી અભિયાન તેના ૨૨મા મહિનામાં પ્રવેશી રહ્યું છે, ત્યારે વિશ્વ આંતરરાષ્ટ્રીય કાયદા અને માનવઅધિકારો પ્રત્યેની આપણી સામૂહિક પ્રતિબદ્ધતાની નિર્ણાયક કસોટીનો સામનો કરી રહ્યું છે. યુએનના વિશેષ સંવાદદાતા ફ્રાન્સેસ્કા અલ્બેનીઝનો નવો અહેવાલ એક ભયાનક વાસ્તવિકતા રજૂ કરે છે : ૬૦થી વધુ બહુરાષ્ટ્રીય કોર્પોરેશનો - જેમાં એમેઝોન, માઇક્રોસોફ્ટ, આલ્ફાબેટ (ગૂગલ) જેવી 'મોટી ટેક', લોકહીડ માર્ટિન અને એલ્બિટ સિસ્ટમ્સ જેવા સંરક્ષણ ઉત્પાદકો, ઓનલાઈન ટ્રાવેલ એજન્સી Bookings.com અને હોમસ્ટે અને પર્યટન કંપની પણ સામેલ છે, તેણી તેને 'નરસંહારની અર્થવ્યવસ્થા' કહે છે.

અલ્બેનીઝ દલીલ કરે છે કે, આ કોર્પોરેશનો નિષ્ક્રિય પ્રેક્ષકો નથી - તેઓ સક્ષમકર્તા છે, ગાઝા પર ઇઝરાયેલના યુદ્ધ અને પેલેસ્ટીની પ્રદેશ પર તેના દાયકાઓથી ચાલતા ગેરકાયદેસર કબજામાંથી નફો મેળવી રહ્યાં છે. શસ્ત્રોના ઉત્પાદનથી લઈને ક્લાઉડ કમ્પ્યુટિંગ, બાયોમેટ્રિક સર્વેલન્સથી લઈને વેસ્ટ બેંકમાં ગેરકાયદેસર વસાહતોમાં રિયલ એસ્ટેટ લિસ્ટિંગ સુધી, આ કંપનીઓની સંડોવણી નૈતિક ઉદાસીનતા જ નહીં પરંતુ કાનૂની સંડોવણી પણ દર્શાવે છે.

અલ્બેનીઝનો આ અહેવાલ ફક્ત માનવઅધિકાર દસ્તાવેજ નથી; તે વૈશ્વિક કોર્પોરેટ વ્યવસ્થાનો આરોપ છે, જેમાં સામૂહિક હિંસા એ બજાર માટે એક તક બની જાય છે. આ કોઈ નવી વાર્તા નથી. સમગ્ર ઇતિહાસમાં, કોર્પોરેશનોએ શક્તિશાળી રાષ્ટ્ર-રાજ્યોની મૌન મંજૂરી અથવા સક્રિય પ્રોત્સાહન અને યુદ્ધ અને સંઘર્ષમાંથી નફો મેળવ્યો છે.

બંને વિશ્વયુદ્ધો દરમિયાન, જર્મનીમાં ક્રુપ અને આઈજી ફાર્બેન, યુએસમાં જનરલ મોટર્સ અને યુકેમાં વિકર્સ જેવી કંપનીઓએ લશ્કરોને સશસ્ત્ર બનાવવા અને હિંસાની મશીનરીને બળતણ આપવા માટેના ઉત્પાદનમાં વધારો કર્યો હતો. નાઝી જર્મનીમાં, ઔદ્યોગિક કંપનીઓએ શાસનને ટેન્કોથી લઈને ઝાયક્લોન-બી ગેસ સુધીની દરેક વસ્તુ પૂરી પાડી હતી. IBM જેવા કેટલાક પર યહૂદીઓને સૂચિબદ્ધ કરવા અને લક્ષ્ય બનાવવા માટે ઉપયોગમાં લેવાતી પંચ-કાર્ડ સિસ્ટમ્સ પ્રદાન કરીને નરસંહારને સરળ બનાવવાનો આરોપ મૂકવામાં આવ્યો છે.

રંગભેદના દક્ષિણ આફ્રિકામાં, બહુરાષ્ટ્રીય કંપનીઓએ અશ્વેત બહુમતી લોકોને દબાવવા માટે ઉપયોગમાં લેવાતાં વાહનો અને દેખરેખ સાધનો પૂરાં પાડીને શાસનને ટેકો આપ્યો. ઇરાક અને અફઘાનિસ્તાનમાં, હેલિબર્ટન/ કેબીઆર અને બ્લેકવોટર જેવી કંપનીઓએ બિડ-નો-બિડ કરારોમાં અબજો રૂપિયા કમાયા છે. પુનર્નિર્માણ અને ખાનગી સુરક્ષાને કોર્પોરેટ નફામાં ફેરવી દીધી છે.

વૅગનર ગ્રુપ જેવી રશિયન કંપનીઓએ સુદાન અને સમગ્ર આફ્રિકામાં સંઘર્ષ ક્ષેત્રોનો ઉપયોગ કરીને લશ્કરી, રાજકીય અને આર્થિક પ્રવૃત્તિઓના મિશ્રણ દ્વારા નોંધપાત્ર આવક ઉત્પન્ન કરી છે. સુદાનમાં, વૅગનરે કુદરતી સંસાધનોની વિશેષાધિકૃત ઍક્સેસના બદલામાં RSF દળોને લશ્કરી સહાય, શસ્ત્રો અને તાલીમ આપીને આકર્ષક સોનાની ખાણકામની છૂટછાટો મેળવી છે. એ જ રીતે, ચીની સંરક્ષણ કંપનીઓ, ખાસ કરીને નોરિન્કો અને ચેંગડુ એરક્રાફ્ટ જેવી રાજ્ય-માલિકીના દિગ્ગજોએ તાજેતરના ભારત-પાકિસ્તાન લશ્કરી સંઘર્ષમાંથી નોંધપાત્ર નફો મેળવ્યો છે.

જોકે, ગાઝાનો કેસ આ ઐતિહાસિક પેટર્નનું એક અનોખું આધુનિક પુનરાવર્તન પ્રદાન કરે છે. લોકહીડ માર્ટિન એફ-૩૫ ફાઈટર જેટ પ્રોગ્રામનું નેતૃત્વ કરે છે. જે ઇઝરાયેલનાં બોમ્બમારા અભિયાનોમાં મોટા પાયે ઉપયોગમાં લેવાતાં વિમાનોનો પુરવઠો પૂરો પાડે છે. ૧૮,૦૦૦ પાઉન્ડથી વધુ ઓર્ડનન્સ વહન કરવામાં સક્ષમ આ જેટ્સે ગાઝાના પડોશીઓને કાટમાળમાં ફેરવવામાં મદદ કરી છે. ૨૦૨૩ અને ૨૦૨૪ની વચ્ચે, ઇઝરાયેલી લશ્કરી ખર્ચમાં ૬૫ ટકાનો વધારો થયો છે, જેમાં મુખ્ય શસ્ત્ર ઉત્પાદકોએ રેકોર્ડ બ્રેક નફો નોંધાવ્યો છે.

પેલેન્ટિર, IBM અને હેવલેટ પેકાર્ડે સોફ્ટવેર, ડેટાબેઝ અને પોલિસિંગ ટૂલ્સ પૂરાં પાડ્યાં છે, જે લક્ષ્યોને ઓળખવામાં અને પેલેસ્ટીની ચળવળને નિમંત્રિત કરવામાં મદદ કરે છે. પરિણામ યુદ્ધનું ડિજિટલ, સ્વચાલિત, સ્કેલેબલ અને અત્યંત નફાકારક બને છે.

મોટી ટેક કંપનીઓ આ અર્થતંત્રનો આધારસ્તંભ બની ગઈ છે. એમેઝોન અને ગૂગલ, ૧.૨ બિલિયન પ્રોજેક્ટ નિમ્બસ કરાર હેઠળ, ઇઝરાયેલી સરકાર અને સૈન્યને ક્લાઉડ અને એઆઈ સેવાઓ પૂરી પાડે છે. ઑક્ટોબર ૨૦૨૩માં જ્યારે ઇઝરાયેલનું આંતરિક લશ્કરી ક્લાઉડ તૂટી પડ્યું, ત્યારે માઇક્રોસોફ્ટ એઝ્યુરે મહત્ત્વપૂર્ણ માળખાકીય સુવિધાઓ પૂરી પાડી હતી.

આ સેવાઓ, જે એક સમયે લોજિસ્ટિક્સ અથવા ગ્રાહક સપોર્ટ માટે માર્કેટિંગ કરવામાં આવતી હતી, તે હવે સ્વચાલિત કિલ લિસ્ટ અને યુદ્ધભૂમિ વિશ્લેષણને સક્ષમ કરે છે. અલ્બેનીઝ ચેતવણી આપે છે કે, આ બેવડા ઉપયોગની ટેકનોલોજીનો ઉપયોગ માનવ-અધિકારોનું ઉલ્લંઘન છે - અને વાસ્તવિક વસ્તી પર તેનું પરીક્ષણ કરીને, ગાઝાને ભવિષ્યના લશ્કરી ઉપયોગો માટે પ્રયોગશાળામાં ફેરવી દેવામાં આવ્યું છે.

સોફ્ટવેર અને સેન્સર ઉપરાંત, કબજાના ભૌતિક માળખાનું પણ વ્યાપારીકરણ કરવામાં આવ્યું છે. કેટરપિલર અને વોલ્વો પેલેસ્ટિનિયન ઘરોને તોડી પાડવા માટે ઉપયોગમાં લેવાતા બુલડોઝર સપ્લાય કરે છે. Booking.com અને Airbnb ગેરકાયદેસર વેસ્ટ બેન્કની વસાહતોમાં વેકેશન ભાડાની યાદી આપે છે, જે અસરકારક રીતે વસાહતીકરણના પ્રવાસનમાંથી નફો મેળવે છે. આ દરમિયાન, ઓર્બિયા અને ગ્લેનકોર જેવી કંપનીઓ સિંચાઈ અને બળતણ પૂરું પાડે છે, જપ્ત કરેલી જમીન પર ગેરકાયદેસર કૃષિ વિકાસને ટકાવી રાખે છે. બ્લેકરોક અને વેનગાર્ડ



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

જેવી બેંકો અને એસેટ મેનેજરો આમાંનાં ઘણાં કોર્પોરેશનોમાં મોટો હિસ્સો ધરાવે છે, અને તેમના યુદ્ધ સંબંધિત પોર્ટફોલિયામાંથી વળતર મેળવે છે.

ગઠબંધનની આ વિશાળ સપ્લાય ચેઇન વિશ્વીકરણ આકસ્મિક નથી. તે કોર્પોરેટ આર્કિટેક્ચરમાં જ માળખાકીય પ્રોત્સાહનોને પ્રતિબિંબિત કરે છેઃ યુદ્ધ, વિસ્થાપન અને દમન તેમના માટે નફાકારક છે. આફ્રિકામાં રબર અને ખનિજોના વસાહતી શોષણથી લઈને ડેમોક્રેટિક રિપબ્લિક ઓફ કોંગોમાં કોલ્ટનના તાજેતરના ખાણકામ સુધી, ઘણી વાર બળજબરીથી મજૂરીનો ઉપયોગ કરીને અને સંઘર્ષને વેગ આપવા સાથે કોર્પોરેશનોએ સતત લોકોની પીડામાંથી પોતાનાં નાણાં મેળવવાના રસ્તાઓ શોધી કાઢ્યા છે.

પાલેન્ટિર જેવી સર્વેલન્સ અને સાયબર સુરક્ષા કંપનીઓ 'આતંકવાદ સામે યુદ્ધ' દરમિયાન આગળ વધી છે. મીડિયા હાઉસ સંઘર્ષ દરમિયાન આવકમાં વધારો કરે છે. નાણાંકીય સંસ્થાઓ યુદ્ધ બોન્ડ અને સંરક્ષણ સ્ટોકમાંથી નફો કરે છે. નેસલે અને કારગિલ જેવી ખાદ્ય અને લોજિસ્ટિક્સ કંપનીઓ પણ સામૂહિક હિંસાના ક્ષેત્રમાં કાર્યરત છે. તેમના પર ક્યારેક બળજબરીથી મજૂરી સાથે લાભ લેવાનો આરોપ મૂકવામાં આવે છે.

અને તેમ છતાં, આ જવાબદારી દુર્લભ છે. કેટલીક કંપનીઓએ કાનૂની અને પ્રતિષ્ઠાનાં પરિણામોનો સામનો કરવો પડ્યો છે. ઉદાહરણ તરીકે, ફોક્સવેગન અને સિમેન્સે આખરે નાઝીવાદીઓના શાસનકાળમાં બળજબરીથી મજૂરીનો ઉપયોગ સ્વીકાર્યો છે. પરંતુ ઘણી વાર, કોર્પોરેશનો જટિલ સપ્લાય ચેઈન, લોબિંગ અને કાનૂની છટકબારીઓ દ્વારા ન્યાયથી બચી જાય છે.

ગાઝામાં, અલ્બેનીસનો અહેવાલ સ્પષ્ટ કરે છે કે, આંતરરાષ્ટ્રીય કાયદો ફક્ત રાજ્યો પર જ નહીં પરંતુ ખાનગી કંપનીઓ માટે પણ જવાબદારીઓ નક્કી કરે છે. કોર્પોરેટ સંસ્થાઓ અને તેમના અધિકારીઓને યુદ્ધગુનાઓ, નરસંહાર અને માનવતા વિરુદ્ધના ગુનાઓમાં મદદ કરવા અને પ્રોત્સાહન આપવા માટે ફોજદારી રીતે જવાબદાર ઠેરવી શકાય છે.

હવે આપણે શું કરવું જોઈએ તે સ્પષ્ટ છે. પ્રથમ, યુએન સુરક્ષા પરિષદે રિપોર્ટમાં નામ આપવામાં આવેલી કંપનીઓ પર પ્રતિબંધો લાદવા જોઈએ, તેમની સંપત્તિઓ સ્થગિત કરવી જોઈએ અને સભ્ય-રાષ્ટ્રોને સરકારી કરારો રદ કરવા કહેવું જોઈએ.

તેનું એક ઉદાહરણ આ છે : આ પ્રતિબંધોએ દક્ષિણ આફ્રિકામાં રંગભેદને દૂર કરવામાં મદદ કરી અને બાલ્કન યુદ્ધ અર્થતંત્રોમાં કોર્પોરેટ સંડોવણી ઘટાડી હતી. બીજું, સભ્ય-રાષ્ટ્રોની નાણાંકીય સંસ્થાઓએ આ કંપનીઓમાંથી વિનિવેશ કરવો જોઈએ. પેન્શન ભંડોળ, સાર્વભૌમ સંપત્તિ ભંડોળ અને સંપત્તિ સંચાલકો નરસંહારમાંથી નફો કરવાની સાથે તટસ્થતાનો દાવો કરી શકતા નથી. ત્રીજું, પશ્ચિમની અદાલતોએ સાર્વત્રિક અધિકાર-ક્ષેત્રના સિદ્ધાંત હેઠળ આવા અધિકારીઓ સામે કાર્યવાહી શરૂ કરવી જોઈએ.


ઘણા યુરોપિયન દેશોએ કથિત યુદ્ધગુનેગારીનો કેસ ચલાવવા માટે આવા કાયદાઓનો ઉપયોગ પહેલાથી જ શરૂ કરી દીધો છે. તેઓ કોર્પોરેટ નેતાઓ માટે સમાન ધોરણ લાગુ કરી શકે છે અને તે લાગુ કરવું જ જોઈએ.

આંતરરાષ્ટ્રીય સમુદાયે પણ આગળ વધવું જોઈએ. રોમ કાયદામાં કોર્પોરેટ જવાબદારીનો સ્પષ્ટપણે સમાવેશ થાય તે રીતે નક્કી થવું જોઈએ. આંતરરાષ્ટ્રીય ફોજદારી અદાલત (ICC)એ ફક્ત સેનાપતિઓ અને મંત્રીઓ જ નહીં પરંતુ સીઈઓ પણ તપાસવાં જોઈએ, જેઓ જાણી જોઈને સામૂહિક હિંસા માટે મશીનરી પૂરી પાડે છે. વળતર અંગે પણ વિચાર કરવો જોઈએ, ફક્ત રાજ્યો તરફથી જ નહીં પરંતુ પેલેસ્ટીનીઓના દુઃખમાંથી નફો મેળવનારી કંપનીઓ પાસેથી પણ તે લેવો જોઈએ. રંગભેદ પછીના દક્ષિણ આફ્રિકામાં રંગભેદ સંપત્તિ કર, પુનર્નિર્માણ માટે ભંડોળ પૂરું પાડી શકે છે અને વિસ્થાપિત સમુદાયોને ટેકો આપી શકે છે.

ફ્રાન્સેસ્કા અલ્બેનીઝનો અહેવાલ માત્ર એક ખુલાસો જ નથી, તે એક રોડમેપ પણ છે. તે કોર્પોરેશનોનાં નામ આપે છે, તેમનાં રોકાણો પર નજર રાખે છે અને આવા કરારોનો પર્દાફાશ કરે છે. તે એવી માંગ પણ કરે છે કે આપણે એવો ડોળ કરવાનું બંધ કરીએ કે આર્થિક હિંસા કોઈ પણ રીતે શારીરિક હિંસાથી અલગ છે. જો આપણે ગાઝામાં ભયાનકતાનો અંત લાવવા અને ભવિષ્યમાં નરસંહાર અટકાવવા માટે ગંભીર છીએ, તો તેમની પાછળની કોર્પોરેટ મશીનરીને તોડી નાંખવી જોઈએ.

સૌજન્ય : ગુ.ટુડે. **– અશોક સ્વેન**

(લેખક સ્વીડનની ઉપ્સલા યુનિવર્સિટીમાં શાંતિ અને સંઘર્ષ સંશોધનના પ્રોફેસર છે)






YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# અમેરિકામાં ગુલામોની વ્યથા કથા

**૧૬૧૯**માં પૂર્વ અમેરિકાના વર્જીનિયા રાજ્યના જેમ્સટાઉન બંદરે બિસ્માર હાલતમાં એક ડચ વહાણ લાંગર્યું. એ વહાણમાં વીસ હબસીઓ હતા. આફ્રિકાથી ગુલામી માટે લઈ અવાયેલા. એ સાલથી અમેરિકામાં હબસીઓનો વેપાર અને જુલમભર્યા ગુલામીકાળનો આરંભ થયો. ૨૦૧૯માં અમેરિકાએ તેની ચારસોમી તિથિ ઊજવી. ૧૬૧૯થી શરૂ થયેલો હબસીઓનો વેપાર અને ગુલામ તરીકે વેઠેલી યાતનાઓનો દોર લગભગ અઢીસો વર્ષ - ૧૮૬૧ સુધી અમેરિકાના આંતરવિગ્રહ સુધી ચાલ્યો. શરૂઆતમાં અહીં આવેલા હબસીઓ ગુલામ નહોતા પણ બંધુવા મજૂર હતા. અમુક વરસ અહીંના પ્લાન્ટેશનમાં મજૂરી કર્યા પછી તેઓ સ્વતંત્ર થઈ જમીન પણ ખરીદી શકતા. એથી એક અર્થમાં તેઓ ગુલામ ન હતા. પણ અમેરિકામાં ઉપલબ્ધ વિશાળ જમીન પર ઊભાં થતાં પ્લાન્ટેશનો માટે વધુ ને વધુ મજૂરોની જરૂર ઊભી થઈ અને તેથી અંતે અમુક વર્ષ તરીકેની તેમની નોકરી આજીવન ગુલામીમાં તબદીલ થઈ ગઈ.

એ પછીનાં વરસોમાં તો આફ્રિકાથી ગુલામોની આયાતે એક ધીકતા વેપારનું સ્વરૂપ લીધું. આટલાન્ટીક મહાસાગર પાર કરી ચાલતા ગુલામોના આ વેપારને 'આટલાન્ટીક વેપાર'નું નામ મળ્યું. એ વેપાર ત્રણ પાંખિયો હતો. આફ્રિકાથી લઈ જવાયેલા ગુલામોને અમેરિકા, કેરેબિયન અને બ્રાઝિલ જેવા દેશોમાં વેચવામાં આવતા. ગુલામોની મજૂરી થકી અમેરિકામાં ઉત્પન્ન થતો કપાસ અને તમાકુ જેવો કાચો માલ યુરોપ મોકલવામાં આવતો અને યુરોપથી તૈયાર થતો માલ આફ્રિકાના ગરીબ દેશોને વેચવામાં આવતો. મોટાભાગના હબસી ગુલામો પશ્ચિમી આફ્રિકાના સેનેગલ, ગામ્બીયા, આઈવરીકોસ્ટ, ઘાના, બેનીન, જેવા દેશોમાંથી આવતા. એ વિસ્તારમાં મળી આવેલા સોનાને લીધે એક વખત 'ગોલ્ડકોસ્ટ' 'સુવર્ણકાંઠા' તરીકે ઓળખાતો વિસ્તાર સમય જતાં સોનાથી પણ કિંમતી એવા ગુલામોના વ્યાપારનું કેન્દ્ર બન્યો.


ગુલામોના વેપારમાં સ્થાનિક હબસી વેપારીઓ પણ સામેલ હતા. કબીલા વચ્ચેના યુદ્ધમાં પકડાયેલ કેદીઓ અને અસહાય લોકોને અંતરિયાળ પ્રદેશોમાંથી પકડીને કાંઠા પર બાંધેલા કિલ્લેબંધ ગોડાઉનમાં રાખતા. કેટલાક રસ્તામાં મરી જતા તો કેટલાક ગુલામો માટેના ગોડાઉનમાં. યુરોપિયન વેપારીઓ આવતા અને બંદૂક, પિસ્તોલ, દારૂ અને કપડાંને બદલે ગુલામો ખરીદતા. ગુલામોની નિકાસ માટે વહાણ આવતું અને બધા ગુલામોને વહાણમાં ધકેલાતા. સમય જતાં વસ્તુ-વિનિમયને બદલે તે પૈસાનો ધીકતો વેપાર બની ગયો.

પોતાનાં ખેતર, પાદર, ગામ, વતન અને સગાં વહાલાઓને છોડી આવેલા એ અભાગી ગુલામોની કઠણાઈની આ તો શરૂઆત જ હતી. પહેલાં તો વેપારી માલવાહક જહાજમાં તેમની નિકાસ થતી પછી જેમ જેમ ગુલામોની માંગ વધતી ગઈ તેમ તેમ ગુલામોની નિકાસ માટેનાં ખાસ ડિઝાઈનનાં વહાણો તૈયાર કરવામાં આવ્યાં કે જેથી એક જ ખેપમાં વધુમાં વધુ ગુલામો સમાવી શકાય. પુરુષ ગુલામોને વહાણના ભંડકિયામાં સામસામે માથું રહે તેમ સૂવરાવી હાથે પગે બાંધીને રાખવામાં આવતા. પડખું પણ ન ફરી શકે તેમ ખીચોખીચ ભરવામાં આવતા. દિવસ રાતથી અજાણ અંધારિયા ભંડકિયામાં પગે ઘસાતી બેડીઓની પીડા અને સાંકળનો ખડખડાટ અને સમુદ્રના પેટાળનું અંધારું એ જ એમનું નસીબ. કેદીઓ વિદ્રોહ ન કરે માટે અલગ અલગ જાતિ કબીલાના ગુલામોને પાસપાસે રખાતા કે જેથી એકબીજાની ભાષા જાણતા ન હોવાથી અંદરોઅંદર સંતલત કરી વિદ્રોહ ન કરી શકે.

ભરી બંદૂકનો ચોકી પહેરો તો ખરો જ. અંગો જકડાઈ ન જાય માટે થોડા સમય માટે જ પુરુષ કેદીઓને કસરત માટે ડેક પર લવાતા. ત્યારે જ તેઓ સૂરજનો પ્રકાશ કે દરિયો જોઈ શકતા. ફરી પાછા અંધારા ભંડકિયામાં. સ્ત્રીઓ બાળકોને ડેક પાસેની કેબીન પાસે રખાતાં જેથી ગોરા ખલાસીઓ જ્યારે મન થાય ત્યારે તેમને ભોગવી શકે. જમવાનું તો એટલું જ મળતું કે શરીર ટકી શકે. આમ શરૂ થતી તેમની દોજખભરી લાંબી પીડાદાયક બે મહિનાની સફર. બે મહિનાનો એકએક દિવસ તેમને વરસો જેવો લાગતો. ક્યારેક દરિયો તોફાની હોય, હવામાન અનુકૂળ ન હોય તો સફરમાં ચાર મહિના પણ નીકળી જતા. કુપોષણ અને રોગને લીધે દસમા ભાગના કેદીઓ તો સફર દરમ્યાન જ મરી જતાં. મરેલા ગુલામનું મડદું ડેક પર લવાતું અને દરિયાને હવાલે કરાતું. શાર્ક જેવી હિંસક માછલીઓને જાણે જયાફત મળી જતી. એક અંદાજ મુજબ અમેરિકા ખંડ શોધાયા પછી ઈ.સ. ૧૫૦૦ થી ૧૮૬૬માં ગુલામીના કાયદેસર અંત સુધીમાં આફ્રિકાથી એક કરોડ વીસેક લાખ જેટલા ગુલામોની બ્રાઝિલ, કેરેબિયન ટાપુઓ અને અમેરિકામાં નિકાસ થઈ, જેમાંના દસ ટકાથી પણ વધારે ગુલામો - લગભગ અઢાર લાખ જેટલા તો મુસાફરી દરમ્યાન જ મૃત્યુ પામ્યા. જીવતા રહ્યા એ પણ કાંઈ નસીબદાર ન હતા. કાળી ગુલામી તેમની રાહ જોઈને જ બેઠી હતી.

પશ્ચિમ આફ્રિકાના કાંઠેથી મોટા વહાણમાં ધકેલી ભંડકિયામાં ભંડારી રખાયેલા ગુલામોને તો આ ફરતી-તરતી જેલમાં સાંકળથી બંધાઈ રહી અમેરિકા સુધીની બે ત્રણ મહિનાની સફરમાં ખલાસીઓનો માર, રોગચાળો, ગંદકી, માંદગી અને ભંડકિયાનું અંધારું જ વેઠવાનાં હતાં. બે ત્રણ મહિનાની દોઝખભરી સફર પછી દેખાયેલી અમેરિકાની ભૂમિ તેમના માટે યુરોપિયન વસાહતીઓ માટે હતી તેવી 'આશાભૂમિ' 'પ્રોમીસીંગ લેન્ડ' ન હતી. હા, ભંડકિયાના અંધારામાંથી છૂટ્યાનો થોડો આનંદ હશે પણ અહીં ગુલામી, કાળી મજૂરી અને અવહેલના તેમની રાહ જોઈ રહ્યાં હતાં.

કાંઠે ઊતરતાં જ તેમને નવરાવી ચોખ્ખા કરવામાં આવતા. તેઓ વધુ સ્વસ્થ દેખાય તે માટે




**પીડ પરાઇ**
પૃષ્ઠ - ૨૧૦ વર્ષ ૨૦૨૪
કિંમત રૂા.૩૪૦/-
યુદ્ધો દરમ્યાન લશ્કરે નહીં પણ સામાન્ય નાગરિકોએ જે સહન કર્યું તેનો દર્દનાક કરૂણ ચિતાર
પ્રકાશક : ZenOpus અમદાવાદ-૯
ફોન : ૦૭૯-૨૬૫૬૧૧૧૨




YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

તેમને ડિલે તેલ ચોળાતું અને થોડા ભૂખરા થયેલા વાળને મેશ ચોપડી કાળા કરાતા. ઉદ્દેશ એક જ કે જાહેર હરાજીમાં તેમના વધારે ભાવ ઊપજે. એ પછી તેમની શારીરિક પરીક્ષા શરૂ થતી : તેમની ઉંમર, બાંધો હાથ પગના સ્નાયુઓ, મોંમાંના દાંત બધું વિગતે ચકાસાતું અને તે પ્રમાણે તેમના ભાવ ઊપજતા. ભવિષ્યના ગુલામોને જન્મ આપનારી ગુલામ સ્ત્રીઓની ચકાસણીમાં તેમની વય અને તેમના બાંધાની સાથે સાથે તેમનું રૂપ પણ જોવામાં આવતું કારણ કે માલિકની શારીરિક ભૂખ ભાંગવા પણ એ કામમાં આવતી. બીમાર અશક્ત ગુલામોના ઓછા પૈસા ઊપજતા. કેટલાક ચતુર ગણતરીબાજ વેપારીઓ આવા સસ્તા ગુલામોને ખરીદી તેમની સારવાર કરી તેમને ઊંચા ભાવે ફરી વેચી નફો રળી લેતા.

અહીં આવ્યા પછી અજાણ્યા મુલકમાં તેઓ એક વસ્તુરૂપ ગુલામો જ હતા. તેમનું વર્તન, કબીલો, ધર્મ, ભાષા રિતરિવાજ બધું લૂંટાઈ ગયું હતું – તેમનું નામ સુધ્ધાં. ગુલામીની નિશાની તરીકે તેમનાં ઉઘાડાં ડિલ પર ડામ દેવાતો. ગુલામોનો વેપાર ખૂબ નફાકારક હતો. એક ગુલામના એ જમાનામાં હજાર બારસોથી લઈ પંદરસો ડોલર મળતા, આજના જમાના પ્રમાણે પણ એ ચાલીસ હજાર ડોલર જેટલી ઊંચી કિંમત થાય. એ પછી તો અમેરિકાનાં બંદરો પરથી ગુલામોના વેપારની ખેપ જ શરૂ થઈ ગઈ.

અહીં અમેરિકાના ગોરા વસાહતીઓ કરતાં તેમને ઊતરતી જાતના માનવીઓ જ લેખાતા. અમેરિકાની વણખેડાયેલી વિશાળ જમીન તેમની રાહ જ જોઈ રહી હતી. અહીં સામૂહિક રીતે તેમને ચોખા અને કપાસ તમાકુ જેવા રોકડિયા પાકના મોટા પ્લાન્ટેશનમાં ખેતમજૂરી માટે જોતરવામાં આવ્યા. તેમની કાળી મજૂરીથી મબલખ પાક થતો, જેની ઇંગ્લેંડમાં નિકાસ થતી અને માલિકો માલદાર થતા. એ સમયે ગુલામો રાખવા એ સામાજિક મોભો ગણાતો. જેટલા વધુ ગુલામોનો માલિક તેટલો તે વધુ પ્રતિષ્ઠિત. પોતાના વતન દેશથી વિખૂટા પડ્યા પછી અહીં રહ્યું હતું તેમનું નાનું-શું કુટુંબ, પણ ગુલામ થયા પછી પોતાના કુટુંબથી પણ તેમને વિખૂટું પડવું પડતું. પતિ એક માલિકને વેચાયો હોય તો પત્ની બીજા માલિકને તો સંતાન વળી સાવ કોઈ ત્રીજા જ માલિકને. નસીબજોગે કોઈ દંપતી સાથે રહ્યાં તો પણ કેટલો વખત સાથે રહી શકશે તેનું કહેવાય નહીં. શક્ય છે કાલે સવારે કોઈ બીજાને વેચી દેવાય. એક વાર છૂટા પડ્યા પછી ફરી મળી શકવાની કોઈ શકયતા જ ન હતી. આખી જિંદગી તેમના વગર ઝૂરવું અને તેમને ભૂલવું એ જ નસીબ હતું.

નાના પ્લાન્ટેશનમાં માલિકીની સીધી દેખરેખમાં રહેતા ગુલામો પર પ્રમાણમાં ઓછો ત્રાસ ગુજારાતો. પણ પ્લાન્ટેશનો મોટેભાગે વિશાળ જ રહેતા. ગુલામોની દેખરેખ ઓવરસીયરો મુકાદમો કરતા. ઘોડે ચડી ઓવરસિયરો ખેતરમાં ચડી આવતા. કોઈ જો કામ ધીમું કરતું હોય તો તેમને હડકાવી ધુત્કારી ચાબુકથી ફટકારતા. મુકાદમની ખીજ ઓછી ન થાય ત્યાં સુધી ચાબુક ખાવી પડતી.

અજાણ્યો દેશ, ભાષા આવડે નહીં. એવા સંજોગોમાં છટકીને ભાગવું પણ અશક્ય. કોઈ ગુલામ જો સામું બોલે કે ભૂલેચૂકે ય જો સામો થાય, તો ઝાડ સાથે બાંધી લોહીના છાંટા ઊડે ત્યાં સુધી ચાબુકના ફટકા સહન કરવા પડતા. ભાગી જવાની કોશિશ કરે તો મોટેભાગે તો પકડાઈ જ જાય. પછી તો તેને ભડાકે જ દેવાતો કે ઝાડ પર ફાંસીએ જ લટકાવાતો. તેનું લટકતું શબ બીજા ગુલામને માટે દાખલો બેસાડવા લટકતું જ રાખવામાં આવતું.

ગુલામ સ્ત્રીને કાં તો ખેતમજૂરીમાં જોતરાવું પડતું કાં તો ઘરનોકર તરીકે ઘરકામમાં. નાનાં બાળકો પણ ગુલામીમાંથી બાકાત નહીં. કુમળી વયે ગજા બહારનું કામ કરવું પડતું. માલિકની મરજી હોય તો જ તેઓ લગ્ન કરી શકે. લગ્ન પછી ય માલિક દ્વારા પત્નીનું જાતીય શોષણ પતિએ મૂંગા મોંએ જોયા કરવું પડતું. તેમને સંતાનો થાય તો પણ ખાતરી ન હોય કે જિંદગીભર તેમની સાથે જ રહેશે. થોડાં મોટાં થયે તેમને બીજે વેચી પણ દેવાય. એવું જ પતિ-પત્નીનું. આજે સાથે હોય તો કાલે ખબર નહીં બીજે વેચી પણ દેવાય. પછી તો આ જન્મે, આ ભવે ફરી ભેગાં ન થાય.

સૌજન્ય : પુસ્તક 'પીડ પરાઈ' **– યજ્ઞેશ દવે**

---

**મનને જાણીએ...** (પાન ૩નું ચાલુ)

તેમ છતાં સપનાં આવે છે તો તેને બરોબર ચકાસવાં જોઈએ. કોઈ પણ માણસે પોતાના સ્વપ્નમાં શું જોયું – તે ચકાસશે તો તેના પરથી તે પોતાના મનની પરીક્ષા કરી શકશે. જાગૃત અવસ્થામાં સામાન્ય રીતે મન અંકુશમાં રહેતું હોય છે, એ સમયે આપણે કામમાં ઓતપ્રોત હોઈએ છીએ, ત્યારે પણ આપણો મન પર અંકુશ રહેતો હોય છે. પરંતુ સ્વપ્નમાં તો મન જેવું છે, એવું જ રહેતું હોય છે. અને એટલા માટે મનની પરીક્ષા સ્વપ્નમાં થાય છે.

સ્વપ્નજય અંગે મારા મનમાં સતત ચિંતન ચાલતું રહે છે. જે કોઈ વ્યક્તિને ઉત્તમ રીતે મનોનિગ્રહ સધાઈ ચૂક્યો છે, એવી વ્યક્તિનો સ્વપ્ન પર કાબૂ આવી ગયો હશે. બીજું, જો શરીર અને મન આ બંને સમાનરૂપે સ્વસ્થ રહેતાં હશે અને તેવી વ્યક્તિઓને સમત્વયુક્ત કર્મયોગ સધાઈ જાય તો જ સ્વપ્નાનું નિરાકરણ થઈ શકે છે. ગાઢ નિદ્રામાં માણસનું જાણે કે મન જ રહેતું નથી, સ્વપ્નમાં તેનું મન દાખલ થાય છે. ઊંઘ દરમ્યાન જો સ્વપ્ન આવી જાય તો એનાથી માણસને માનસિક આરામ મળતો નથી. સ્વપ્નમુક્તિનો કીમિયો માણસના હાથમાં આવી જાય, પછી એ વ્યક્તિને મુક્તિ માટે બીજું વિશેષ કંઈ કરવું નહીં પડે. ખરેખર સ્વપ્નમુક્તિ એ ખૂબ ગહન વિષય છે. આ દીર્ઘ પરીક્ષણ કર્યા પછી જ સધાય તેવી વાત છે.

આપણને જે સપનાઓ આવે છે એનાં અનેક કારણો છે. કેટલાંક શારીરિક તો કેટલાંક માનસિક કારણો હોય છે. સાવ નજીવા એવા કારણથી પણ સ્વપ્ન આવી શકે. આપણી અંદર જે મન છે, એ એકદમ બિચારા નાનકડા બાળકની સ્થિતિમાં હોય છે. એના પર બુદ્ધિનો જાપતો હોતો નથી. આવી હાલતમાં તે કવિ છે અને જાતજાતની કવિતાઓની રચના કરતો હોય છે, જે આપણને સ્વપ્નમાં દેખાય છે.
(ક્રમશઃ)



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# શસ્ત્રભંડારમાં અણુશસ્ત્રો વધારવાની આંધળી દોડ

**૧૦.૪** મેગા ટનની રાક્ષસી તાકાતનો બોમ્બ ભલભલાનું મગજ ચકરાવે ચઢાવી દે, તેટલી પ્રચંડ વિનાશક તાકાત ધરાવે છે. આ બોમ્બના ટેસ્ટ પરીક્ષણ, વિસ્ફોટથી તેની વિનાશકતાનો પરચો મળી ગયો, જેના પગલે આ પ્રકારનાં થર્મોન્યુક્લિયર શસ્ત્રો બનાવવા માટેની ગાંડપણભરી દોડ શરૂ થઈ.

પહેલાં સેંકડોની સંખ્યામાં આવાં શસ્ત્રો-બોમ્બ બન્યા પછી તેની સંખ્યા વધીને હજારો ઉપર પહોંચી ગઈ છે.

હવે અણુબોમ્બની સંખ્યાની મૂળ વાત પર આવીએ.

૧૯૫૨માં અમેરિકા પાસે ૮૪૧ અણુ-શસ્ત્રો હતાં પણ તે પછીના વર્ષે વધીને ૧૧૬૯ થઈ ગયાં.

લોસ આલામોસના ઇતિહાસકાર ગ્લેન મેકડફ બહુ સચોટ રીતે કહે છે કે શસ્ત્રો બનાવવાની પ્રક્રિયા હવે સાયન્સના પ્રાજેક્ટ નથી રહ્યા, આ આખી પ્રક્રિયાએ હવે ઔદ્યોગિક સ્વરૂપ ધારણ કરી લીધું છે.

૧૯૫૪ સુધીમાં અણુશસ્ત્રોની સંખ્યા વધીને ૧૭૦૩ થઈ ગઈ. અમેરિકામાં હવે સ્થિતિ સર્જાઈ કે અમેરિકી લશ્કર-ઔદ્યોગિક સંકુલ રોજનાં સરેરાશ ૧.૫ અણુશસ્ત્રોનું ઉત્પાદન કરતા થઈ ગયાં હતાં.

૧૯૫૫માં ૨૪૨૨, રોજના લગભગ ૨ બોમ્બ ઉપરાંત નવા પ્રકારના અત્યંત ઘાતક થર્મોન્યુક્લિયર બોમ્બનું ઉત્પાદન પણ શરૂ કરી દેવાયું.

૧૯૫૬માં ૩૬૯૨ બોમ્બ. જોઈને કે સાંભળીને તમ્મર આવી જાય એટલી વેગીલી ઝડપે હવે અણુબોમ્બની સંખ્યા વધતી જતી હતી. અણુબોમ્બ બનાવવાની ઝડપ વધીને રોજના ૩.૫ અણુબોમ્બ થઈ ગઈ હતી.

૧૯૫૭ સુધીમાં અમેરિકાના શસ્ત્રભંડારમાં બોમ્બની સંખ્યા ૫૫૪૩ થઈ ગઈ હતી. એનો અર્થ એ કે ૧૯૫૬ થી ૧૯૫૭ના માત્ર ૧ વર્ષના ટૂંકા ગાળામાં અમેરિકાએ તેના શસ્ત્રાગારમાં ૧૮૫૧ જેટલા બોમ્બનો ઉમેરો કરી દીધો, બીજી રીતે ગણતરી માંડીએ તો અમેરિકામાં એ વર્ષે રોજના પાંચ કરતાં વધારે અણુબોમ્બ બન્યા હશે...! આ સંખ્યામાં હજી વધારો થતો જ રહેવાનો હતો.

૧૯૫૮માં ૭૩૪૫.

૧૯૫૯માં ૧૨,૨૯૮

૧૯૬૦માં જ્યારે અમેરિકી લશ્કરના ટોચના અફસરોની નેબ્રાસ્કામાં ગુપ્ત બેઠક યોજાઈ એ સમયે તેમના શસ્ત્રભંડારમાં ૧૮,૬૩૮ અણુ બોમ્બ હતા. ૧૯૬૭માં ૩૧,૨૫૫ અણુબોમ્બ, અણુશસ્ત્રોનો આટલો બધો સ્ટોક કરવાની શી જરૂર, કે જ્યારે Lvy Mikeની સાઈઝનો કેવળ ૧ જ બોમ્બ ન્યૂયોર્ક કે મોસ્કો શહેર પર ફેંકાય તો ૧,૦૦,૦૦,૦૦૦ લોકોને પાંચ સેકન્ડમાં એકસાથે યમ દરબારમાં પહોંચાડી દેવાની પ્રચંડ મારકક્ષમતા ધરાવતો હોય?

હજારોની સંખ્યામાં અણુશસ્ત્રોનું ઉત્પાદન કરી શસ્ત્રભંડાર ભરચક કરી દેવાની ઘેલછા અતિ વિકસિત દેશો શા માટે રાખતા હશે, કે જ્યારે માત્ર એક જ થર્મોન્યુક્લિયર (હાઈડ્રોજન) બોમ્બ ઝીંકવાથી ક્યારેય ન રોકાય તેવા મહાવિનાશક અને વ્યાપક વૈશ્વિક અણુયુદ્ધનો પલિતો ચંપાઈ જવાનો હોય?

હવે વિશ્વના દેશોમાં યુદ્ધની પરિભાષામાં એક નવો શબ્દ વપરાતો થયો છે. - Deterence.

અંગ્રેજી શબ્દ Deterence નો ગુજરાતીમાં અર્થ થાય છે - ભય બતાવીને રોકનાર વસ્તુ, અવરોધક વસ્તુ.

વિશ્વના કેટલાક સમૃદ્ધ દેશોએ વધુ ને વધુ અણુબોમ્બ કે તેનાથી ય વધારે વિનાશક હાઈડ્રોજન બોમ્બ બનાવવાનું ચાલુ રાખ્યું છે, આ દેશો એવું વિચારીને તેમના શસ્ત્રભંડારોમાં અણુશસ્ત્રોના ખડકલા કર્યે રાખે છે કે જેથી આ અણુશસ્ત્રોના ભયથી બીજા કોઈ દેશ તેમના પર અણુ-શસ્ત્રથી, અણુબોમ્બથી હુમલો કરવાની હિંમત નહીં કરે.

વર્ષ ૧૯૫૦ના દશકમાં અમેરિકી યુદ્ધ પ્લાનરો એ સિદ્ધાંત પર કામ કરતા હતા કે વિશ્વમાં અણુયુદ્ધ થાય જ નહીં એવી સ્થિતિનું સર્જન કરવું પરંતુ બીજી તરફ યુદ્ધપ્લાનરો એવી પણ તૈયારીઓ કરી રહ્યા હતા કે જો અણુયુદ્ધ ફાટી નીકળે તો કઈ રીતે તેનો સામનો કરવો. તેના માટે યુદ્ધપ્લાનરોએ આ શબ્દ ચલણમાં મૂક્યો - ડિટરન્સ.

છેલ્લાં ઘણાં વર્ષોથી કોઈ પણ દેશની અણુબોમ્બ નીતિ ઘડવામાં Deterence માર્ગદર્શક સિદ્ધાંત બની રહ્યો છે. આ સિદ્ધાંત કઈ રીતે કામ કરે છે તે જોઈએ : અણુશસ્ત્રથી સજ્જ દેશ તેના શસ્ત્રભંડારમાં અણુશસ્ત્રો વધાર્યા કરે છે અને ગણતરીની મિનિટોમાં જ તેના અણુશસ્ત્રોથી સજ્જ એવા દુશ્મન દેશ સામે વાપરી શકાય એ રીતે તાકીને એ શસ્ત્રો તૈયાર રાખે છે. જેમની પાસે અણુશસ્ત્રો છે એવો દરેક દેશ એવી બાંહેધરી આપે છે કે અણુશસ્ત્ર વાપરવાની અમને ફરજ નહીં પડે ત્યાં સુધી અમે અમારી પાસેનાં અણુશસ્ત્રોનો ઉપયોગ નહીં કરીએ. કેટલાક રાજપુરુષો, રાજદ્વારીઓ કે રાજનીતિજ્ઞો આ Deterence સિદ્ધાંતને શાંતિપૂર્ણ તારણહાર માને છે, પણ ઘણા શાણા રાજનીતિજ્ઞો આને ભાષાનું છળ ગણે છે. આ એક સંદિગ્ધ કે અસ્પષ્ટ સિદ્ધાંત છે, તેમનો ધારદાર સવાલ એ છે કે કોઈ દેશ પાસે અણુશસ્ત્રો હોય તો તેનાથી લોકો અણુયુદ્ધથી કઈ રીતે બચી શકે ?

અણુનીતિમાં Deterence નો સિદ્ધાંત ચલણમાં આવ્યા પછીના દાયકાઓ દરમિયાન અમેરિકન સંરક્ષણ મંત્રાલયે હજારો અણુશસ્ત્રોનું ઉત્પાદન ચાલુ રખાવ્યું. એટલું જ નહીં, પરંતુ ન કરે નારાયણ ને કોઈ દેશ અમેરિકા પર અણુશસ્ત્રોથી હુમલો કરે તો આ અણુહુમલાને અસરકારક રીતે ખાળવા માટેની જટિલ વ્યૂહરચનાઓ અને અવનવાં

(જુઓ પાન નં. ૨૧)



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# ઈરાન પર અમેરિકા-ઈઝરાયલ હુમલો અને પરમાણુ બોમ્બ

ઈરાન પર અમેરિકા અને ઇઝરાયલના હુમલાનું કારણ તેમના પરમાણુ કાર્યક્રમને રોકવા અંગેનું જણાવાયું હતું. જ્યારે પરિણામ વિપરીત પણ હોઈ શકે છે. કારણ કે, હવે ઇરાનને ખાતરી થઈ ગઈ છે કે, ભવિષ્યમાં હુમલાઓથી પોતાને બચાવવા અને પોતાનું શાસન ટકાવી રાખવા માટે પરમાણુશસ્ત્રો મેળવવાં એ એકમાત્ર વિકલ્પ છે. એક સમય હતો જ્યારે ઇરાન દબાણ અને પ્રોત્સાહનની સંયુક્ત વ્યૂહરચના દ્વારા આ મુદ્દા પર વાટાઘાટો કરવા તૈયાર હતું. ૨૦૧૫માં જોઇન્ટ કોમ્પ્રીહેન્સિવ પ્લાન ઓફ એક્શન (JCPOA) દ્વારા ઇરાન તેના પર લાદવામાં આવેલ પ્રતિબંધો અને અન્ય છૂટછાટોમાંથી રાહતના બદલામાં તેના પરમાણુ કાર્યક્રમને મર્યાદિત કરવા સંમત થયું હતું. પરંતુ આમ હોવા છતાં, ઇઝરાયલની માગ પર ડોનાલ્ડ ટ્રમ્પ તેમના પ્રથમ કાર્યકાળ દરમિયાન જેસીપીઓએમાંથી ખસી ગયા હતા. પરિણામે ૨૦ મહિનાના અથક રાજદ્વારી વાટાઘાટોમાં બનેલો પરસ્પર વિશ્વાસ તૂટી ગયો હતો.

કેટલાક લોકો દલીલ કરે છે કે, આંતરાષ્ટ્રીય સમુદાયને અંધારામાં રાખીને ઇરાન જરૂરિયાત કરતાં વધુ યુરેનિયમનું શુદ્ધિકરણ કરી રહ્યું હતું. આવી સ્થિતિમાં તેણે પોતે જ આ હુમલાઓને આમંત્રણ આપ્યું હતું. ઇઝરાયલી હુમલા પહેલાં પણ આંતરરાષ્ટ્રીય પરમાણુ ઊર્જા એજન્સી (IAEA)એ તેના અહેવાલમાં ઇરાન દ્વારા આંતરરાષ્ટ્રીય જવાબદારીઓના ઉલ્લંઘન અંગે ચિંતા વ્યક્ત કરી હતી. ઇન્સ્ટિટ્યૂટ ફોર સાયન્સ એન્ડ ઇન્ટરનેશનલ સિક્યુરિટી દ્વારા આ રિપોર્ટના વિશ્લેષણમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે, 'ઇરાન ફોર્દો પ્લાન્ટમાં તેના રિફાઇન્ડ યુરેનિયમના ૬૦% સુધી માત્ર ત્રણ અઠવાડિયાંમાં ૨૩૩ કિલોગ્રામ વેપન-ગ્રેડ યુરેનિયમમાં રૂપાંતરિત કરી શકે છે, જેનો ઉપયોગ ૯ પરમાણુ શસ્ત્રો બનાવવા માટે થઈ શકે છે.' પરંતુ તે જ સમયે વહેલી પરમાણુ સંધિની જરૂરિયાત વ્યક્ત કરતા આઈએઈએએ એમ પણ કહ્યું કે, તેની પાસે કોઈ નક્કર સંકેત નથી કે ઇરાનમાં અઘોષિત પરમાણુ કાર્યક્રમ ચાલી રહ્યો છે.

આમ હોવા છતાં યુએસ અને ઇઝરાયલી નેતાઓએ ફોર્દો, નાતાન્ઝ અને ઇસ્ફહાન ખાતે ઇરાનનાં પરમાણુ સ્થળો પર હુમલાઓને લીલી ઝંડી આપી દીધી હતી, જે સ્થળ આઈએઈએની સુરક્ષા હેઠળ આવે છે અને અપ્રસાર સંધિ પ્રત્યે ઇરાનની પ્રતિબદ્ધતાઓ હેઠળ તેમની દેખરેખ રાખવામાં આવે છે. આમ કરીને તેઓએ પરમાણુ શસ્ત્રોને પ્રતિબંધિત કરતા કાનૂની અને ચકાસણી માળખાનો પર્દાફાશ કર્યો હતો. આ હુમલાઓએ આઈએઈએની શક્તિ ઘટાડી દીધી છે. હુમલાએ અપ્રસાર સંધિ અને આંતરરાષ્ટ્રીય કાયદાઓના પરમાણુ ઊર્જાના શાંતિપૂર્ણ ઉપયોગના સિદ્ધાંતનું પણ ઉલ્લંઘન કર્યું છે.

પાકિસ્તાન સરહદ પર આતંકવાદને પ્રોત્સાહન આપે છે, પ્રોક્સી યુદ્ધ ચલાવે છે અને પરમાણુ હુમલાની ધમકી આપે છે. પાકિસ્તાન ઇરાનના કાલ્પનિક બોમ્બ કરતાં પ્રાદેશિક શાંતિ માટે મોટો ખતરો હોઈ શકે છે. પરંતુ અમેરિકા તેના પર મૌન જાળવી રહ્યું છે. ૮૦ અને ૯૦ના દાયકામાં અમેરિકન સરકારોએ પાકિસ્તાન ગુપ્ત રીતે યુરેનિયમનું સંવર્ધન કરી રહ્યું છે અને પરમાણુ બોમ્બ વિકસાવી રહ્યું છે તેના પુરાવાઓને અવગણ્યા હતા. પાકિસ્તાનને અબજો ડોલરની સહાય પણ ચાલુ રાખી હતી.

હવે જ્યારે રાજદ્વારી નીતિ પાટા પરથી ઊતરી ગઈ છે, નિરીક્ષણોનો ભંગ થઈ રહ્યો છે અને બેવડાં ધોરણો અમલમાં છે તો ઇરાનને પરમાણુ શસ્ત્રો ન બનાવવા માટે કેવી રીતે મનાવી શકાય? આ તેના માટે વ્યૂહાત્મક રીતે પણ વ્યવહારુ છે. ભૂતકાળમાં ઇરાનના સર્વોચ્ચ નેતા અલી ખોમૈની દ્વારા પરમાણુ શસ્ત્રો વિરુદ્ધ ફતવો અપાયો હોવા છતાં અને આ મુદ્દા પર વર્ષોથી ચાલી રહેલી ચર્ચા છતાં, ઇરાની નેતાઓએ હવે સ્વીકાર્યું છે કે, તેમના દેશને હુમલાઓથી સુરક્ષિત રાખવાનો બીજો કોઈ રસ્તો નથી. હવે ઇરાન આઈએઈએના દાયરામાંથી બહાર નીકળીને પરમાણુ શક્તિ બનવાની દોડમાં જોડાઈ શકે છે.

સૌજન્ય : દિ.ભા. **– બ્રહ્મા ચેલાની**

---

**શસ્ત્રભંડારમાં અણુશસ્ત્રો વધારવાની...** (પાન ૨૦નું ચાલુ)

શસ્ત્રોની તૈયારીઓ પણ અમેરિકન લશ્કરે કરી છે. અણુશસ્ત્રો પાછળ અબજો ડોલર અમેરિકાએ ખર્ચ્યા છે. અમેરિકા પાસે કેટલાં અણુશસ્ત્રો છે, તેની સાચી સંખ્યા ક્યારેય જાણી નહીં શકાય કારણ, આ સંખ્યા અમેરિકી સરકારનું ટોપ સિક્રેટ છે. પણ આ "Deterence" કોઈ વખત નિષ્ફળ જાય તો શું? કહેવાનો મતલબ એ છે કે કોઈ માથા ફરેલ સરમુખત્યારના હાથમાં અણુશસ્ત્રો આવી જાય તો પરિણામ શું આવે ?

છેલ્લાં ત્રણેક વર્ષથી રશિયા-યુક્રેન વચ્ચે યુદ્ધ ચાલી રહ્યું છે. બંને દેશોના હજારો સૈનિકો/નિર્દોષ નાગરિકો યુદ્ધનો ભોગ બની ચૂક્યા છે, પણ હજી આ યુદ્ધનો કોઈ અંત દેખાતો નથી. રશિયા પાસે અણુશસ્ત્રો છે, રશિયાના કટ્ટર સામ્યવાદી શાસક પુતિન વિરુદ્ધ અમેરિકા અને નાટો (NATO)ના તમામ દેશો એકજૂથ થઈ ગયા છે. બીજી બાજુ ચીનના એકહથ્થુ (સામ્યવાદી) શાસક શી જિનપિંગ તેમજ ઉત્તર કોરિયાના આપખુદ શાસક કિમ જોન્ગ-ઉન રશિયાના શાસકની સાથે છે.

આ સંજોગોમાં રશિયા-યુક્રેન યુદ્ધનો જો વેળાસર કોઈ સમાધાનકારી ઉકેલ ન આવે તો ત્રીજા વિશ્વયુદ્ધનાં મંડાણ થવાની ગમે તે ઘડીએ નોબત આવી પડવાનાં બિહામણાં એંધાણ વર્તાઈ રહ્યાં છે. અમેરિકા, રશિયા, ચીન અને ઉત્તર કોરિયા – આ ચારેય દેશો પાસે અણુશસ્ત્રોના ઢગલા છે. યુદ્ધની સ્થિતિ બેકાબૂ બને તો શું ? એ સવાલનો જવાબ વિચારતા કોઈને પણ ધ્રુજારી છૂટી જાય, તેવી વિષમ પ્રવર્તમાન પરિસ્થિતિ વ્યાપ્ત છે.

ગુ.સ. ૬-૮-૨૦૨૫ **– વિનોદ ડી. ભટ્ટ**



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# યુદ્ધ અને સ્ત્રીઓની સ્થિતિ

**'આ** પોડિયમ પાસે હું એકલી નથી ઊભી, હજારો અવાજો મને ઘેરીને ઊભેલા છે. આ અવાજો મારા ગામની સ્ત્રીઓના છે. એમાંની કોઈને ભાઈ, પતિ કે પિતા નહોતા. બીજા વિશ્વયુદ્ધ પછી અમારા ગામમાં એક પણ પુરુષ બચ્યો નહોતો. બેલારુસમાં દર ચોથો પુરુષ યુદ્ધમાં ખતમ થઈ ગયો હતો. અમે બાળકો સ્ત્રીઓ વચ્ચે ઊછરતાં. મને યાદ છે કે આ સ્ત્રીઓ પ્રેમની વાતો કરતી, મૃત્યુની નહીં.'

રશિયા-બેલારુસ યુદ્ધને સાડાત્રણ વર્ષ થયાં છે ત્યારે બેલારુસની લેખિકા અને પત્રકાર, સાહિત્યનું નોબલ ઇનામ જીતનાર રશિયન લેખિકા સ્વેતલાના એલેક્સિયેવિચના આ શબ્દો યાદ કરવા જેવા છે. સ્વેતલાના પોતાને 'હિસ્ટોરિયન ઑફ ધ સોલ' કહે છે. ૧૯૮૫માં પ્રગટ થયેલું એનું પુસ્તક 'ધ અનવુમનલી ફેસ ઑફ વૉર' વિશ્વયુદ્ધમાં લડવા ગયેલી મહિલાઓની સ્મૃતિઓનું 'કોલાજ' છે. બીજા વિશ્વયુદ્ધમાં સોવિયત આર્મીમાં દસ લાખ સ્ત્રીઓ હતી. યુદ્ધ દરમ્યાન અને એ પછી આ સ્ત્રીઓનું શું થયું ? સ્વેતલાનાએ એમને મળી, એમના અનુભવોનું રેકોર્ડિંગ કરી, એનું લિપ્યાંતર કરી આ પુસ્તક તૈયાર કર્યું છે. ૨૦૧૫માં સ્વેતલાનાને નૉબેલ મળ્યું અને ૨૦૧૭માં પુસ્તકનું અંગ્રેજી થયું. આ પુસ્તકની ગણતરી દુનિયાનાં સૌથી દુ:ખી-ઉદાસ પુસ્તકોમાં થાય છે. એનું પોત મહિલા સૈનિકોનાં આંસુ અને લોહી વડે વણાયેલું છે. આપણને હચમચાવી નાખે એટલું એ કરુણ છે. યુદ્ધની બિભીષિકામાંથી પસાર થયેલી સ્ત્રીઓના અવાજો એનાં પૃષ્ઠોમાંથી ઊઠે છે.

આગળ એણે જે અવાજોની વાત કહી છે તે આ સ્ત્રીઓના અવાજો છે. એક અવાજ કહે છે, 'તેણે મને પ્રપોઝ કર્યું ત્યારે અમે યુદ્ધની વચ્ચે હતાં. જમીન પર ગંદકી, હવામાં લોહીની વાસ. મેં કહ્યું, 'કોની સાથે લગ્ન કરીશ ? મારામાંની સ્ત્રી તો મરી ગઈ છે.' એનો એક ગાલ આખો ઊતરડાઈ ગયો હતો. એ ગાલ પર ગરમ આંસુ સરી પડ્યાં. મારાથી જોવાયું નહીં. મેં એને હા પાડી. મારી હાને હું જ ઓળખી શકતી નહોતી. અમારી આસપાસ રાખ ઊડતી હતી. ઈંટો ભાંગીને પડતી હતી....' પુસ્તકનું એક પાત્ર કહે છે કે, 'આપણે વર્ષોથી એ સ્થિતિમાં છીએ કે કાં તો લડતાં હોઈએ, કે પછી લડાઈની યોજના બનાવતાં હોઈએ.'

સ્વેતલાનાએ લખ્યું છે, 'ફ્લુબર્ટ પોતાને 'હ્યુમન પેન' કહેતો. હું પોતાને 'હ્યુમન ઈયર' કહું છું. આ પોડિયમ સુધીનો રસ્તો ચાલીસ વર્ષ લાંબો છે. આ ચાલીસ વર્ષ મેં એક એક અવાજ સાંભળવામાં ગાળ્યાં છે. અનેક વાર ભય પામી છું. આઘાત પામી છું અને કેટલીય વાર અવાજોને ભૂલી જવાનો પ્રયત્ન પણ કર્યો છે. હું એ સમયમાં જીવી છું જ્યારે નાનું બાળક પણ મૃત્યુને જાણતું. અમારી આસપાસની હવામાં ઝેર હતું અને એ શ્વસતાં.'

સ્વેતલાનાએ એમને પૂછ્યું, 'તમે યુદ્ધમાં શા માટે જોડાયાં ?' એક સ્ત્રી તરત બોલી, 'કારણ કે ત્યાં દિવસમાં બે વાર ખાંડવાળી ચા અને ટોસ્ટ મળતાં હતાં !' તેણે નોંધ્યું છે, એક વાર બળાત્કારનો ભોગ બનેલી મહિલાસૈનિકોએ ગુનેગારોને ઓળખવા કરતાં ખાવાનું વધારે પસંદ કર્યું હતું ! કેવી સ્થિતિ હશે ? શાસકોને આ મહિલાઓના સ્ત્રી-અસ્તિત્વની પરવા નહોતી. કોઈ વાજબી માગણીના જવાબમાં પણ તેઓ બરાડતા, 'શટ અપ, વી વૉન્ટ સૉલ્જર્સ, નોટ ગર્લ્સ.' પણ સ્ત્રી પોતાની અસ્મિતાને, સુઘડતા અને સુંદરતા માટેના પ્રેમને ક્યાં મૂકવા જાય ? એક સ્ત્રી કહે છે, 'અમને એટલો માનસિક ત્રાસ થતો કે અમારામાંનાં કેટલાંયના માસિક સ્રાવ બંધ થઈ જતા. અમે ડરી ગયાં, અમે હવે સ્ત્રી નથી રહ્યાં શું? અસ્તિત્વ પરના આ ઘાની કલ્પના પુરુષોને ન આવે.

નૉબેલ ભાષણમાં સ્વેતલાનાએ ચેર્નોબિલ ઘટનાનો ભોગ બનેલી સ્ત્રીઓની મુલાકાતનો ઉલ્લેખ કર્યો છે. ચેર્નોબિલનો કાટમાળ ખસેડતાં રેડિયેશનનો ભોગ બનેલા એક મજૂરને હૉસ્પિટલમાં લઈ જવાયો. તેની પત્નીએ સ્વેતલાનાને કહ્યું, 'મને તેને મળવા ન દીધી. હૉસ્પિટલમાં જવા પણ ન દીધી, કહે કે તમે એને ઓળખી નહીં શકો. તમે તેને જાણો છો એ માણસ એ રહ્યો નથી.' આ સ્ત્રી રાતે ચીમની દ્વારા હૉસ્પિટલમાં ઊતરે છે. ચોકીદારોને પૈસા ખવડાવી પતિને મળે છે. એને જોઈને સમજી જાય છે કે કદાચ આ છેલ્લી મુલાકાત છે. એ ક્ષણોને જીવી લેવા બંને ગાઢ પ્રેમ કરે છે. તેને ગર્ભ રહે છે અને રેડિયેશનને લીધે બાળકી મૃત જન્મે છે. એ સ્ત્રી કહે છે, 'બંનેની કબર પર ફૂલ મૂકતાં હું આ જીવલેણ પ્રેમ વિશે વિચારું છું...' સ્ત્રીઓ શારીરિક કામો માટે નાજુક ગણાય પણ એક મહિલા ઘાયલ સૈનિકોને હૉસ્પિટલમાં લાવવાની ડ્યૂટી કરતી હતી તે એક દિવસમાં ૪૮૧ ઘાયલ સૈનિકોને હૉસ્પિટલ લઈ આવી હતી. સ્વેતલાના કહે છે, 'માનવું મુશ્કેલ છે.' 'મને પણ એવું જ લાગે છે.' સ્ત્રી શાંતિથી કહે છે.

એક સ્ત્રી કહે છે, 'મારે બહુ બધું કહેવું છે. વર્ષો સુધી હું કશું બોલી નથી. મેં પ્રયત્ન કર્યો હતો, પણ કોઈ મારું સાંભળતું નહોતું. સારું થયું તમે આવ્યાં, પૂછ્યું. આઈ ટેલ યૂ, ઈટ ઈઝ ટેરિબલ ટુ રિમેમ્બર, બટ ઈટ ઈઝ ફાર મોર ટેરિબલ ટુ ફરગેટ – યાદ કરવું ભયાનક છે, પણ ભૂલી જવું એનાથી પણ ભયાનક છે.' એણે એક એવી મહિલા સૈનિકની વાત કરી હતી, જેણે પીછો કરતા જર્મન લશ્કરથી ટુકડીને બચાવવા પોતાના રડતા બાળકને પાણીમાં ડુબાડી દીધું હતું. 'એનું બાળક રડતું બંધ થયું. ક્યાંય સુધી અમે આંખો ઊંચી કરી એ સ્ત્રી સામે કે એકબીજા સામે જોઈ શક્યાં નહીં.'

યુદ્ધ પૂરું થયું અને આ મહિલાઓ ઘેર પાછી ફરી ત્યારે ઘરના મોરચે પણ એક યુદ્ધ ખેલાયું. યુદ્ધમાંથી પાછા ફરતા પુરુષની રાહ જોવાય છે, એને વધાવી લેવાય છે. પણ મહિલાઓનું શું થાય છે ? પતિઓ શહીદ થઈ ગયા છે. ગામો રાખ થઈ ગયાં છે. પાંચ છ મહિનાનાં હતાં તે બાળકો હવે મોટાં થઈ ગયાં છે, માને ઓળખતાં નથી. કુંવારી હતી તેને કોઈ પરણતું નથી. એક મહિલા કહે છે, 'ઓગણીસની ઉંમરે મને વીરતા માટે એવોર્ડ મળ્યો ત્યારે મારા વાળ સફેદ થઈ ગયા હતા અને મારાં ફેફસાંની આરપાર ગોળી ચાલી ગઈ હતી.' એક સ્ત્રીને માબાપે કહ્યું, 'તારી બે નાની બહેનો સાથે કોઈ લગ્ન નહીં કરે કેમ કે તું આટલા

(જુઓ પાન નં. ૨૩)



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# 'ધર્મ-નિરપેક્ષ' શબ્દ બંધારણમાંથી દૂર કરી શકાય ?

### પોલીસ વકીલને હાજર થવા સમન્સ મોકલી શકે ?

તાજેતરમાં એન્ફોર્સમેન્ટ ડિપાર્ટમેન્ટે (ED) સર્વોચ્ચ અદાલતના અરવિંદ દાતાર અને પ્રતાપ વેણુગોપાલને અનુક્રમે તા. ૧૨ જૂન અને તા. ૧૮ જૂનના રોજ સમન્સ મોકલતાં વિવાદ થયો હતો. આ સમન્સ તેમને કેર હેલ્થ ઇન્સ્યોરન્સ લિ. તરફથી રશ્મિ સલુજાને Employees Stock-Option Plans ફાળવણી બાબત થઈ રહેલ તપાસ માટે મોકલાયેલ હતા. સુપ્રીમ કોર્ટ બાર એસોસીએશને આ પગલાની નિંદા કરી હતી, અને સર્વોચ્ચ અદાલતને આ ઘટનાની સ્વતઃ નોંધ (Suo Moto Cognizance) લેવા પત્ર લખી વિનંતી પણ કરી હતી.

આ ઘટના બાદ ગુજરાતના એક વકીલને પોલીસે - તે વકીલે તેમના અસીલને એક લોનકેસમાં આપેલ સલાહ બદલ પૂછપરછ માટે-હાજર થવા સમન્સ મોકલ્યો હતો. પોલીસના આ સમન્સ મોકલવાની સત્તાને વકીલે ગુજરાત હાઈકોર્ટમાં પડકારી હતી. ત્યાંથી તેમને દાદ ન મળતાં, તેમણે સર્વોચ્ચ અદાલત સમક્ષ ધા નાખી હતી. આ કેસની સુનાવણી દરમ્યાન ગત તા. ૨૫ જૂનના રોજ સર્વોચ્ચ અદાલતે નોંધ્યું છે કે પોલીસ કે અન્ય તપાસ એજન્સીએ વકીલે અસીલને આપેલ કાનૂની સલાહ બાબત પૂછપરછ માટે વકીલને બોલાવવાથી વકીલના અધિકાર તેમ જ કાનૂની વ્યવસાયની સ્વાયત્તતાનો ભંગ થાય છે. સર્વોચ્ચ અદાલતે કહ્યું કે વકીલોને તેમના વ્યવસાય અને કાનૂની જોગવાઈઓના પરિણામે કેટલાક અધિકારો અને વિશેષાધિકારો પ્રાપ્ત થાય છે.

### શું વકીલે અસીલને આપેલ કાનૂની સલાહ રક્ષિત છે ?

ભારતીય પુરાવાનો કાયદો, ૧૮૭૨ના સ્થાને ભારતીય સાક્ષ્ય અધિનિયમ, ૨૦૨૩ નવો કાયદો ૧ જુલાઈ ૨૦૨૪થી અમલી બનેલ છે. આ નવા કાયદાની ક.૧૩૨ જણાવે છે કે કોઈ વકીલે તેના અસીલ સાથે કરેલ સંવાહન (Communication) જાહેર કરવા ફરજ પાડી શકાય નહીં. જોકે આ નિયમના ત્રણ અપવાદો છે. પ્રથમ એ કે જો અસીલની સંમતિ હોય, બીજો અપવાદ એ કે સંવાહન ગેરકાયદે હેતુ માટે હોય અને ત્રીજો અપવાદ એ કે વકીલને અસીલની કોઈ ગુનાહિત પ્રવૃત્તિની જાણ થાય. આ ત્રણ અપવાદો સિવાય, વકીલને તેણે અસીલ સાથે કરેલ વાતચીત (સલાહ) જાહેર કરવાની ફરજ પાડી શકાતી નથી. વકીલ અને અસીલ વચ્ચેનો સંબંધ પૂરો થયા પછી પણ વકીલને આ રક્ષણ ચાલુ રહે છે. એ ધ્યાનમાં રહે કે વકીલ સિવાય ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ, કંપની સેક્રેટરી અને કોસ્ટ એકાઉન્ટન્ટને આ રક્ષણ પ્રાપ્ત નથી.

### અદાલતના ચુકાદાઓ

મુંબઈ હાઈકોર્ટે ૨૦૨૪માં સીબીઆઈના આઈ.જી.એ એ.વી. પવિથરત નામના વકીલને લાંચકેસમાં તેમણે તેમના અસીલને આપેલ સલાહ બાબતે પૂછપરછ માટે હાજર થવાનો મોકલેલ સમન્સ રદ કરેલ હતો. મુંબઈ હાઈકોર્ટે આ કેસમાં નોંધ્યું કે એક વખત મળેલ વિશેષાધિકાર (Privilege) હંમેશાં ચાલુ રહે છે. વધુમાં મુંબઈ હાઈકોર્ટે કહ્યું કે વકીલ અને અસીલ વચ્ચેના વ્યાવસાયિક સંબંધ દરમ્યાન વકીલે અસીલના વાંચેલ દસ્તાવેજો, કાગળો કે તેમની વચ્ચે થયેલ વાતચીત (સલાહ) જાહેર કરવાની વકીલને ફરજ પાડી શકાતી નથી. મધ્યપ્રદેશ હાઈકોર્ટે માર્ચ ૨૦૨૫ના રોજ ઇંદોરના ડેપ્યુટી પોલીસ કમિશ્નરે રાહુલ મહેશ્વરી નામના વકીલને મોકલેલા સમન્સ રદ કરેલ છે. હાઈકોર્ટે વધુમાં કહ્યું કે જ્યારે ખાસ કરીને વકીલ આરોપી કે સાક્ષી ન હોય ત્યારે પોલીસે વકીલને સમન્સ પાઠવવો જોઈએ નહીં.

(માહિતી સૌજન્ય : The Indian Expres Dt. 27 June, 2025માં અમલ શેખનો પ્રગટ થયેલ લેખ)

(મો.: ૯૩૭૪૦૧૮૧૧૧) **– પ્રો. અશ્વિનકુમાર કારીઆ**

---

**યુદ્ધ અને સ્ત્રીઓ..** (પાન ૨૨નું ચાલુ)

પુરુષો સાથે રહીને આવી છે. તું ક્યાંક ચાલી જા.' યુદ્ધમાંથી પાછી ફરેલી સ્ત્રીઓ માટે 'આર્મી હોર્સ' કે 'મિલિટરી બિચિસ' જેવા શબ્દો વપરાતા. આટલી ભયાનક પુરુષપ્રધાનતા ?

આ પુસ્તક સાથે જ સ્વેતલાનાનું 'લાસ્ટ વિટનેસ' પુસ્તક પ્રગટ થયું હતું. એમાં યુદ્ધગ્રસ્ત બાળકોની વાત હતી. ૧૯૯૭માં 'વૉઈસિઝ ફ્રોમ ચેર્નોબિલ' આવ્યું અને ૨૦૧૩માં 'સેકન્ડહેન્ડ ટાઈમ'. નાની હતી ત્યારથી સ્વેતલાના જાણતી કે 'વિમેન્સ સ્ટોરીઝ આર ડિફરન્ટ.' દર્દને એ માનવમાત્રની નિયતિ કહે છે. લખે છે કે યુદ્ધનો ઇતિહાસ પુરુષો લખે છે અને પુરુષો વિશે લખે છે, પણ મેં બાળપણમાં સ્ત્રીઓની જે વાતો સાંભળી હતી, એની પકડ જુદી જ છે. 'વાસ્તવ મને ડરાવે છે અને આકર્ષે પણ છે.' 'યુદ્ધમાં કોઈ વીરનાયક હોતો નથી. હોય છે માનવીય બાબતો પ્રત્યે અમાનવીય રીતે વર્તનારા માનવો.'

સ્વેતલાનાનાં શરૂઆતનાં લખાણોમાં સામ્યવાદી રશિયામાં વધતા જતા ઔદ્યાગિકીકરણનો ચિતાર છે, પણ પછી એ બહુ જ નિર્ભયતાથી યુદ્ધના વિશ્વમાં પ્રવેશી ગઈ છે. ડઝનબંધ પ્રવાસો, સેંકડો મુલાકાતો અને અનેક રેકોર્ડિંગ. 'મારું ધ્યેય ચોક્કસ સમયખંડમાં જીવતા અને ચોક્કસ બનાવોનો હિસ્સો બનતા ચોક્કસ માણસોને સાંભળવા એ છે.' યુદ્ધ શાપ છે, પણ માણસ યુદ્ધથી મોટો છે.'

સૌજન્ય : જન્મભૂમિ **– સોનલ પરીખ**

ભૂમિપુત્ર

હુજરાતપાગા, વડોદરા-૩૯૦ ૦૦૧ ફોન : ૦૨૬૫-૨૪૩૭૯૫૭, મો. ૯૦૧૬૪ ૭૯૯૮૨
સંપાદક : **રજની દવે**
સં. મંડળ : **સ્વાતિ • પારુલ**
દર માસની તા. ૧ અને ૧૬મીએ પ્રસિદ્ધ તથા પોસ્ટ થાય છે.
વાર્ષિક લવાજમ રૂ.૨૦૦
આજીવન અનામત રૂ.૨૫૦૦. વિદેશમાં વાર્ષિક લવાજમ (એરમેલ) રૂ.૨૦૦૦
લવાજમની રકમ મનીઓર્ડર, ડ્રાફ્ટ કે એટપારના ચેક દ્વારા અથવા યજ્ઞ પ્રકાશન સમિતિના **બેંક ઓફ બરોડા,** માંડવી, વડોદરાના ખાતા નંબર **૦૧૯૨૦૧૦૦૦૩૦૫૯૧** **IFSC Code : BARB0LAHERI** માં પણ જમા કરાવી શકો છો. ચેક/ડ્રાફ્ટ **'યજ્ઞ પ્રકાશન સમિતિ'**ના નામનો મોકલવો. ખાતામાં પૈસા જમા કરાવ્યા બાદ આપનું નામ-સરનામું તથા પૈસા ભર્યાની સ્લીપ કાર્યાલય ઉપર મોકલવા વિનંતી.



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

'Bhumiputra' Fortnightly Published & Posted at Vadodara RMS on 16-09-2025 R.N.I. No. 1683/57

# સંબંધોની ગૂંથણી

**ઑફિસ**માં કામ કરતાં સુષમાને વિચાર આવ્યો કે, આજે શનિવાર છે. અડધા દિવસની છુટ્ટી છે. અમ્મા ને બાબુજીને મળીને રાત સુધીમાં તો પાછી આવી જઈશ. ઘરે પહોંચી એણે બેલ મારી. અંદરથી પગ ઘસડતું કોઈ આવતું હોય એવું લાગ્યું. બાબુજી જ હશે. હવે એ પગ ઉપાડીને ચાલી નથી શકતા.

''અરે સુષમા, તું વળી ક્યાંથી ટપકી પડી?''

''બાબુજી, મારે તો આમ ઓચિંતા જ આવવું પડે. તો જ મને ખબર પડે કે, બાબુજીએ ત્રણ દિવસથી દાઢી નથી કરી.''

''આવ્યા ભેગી જમાદારની જેમ મારી ઝડતી લેવા માંડી. પહેલાં બેસ તો ખરી! પાણી આપું?''

''કેમ, હું મારી જાતે પાણી નહીં લઈ શકું?''

એ પાણી પીને અને બાબુજી દાઢી કરીને સોફા પર બેઠાં ત્યાં અમ્માના રૂમનો દરવાજો ખૂલવાનો અવાજ આવ્યો. હાથમાં પીરસેલી થાળી લઈને કમરથી ઝૂકી ગયેલાં અમ્મા બહાર આવ્યાં. સુષમાને જોઈને કંઈ બોલવા જાય ત્યાં એણે જ કહ્યું, ''આ શું અમ્મા? આ તે કંઈ જમવાનો સમય છે? અને બાબુજી, તમે જમ્યા કે નહીં?''

''મને તારી માની જેમ આવા કટાણે જમવું ન ફાવે. રોજની માથાકૂટ થતી એટલે અમે રસોડાં જુદાં કરી નાખ્યાં. રસોઈ બનાવતાં તો મને આવડે જ છે એટલે એના રૂમમાં તારી અમ્મા રાંધે ને મારા રૂમમાં હું.''

આઘાત પામીને સુષમા આ બદલાયેલી વ્યવસ્થાની સાક્ષી બની રહી. અમ્મા દબાયેલા અવાજે બોલતાં રહ્યાં, ''હજી તો છોકરી આવીને ઊભી રહી ત્યાં મારી ફરિયાદ કરવાની ચાલુ કરી દીધી. આખી જિંદગી મારામાં તમને કંઈ સારું તો દેખાયું જ નહીં. બસ, બધી વાતમાં મારો વાંક જ કાઢવાનો!''

સુષમા જાણતી હતી કે, પચાસ વર્ષના લગ્નજીવન પછી પણ અમ્મા-બાબુજી વચ્ચે મનમેળ નહોતો, પણ આમ રસોડાં જુદા કરે એવો વિચાર તો એણે કદી કર્યો જ નહોતો. આ વિશે બંને સાથે કંઈક વાત કરવાની શરૂઆત કરે એ પહેલાં બાબુજી એક ટ્રેમાં બે કપ ચા બનાવીને લઈ આવ્યા.

''લે, ચા પી. તારી માએ તો હમણાં જ ભોજન લીધું છે એટલે એ તો સાંજે છ વાગ્યા પહેલાં ચા નહીં પીએ.'' બાબુજી વ્યંગમાં બોલ્યા.

''હું છ વાગ્યે ચા પીઉં કે આઠ વાગ્યે, કોઈએ શા માટે ચિંતા કરવી જોઈએ?''

બંને વચ્ચેની ખેંચતાણથી સુષમાને બહુ અકળામણ થતી હતી. એણે કહ્યું, ''હું સાંજની બસમાં તો પાછી જવાની છું. આપણે થોડી વાર શાંતિથી વાત કરી શકીએ?''

''એમ કરો, તમે મા-દીકરી નિરાંતે વાત કરો. તારી માના મનમાંથી થોડી વરાળ નીકળી જાય. હું જરા બાજુમાં ગુપ્તાજીને મળીને આવું.''

હજી તો બાબુજીની પીઠ ફરી ત્યાં અમ્માએ ચાલુ કર્યું, ''જોયું? કોઈ આગળ તો એવું વર્તન કરે કે બધાને મારી જ ભૂલ દેખાય. એ કેટલા મીંઢા છે એ તો ચોવીસ કલાક સાથે રહેનારને જ ખબર પડે!''

''અમ્મા, હું તમારી દીકરી છું, કોઈ પારકી વ્યક્તિ થોડી છું કે મારી સામે તમારે કે બાબુજીએ સારા દેખાવા માટે પ્રયત્ન કરવો પડે?''

સુષમાને ભલે પહેલેથી બાબુજીનું આકર્ષણ હતું, પણ અત્યારે એ અમ્માજીની નારાજગીને સમજવાનો પ્રયત્ન કરી રહી. 'બાબુજીના પેંશનની બાંધી આવકમાં ઘર ચલાવવામાં બહુ મુશ્કેલી પડતી હશે. હવે શરીરથી અને મનથી થાક્યાં છે એટલે ચીડિયા થઈ ગયાં હશે', ત્યાં તો અમ્માજીએ શરૂ કર્યું, ''મારા પિયરમાં ઘી-દૂધની રેલમછેલ હતી. અહીં આવીને મેં શું સુખ જોયું?''

''અમ્મા, લગ્નનાં આટઆટલાં વર્ષો પછી પણ તમારા પિયરની વાતો કરવાનું તમે છોડ્યું નહીં? જે નથી એને માટે શું કરવા જીવ બાળો છો? હવે તમારી પાસે જે થોડાં વર્ષો બચ્યાં છે એ શાંતિથી પસાર કરોને!''

ધીમે ધીમે પગલાં ભરતાં અમ્મા પોતાના રૂમમાં ગયાં ને એક રકાબીમાં થોડો ચેવડો અને બે પૂરી લઈને બહાર આવ્યાં.

''લે, આવી છે તો થોડો નાસ્તો કરીને જા. ને સાંભળ, હવે સાથે રહેવા માટે અમારી પાસે વધારે સમય નથી એ શું મને નહીં સમજાતું હોય? પણ મૂઓ સ્વભાવ એવો પડી ગયો છે કે, એ સીધા માણસનું મને બધું વાંકું જ દેખાય છે!''

સુષમાએ પર્સમાંથી થોડી ૫૦૦ રુપિયાની નોટો કાઢી અને અમ્માના હાથમાં મૂકતાં બોલી, ''અમ્મા, આ થોડા પૈસા રાખો. એમાંથી તમને જે ઇચ્છા થાય તે લેજો ને બાબુજીને પણ જે જોઈતું હોય તે મંગાવી લેજો.''

અમ્માજીએ પૈસા ફરીથી સુષમાના પર્સમાં મૂકતાં કહ્યું, ''ના રે ભઈ, દીકરીના પૈસા લઈને મારે પાપમાં નથી પડવું ને અમારું ગાડું તો બરાબર ગબડે છે. તું જરાય ચિંતા ન કરીશ, પણ તને તારા બાબુજી વધારે સુકાઈ ગયેલા ન લાગ્યા? એમનો ખોરાક પણ ઓછો થઈ ગયો છે. મારો જીવ બળે છે પણ નકામી બોલવા જાઉં ને એમાંથી કંઈ રામાયણ થાય એના કરતાં ચૂપ જ રહું છું.''

સુષમાથી હવે વધુ સહન નહોતું થતું. એણે કહ્યું, ''હવે હું જાઉં. મને ઘરે પહોંચતાં મોડું થઈ જશે.''

એની સાથે દરવાજા સુધી જઈને અમ્માએ કહ્યું, ''દીકરા, એમને કેરી કેટલી ભાવે છે, પણ આ વખતે આખી સિઝનમાં કેરી નથી લાવી શકાઈ. તું પાછી આવે ત્યારે એમને માટે કેરી લેતી આવજે ને!''

બાબુજી સામે જ મળ્યા.

''બસ, જાય છે બેટા? તારી માએ નિરાંતે મન ખાલી કર્યું ને? હુંય સમજું છું કે, એની ઇચ્છા મુજબનું જીવન હું એને નથી આપી શક્યો. વળી તારી પહેલાંનાં બે સંતાનો મૃત્યુ પામ્યાં એનું દુ:ખ પણ એ ભૂલી નથી શકી. બાકી એ જીભની ભલે કડવી હોય, મનની સાફ છે.'' બસ સ્ટેંડ સુધી પહોંચી બાબુજી સુષમાનો હાથ પકડીને બોલ્યા, ''બેટા, મને ખબર છે, એને ચોખ્ખું ઘી બહુ ભાવે છે. આજ-કાલ એ ડાલડા જ વાપરતી લાગે છે. તને ફાવે તો હવે આવે ત્યારે થોડું ઘી લેતી આવજે ને!''

સુષમાને ગળે ડૂમો ભરાયો. બસમાં બેઠાં બેઠાં એ વિચારી રહી સંબંધના આ તે કેવા આટાપાટા?

(સાંત્વના નિગમની અંગ્રેજી વાર્તાને આધારે) **– આશા વીરેંદ્ર**

ગુજરાત સર્વોદય મંડળની યજ્ઞ પ્રકાશન સમિતિ વતી રજની દવેએ ભૂમિપુત્ર કાર્યાલય, હુજરાતપાગા, વડોદરા ૩૯૦ ૦૦૧થી પ્રકાશિત કર્યું. મુદ્રણસ્થાન : જવનિકા પ્રિન્ટર્સ, વડોદરા-૧૮. પ્રત : ૩૦૦૦
Printed and Published by **Rajani Dave** on behalf of **Yagna Prakashan Samiti**, Published from Bhoomiputra Karyalaya, Hujaratpaga, Vadodara
Printed at Javanika Printers, 3-Laxmi Estate, Bahucharaji Road, Vadodara - 390 018. Editor : **RAJANI DAVE**

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org